
પૂજ્ય પંન્યાસજી મહારાજના


# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥૪૭॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત


**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન


પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

# અસિઆઉસા અંગન્યાસ




અ - નાભિકમલ ઉપર ન્યાસ કરવો.

સિ - મસ્તકની ઉપર ન્યાસ કરવો.

આ - કંઠકમળની ઉપર ન્યાસ કરવો.

ઉ - હૃદયકમળ ઉપર ન્યાસ કરવો.

સા - મુખકમળ ઉપર ન્યાસ કરવો.

શ્રી હેમચંદ્રાચાર્યજીએ યોગશાસ્ત્રમાં
આ અક્ષરોનું ધ્યાન ધરવા કહ્યું છે,
જે સર્વ મનોરથ પૂર્ણ કરે છે.

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥૪૭॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

☐ **HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

☐ **VOLUME - 47**

September 2021
300 Copies / 224 Pages
For Private Circulation only.

☐ **PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

☐ **SPONSOR**

Shri C. K. Mehta
Mumbai

☐ **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

☐ **eBOOKS AVAILABLE AT**

www.bhadrankar.com

www.navkarday.com


Amazon Kindle

☐ **SHRI AARADHNA DHAM JAIN TIRTH**


C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156

☐ **ખાસ વિજ્ઞપ્તિ**

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા
ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ
પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો
પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



## સાક્ષાત મોક્ષ જ
## જાણે હથેળીમાં હોય,
## તેવી અદ્ભૂત અનુભૂતિ



આજે જ પત્ર આવ્યો છે શ્રી નમસ્કાર મહામંત્રના એક અત્યંત આરાધક મહાત્માનો. એમના હૃદયની ધારા અત્યંત ઉચ્ચ ભાવોથી મઢેલી છે: ''હસ્તાક્ષરનું અક્ષયપાત્ર ગ્રંથો વાંચવા શરૂ કર્યા છે. નવકારમંત્ર ઉપર તો પૂજ્ય પંન્યાસજી મહારાજે અદ્ભૂત ખેડાણ કર્યું છે. ચોથો-પાંચમો ભાગ અનુપ્રેક્ષા કિરણ ૧-૨-૩ છે. મેં ગૃહસ્થપણામાં વાંચેલ, ત્યારે તો અધ્યાત્મની તે વાતો સમજાતી ન્હોતી પણ હવે 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'માં વાંચી તો લાગ્યું કે તેમાં ખરેખર અધ્યાત્મ અને નવકારમંત્રના રત્નો જ ભરી દીધા છે. એકેક વાક્ય બહુમૂલ્ય રત્નોથી પણ વધારે કિંમતી જણાઈ રહ્યા છે. નવકાર લેખનને કારણે આ ચોથો-પાંચમો ભાગ વાંચતા જે આનંદ આવ્યો છે, તેનું વર્ણન થઈ શકે તેમ નથી. આધ્યાત્મિક રત્નોનો અખૂટ ખજાનો ભરી દીધો છે. પૂજ્યપાદ્ દાદાગુરૂએ - આપશ્રી બંનેએ આ સર્વ ડાયરીઓને છપાવીને જગત ઉપર, સંઘ ઉપર અનહદ ઉપકાર કર્યો છે. તેમાં નિમિત્ત પૂજ્ય આચાર્ય મનમોહનસૂરિજી મહારાજ સાહેબ બન્યા તેમની, સુશ્રાવક સી. કે. મહેતાની અને સુશ્રાવિકા ભારતીબેનની અનુમોદના તો કયા શબ્દોમાં કરવી, એ જ આજે તો નથી સમજાતું!

અનુમોદના... અનુમોદના... અનુમોદના.

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં વાક્યોનો જીવનમાં શક્ય તેટલો અમલ થાય, તો એમ લાગે કે જાણે સાક્ષાત્ મોક્ષ જ હથેલીમાં આવી ગયો છે. એટલો ટૂંકામાં ટૂંકો મોક્ષમાર્ગ બતાવીને તો કમાલ... કમાલ... કમાલ કરી છે પંન્યાસજી ભગવંતે!''

ખરેખર પૂજ્યશ્રીએ એકબાજુ પોતાના ઉપરાંત જૂદા જૂદા દર્શનનાં સાહિત્યકારોનાં ચિંતનો પોતાની રોજનીશીમાં નોંધી લીધા છે, તો બીજીબાજુ નાના મહાત્માઓ કે

અન્ય આરાધકોએ પોતાની ઉચ્ચ આરાધનાઓના અનુભવો કે થયેલી અનુભૂતિઓ જણાવી હોય, તો તે પણ તેમની રોજનીશીમાં દિવસ, તિથિ, તારીખ અને જે ગામ હોય, તે સ્વહસ્તાક્ષરમાં લખીને તેની નકલ ઉતારી લીધી છે.

આ બધું રોજનીશીઓમાં જોતાં અમને તો એ જ આશ્ચર્ય થાય છે કે અધ્યાત્મયોગમાં અતિ ઊંચાઈએ પહોંચેલા પૂજ્યપાદશ્રી પણ કેવા સામાન્ય કૉપી લખનાર વ્યક્તિની જેમ રોજનીશીમાં તેની નોંધ કરી લેતા. બસ, આ વાંચતા-વિચારતાં દિવસે દિવસે હૃદય વધુ ને વધુ ભાવુકતાને ધારણ કરી રહ્યું છે તથા એવા તો અહોભાવથી તે છલકાઈ રહે છે કે સાહેબે ખરેખર શું નથી લખ્યું? અનહદ ઉપકાર કર્યો છે!

સાહેબે વિવિધ વિષયોને આવરી લેતી ૨૨૪ રોજનીશીઓ લખી પણ તે જો સચવાઈ ન હોત તો? તે સચવાઈ હોત પણ પ્રકાશિત ન થઈ હોત તો? એટલે પ્રકાશિત કરવામાં આર્થિક ભાવોથી નિમિત્ત બનનારા પરમ ગુરૂભકત **સી.કે.મહેતા**ની ઉદારતા માટે અહોભાવ-અનુમોદનાનાં શબ્દો જવલ્લે જ મળી શકે અને અમારા રાજકોટના સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**એ જો આ ભગીરથ કાર્યને હાથમાં જ ન લીધું હોત તો... આ પરિણામ શક્ય બનત ખરૂં?

કોરોનાનાં કારમા કાળે ભારતના ચારે દિશાના સંઘોમાં સ્થિત પ્રત્યેક સમુદાય-સંપ્રદાયના શ્રમણો-શ્રમણીજી ભગવંતો તરફથી એક જ વાત આવી રહી હતી કેઃ 'પૂજ્ય પંન્યાસજી મહારાજના હસ્તાક્ષરમાં લિખિત આ અભૂતપૂર્વ રોજનીશીઓનું દોહન કરવા માટે જ જાણે કુદરતે એક પરમ આંતરઅનુષ્ઠાનનો ઉપહાર આપ્યો. ચાતુર્માસ એ સાચ્ચે જ અંતર્યાત્રા કરવાનો મોકો હોય, તેવું હવે પ્રતીત થાય છે!'

ખરી વાત છે, પ્રકાશનની આ બાહ્ય તથા આંતર્યાત્રા અર્થે પ્રભુનો અનુગ્રહ જ કામ કરી ગયો છે, કરી રહ્યો છે અને કરશે... કે જેથી જૂઓ, સળંગ ૪૭મા ભાગ સુધી આ ગ્રંથયાત્રા પહોંચી ગઈ છે અને એકધારી આગળ પણ વધી રહી છે. અસ્તુ.

સપ્ટેમ્બર, ૨૦૨૧

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.












ધવલવસન હિમશિખર જિમ, ચંદ્રવદન સિંગાર ।
જ્યોત્સ્ના નિરખત નયન, સામોદર અનુહાર ॥

## મારા આજના સંવેદનો

ઇરિયાવહી સૂત્રના નિયમિત જાપથી
શુદ્ધ આત્મદ્રવ્યનું અસ્તિત્વ અને કોઇપણ પ્રસંગો
નિશ્ચલ મન - બુદ્ધિ - વચનનો યોગ સાધનાર થાય છે,
ક્રોધ તદ્દન શમી જાય છે અને સર્વ જીવો પ્રત્યેનો
અલૌકિક આત્મૌપમ્યભાવ સ્થિર રહે છે.
ધ્યાનમાં જાપ અતિ અલ્પ સમયમાં થાય છે અને શરીરના
કોઇપણ ઇચ્છિત સ્થાને જાપનું સ્પંદન થઇ શકે છે.

This may be called the
healing technique through prayers.

'નમિઊણ પાસ વિસહર' મંત્રનો જાપ
અત્યંત વિદ્યુતકારી વેગથી કરતાં કરતાં
વિસ્મયકારક વિશુદ્ધિ - purification અનુભવાય છે.
આરાધનાના કોઇ વિશિષ્ટ ફળની અભિલાષા ન
રહેતાં 'આરાધના એ જ પ્રભુ છે' એવો ભાવ દૃઢ
થતો જાય છે. 'આરાધના સિવાયની બધી જ ક્રિયા એ
આત્મા ઉપર થતો જુલમ છે' તેવું વેદન રહ્યાં કરે છે.
એવું થાય છે કે:

I don't belong to my present world
& cannot remain with it any longer.

## જાપની સમજાવણી તથા અનુભૂતિ

સવારે ૩ વાગે ઉઠી કુંભક કમલબંધ નવકારની ૯ માળા. શ્વાસ લેતી વખતે ૐ તથા બહાર નીકળે ત્યારે હ્રીં, પછી બાહ્યકુંભક કરીને જેટલો વખત રહી શકે, તેટલો વખત લગી 'નમો અરિહંતાણં'ના માનસિક જાપ સાથે લક્ષ્ય-દૃશ્ય રાખવું કે: અરિહંત સમવસરણમાં સ્થિત છે. શ્વાસ અંદર જાય, ત્યારે અંદર કુંભકમાં થાય તેટલો ૐકારનો જાપ કરવો. એ રીતે સિદ્ધચક્રના બહુયુક્ત નવે પદનું ધ્યાન સવારે ૩ થી ૫ પર્યંત નિત્ય કરવું. સવારે ૭ થી ૧૦ નવપદયુક્ત સિદ્ધચક્રની ૨૯ માળા, બપોરે સ્વાધ્યાય, ધ્યાન, આસન, પ્રાણાયામાદિ સ્ફૂર્તિદાયક છે. એમાં સહાય કરે - પૂરક બને, તેવું જ વાંચન કરવું. નાદનું શ્રવણ, ભ્રૂમધ્યમાં અલૌકિક તેજપુંજના દર્શન, રોમરાજીની વિકસ્વરતા, અદ્‌ભુત વસ્તુ પ્રાપ્ત કર્યાનો સંતોષ, કૂપકંઠે મીઠો સ્વાદ, કુંભક સમયે નાભિકંદની નીચે ધુકધુકનો સ્વર, ત્યાં જ્યોતિનો ભાસાદિ ચિહ્નો છે. આ સિદ્ધચક્ર જેવું બીજું સાધન નથી. એથી ઘાતિયા કર્મોનો પણ ક્ષય થઈ જાય છે. અનંતશક્તિમાન ચેતનનું પોતાનું સ્વરૂપ એથી પ્રગટ થાય છે. - Aglod, આસો સુદ ૯

Imp શુદ્ધ આત્માનું સ્મરણ તે મોક્ષવૃક્ષનું બીજ,
સંસારસમુદ્ર તરવાની નાવ અને સર્વોત્તમ તીર્થ છે.
શુદ્ધ આત્માના સ્મરણથી તત્કાળ કર્મક્ષય થાય છે.
સર્વને આત્મસ્વરૂપ માની મદદ કરવી તે ભક્તિ છે.
કુસંગ આત્મભાન ભૂલાવે, સત્સંગ આત્મજાગૃતિ કરાવે.
જ્ઞાનસ્વરૂપ આત્માનું આરાધન કરીને જ યોગીપુરુષો
સર્વ સંપત્તિને પામ્યા છે, પામે છે અને પામશે.

જે રીતે પર્વતોમાં મેરૂ, વૃક્ષોમાં કલ્પવૃક્ષ,
ધાતુઓમાં સુવર્ણ, રત્નોમાં ચિંતામણિ તેમ સર્વ
પ્રકારના ચિન્તનમાં શુદ્ધ આત્માનું ચિન્તન સર્વોત્તમ છે.
એકાગ્રતા એ પ્રયત્નનું નહીં પણ શાંતિનું પરિણામ છે.

સંયમ પણ આકુળતા ધરવાથી સધાતો નથી,
સંયમ માટે પણ શાંતિ અગત્યની છે. ચૈતન્ય પ્રત્યેની
નિષ્ઠા, ભક્તિ, પ્રેમ વડે જ ચૈતન્યશક્તિને કેમ સાધવી,
તે આપોઆપ સમજાય છે. અંતઃકરણ નિર્મળ અને
નિર્વિકાર રહેવામાં સર્વ વિદ્વત્તાનો સમાવેશ થાય છે.
પ્રતિકૂળ સંયોગોમાં પણ વાયુ વિનાના સ્થાનમાં બળતાં
દીપકની શિખા જેવી વૃત્તિની નિશ્ચળ પ્રકાશમય સ્થિતિ
રાખીને રહેવાનું આવડવું, એ જ ખરી વિદ્વત્તા છે.

ઇચ્છાને મારવાની નહિ, કેળવવાની છે. ઇચ્છાને મારવાનો પ્રયત્ન સફળ થતો નહિ, કેમકે ઇચ્છા ચૈતન્યમય છે. ઉન્નતિના અગ્નિરથને મહાવેગથી ચલાવનાર ઇચ્છા એ વરાળ છે. ઇચ્છાના વેગના પ્રમાણમાં જ ઉન્નતિ થાય છે. તીવ્ર ઇચ્છાવાળા જ ઉન્નતિના શિખરે સ્થપાય છે. જે કાળ તત્વચિંતન કરે, તે કાળ દોષચિંતન ન કરે. દોષો ટાળવા - ક્વચિત્ દોષો જોવા એ ઠીક છે, પરંતુ વારંવાર દોષમાં નિમગ્ન રહેવું એ દુર્બળતાનું ચિહ્ન છે.

પૂર્ણ શ્રદ્ધા રાખી આત્મસ્વરૂપ પ્રતિ
પ્રેમને વધારતા જશો, તો અલ્પ સમયમાં જ
સિદ્ધિનાં શિખરો સર કરવાનો આનંદ અનુભવશો.

## નવકાર ઉપર ઉત્સર્ગ - અપવાદ

સર્વમાન્ય પ્રચલિત ધર્મના અનુષ્ઠાનો એ
તેના આચાર અને ક્રિયા છે.

આ નવકાર મહાશ્રુતસ્કંધના સ્મરણ - ધ્યાનપૂર્વક આરાધનાનો ઉપદેશ એ ઉત્કૃષ્ટ મોક્ષમાર્ગનો ઉપદેશ છે.

તેના સ્મરણમાત્રથી મોક્ષ મળી શકે છે.
'નમો અરિહંતાણં'થી પણ મોક્ષ મળી શકે છે.
આ ઉત્સર્ગ માર્ગ છે.

# 'નમો' દ્વારા મોક્ષદાયકતા કઈ રીતે ?

દ્રવ્યાનુયોગ દૃષ્ટિથી શ્રી અરિહંત પ્રભુ
એક વિશુદ્ધ આત્મદ્રવ્યરૂપ પદાર્થ છે અને
ચરણાનુયોગ દૃષ્ટિથી તેમને નમસ્કાર કરવો,
એ આત્મહિતકરનું (મોક્ષસાધક) સાધન બની રહે છે, માટે
તે દૃષ્ટિથી 'નમો' દ્વારા મોક્ષદાયકતા - સાધનતા ઘટે છે.
'નમો' દ્વારા ચરણાનુયોગથી અચિન્ત્ય શક્તિયુક્ત શ્રી
અરિહંત પદાર્થનો આત્મકલ્યાણમાં ઉપયોગ કરાય છે.
'નમો'માં સાધકને મોક્ષ આપવાની અદ્ભુત તાકાત છે.
'નમો'નો ઉપયોગ કરે તો જ સાધક - આરાધક બની શકે.

સાધકને 'નમો'ના ઉપયોગપૂર્વક
શ્રી અરિહંત ભગવંત આરાધ્ય સ્થાને રહે છે, અન્યથા
દ્રવ્યાનુયોગની દૃષ્ટિથી તે જગતની એક વસ્તુ રહે છે.

'નમો અરિહંતાણં' એ
ઉત્કૃષ્ટ આરાધનાનાં સાધનરૂપ બની રહે છે.
આરાધનામાં આરાધક - આરાધ્ય બંનેની અપેક્ષા છે.
આરાધના એ કારણ છે, એનું કાર્ય મોક્ષ છે.
મોક્ષરૂપી કાર્યને સિદ્ધ કરવામાં આરાધક અને આરાધ્ય
- એ આરાધના દ્વારા સહાયક થાય છે.

આરાધના એમ મોક્ષનું કારણ છે, તેમ
આરાધનાને જો કાર્ય ગણીએ, તો તેના કારણસામગ્રીમાં
આરાધ્ય અને આરાધકનો સમાવેશ થાય છે.
આરાધનાના એક સાધન તરીકે શ્રી નમસ્કાર મહામંત્ર છે.
અહીં ઘણા ભવ્યાત્માઓ એવા છે કે
એક જ નમસ્કાર તેમને સંસારસાગરથી પાર કરી દે,
પરંતુ બધાની તથાભવ્યતા તેવી હોતી નથી,
તેથી 'નમો'નો સમ્યગ્ વ્યાયામ કરવા માટે
કરેમિભંતે સૂત્ર છે, જેનો અર્થવિસ્તાર દ્વાદશાંગીરૂપ છે.
'નમો અરિહંતાણં।' આદર્શરૂપ છે, જેને
પ્રાપ્ત કરવાનું વ્યવહારુ સાધન 'કરેમિ ભંતે' સૂત્ર છે.
નમસ્કાર કરવાની વિધિ છ આવશ્યકરૂપ છે:
સાવદ્યયોગના - ત્યાગના પચ્ચક્ખાણથી, ચતુર્વિંશતિ સ્તવો,
ગુરુવંદનો, નિંદા - ગર્હા તથા વિવિધ પ્રકારે મિચ્છામિ
દુક્કડં રૂપી પ્રતિક્રમણો આદિ છ આવશ્યક સાધન છે.
સામાયિકનું ઉત્કૃષ્ટ રૂપ કાયોત્સર્ગ છે,
મન - વચન - કાયાના વ્યાપારોનો વ્યુત્સર્ગ છે.
તે ઉત્સર્ગ આરાધનાનું સાધન શ્રી નવકાર મહામંત્ર
અને અપવાદ નિયમરૂપ ષડાવશ્યકાદિક્રિયાઓ આદિ છે.

તેમાં પૂજા, યાત્રા, વંદન, પ્રતિક્રમણાદિ, કાયોત્સર્ગના
આસન - મુદ્રા વગેરે અનુષ્ઠાનો છે,
જેનું વર્ણન આગમોમાં લખ્યું છે.

'નમો'ને સિદ્ધ કરવાના વ્યાવહારિક સાધનરૂપ ષડાવશ્યકનાં સૌ અનુષ્ઠાનો ધર્મરાજાના સામ્રાજ્યના સુભટોરૂપે બધે ફેલાયેલા છે. તે મોહરાજાના સામ્રાજ્યને ઉઠાવવાનું તે તે રૂપે કાર્ય બજાવતા રહે છે.

'કરેમિ ભંતે' મારફત ધર્મસામ્રાજ્ય ફેલાયેલ છે.
એક દૃષ્ટિએ 'નવકાર' અને 'સામાયિક' બંને અભિન્ન છે
અથવા 'નમો'નો વિસ્તાર 'કરેમિ ભંતે' છે.
'નમો' માત્રથી બધા જીવો મોક્ષ નથી પામી શકતા, તેથી
તે જીવોની ભૂમિકા મુજબ તેમની શક્તિને
વિકસાવવાના સાધન તરીકે 'કરેમિ ભંતે'નો ઉપયોગ છે.

એ રીતે 'ઉત્સર્ગ નમસ્કાર - સ્મરણ' અને
'અપવાદ નમસ્કાર - સ્મરણ' એમ બે ભેદ પડે છે.
અનુષ્ઠાનો શિક્ષણના કાળમાં સ્તવપરિજ્ઞા, જ્ઞાનપરિજ્ઞા
આદિ શ્રુતિનો સ્વાધ્યાય કરવાનો મુખ્ય આદેશ છે.
તે અપેક્ષાએ નવકારનું સ્મરણ, જાપ, ધ્યાન વગેરે
ઉત્સર્ગ કોટિમાં સમાય પણ અપવાદ કોટિમાં આવે.

એ રીતે ઉત્સર્ગ - અપવાદનો વિવેક કરવામાં ન આવે,
તો અન્યથા યોજનરૂપ આશાતનાનો દોષ લાગે.
શ્રી નવકાર મંત્રનો મહિમા અતિશય નહિ, પરંતુ તેનું
ફળ પ્રાપ્ત કરવા તેની યથાસ્થાન યોજના થવી જોઈએ.
૧૨ વ્રત, પાંચ અણુવ્રત, શ્રાવક - સાધુની પ્રતિમાઓ,
પાંચ પ્રકારના આચારો,
દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ અનુસાર વિવિધ અનુષ્ઠાનો
નવકાર મહામંત્રની સાધનાને પૂર્ણ કરવાનાં સાધનો છે.
શેષ અનુષ્ઠાનો વિના સાચી રીતે શ્રી નવકાર મંત્રનું
યથાયોગ્ય સાધન કરવાની શક્તિ પ્રાપ્ત થઈ શકતી નથી.
દરેક ધર્મોને ટકવાનો આધાર અનુષ્ઠાનો છે.
વિવિધ પ્રકારના અનુષ્ઠાનો અને તેની આરાધના -
એ સર્વ ધર્મને ટકાવવા માટે સ્તંભરૂપ છે.
શ્રી તીર્થંકર પ્રભુના મહાસામાયિકના નમૂનારૂપે વ્યાપક
રીતે સૌ સામાયિક કરે, ષડાવશ્યક - પંચાચારનું પાલન કરે,
તેની મહત્તા સમજે, વરઘોડા, સામાયિક, નવકારશી, યાત્રા
સંઘ, પૌષધ, પ્રતિક્રમણ, પૂજા, ભક્તિ, મહાપૂજા વગેરે કરે,
તેનાં યોગ્ય સ્થાને તે થતાં રહે, તે પણ અપવાદ નમસ્કાર
રૂપ અને ઉત્સર્ગ નમસ્કારને પામવાનાં સાધનરૂપ જ છે.

તે સ્વપને જડ કે શુષ્કક્રિયા કહીને નિંદવા લાયક નથી.
તેનાથી જ સંઘ, શાસન, શાસ્ત્ર, ધર્મ વગેરે ટકે છે.
જૈનશાસનમાં ધ્યાનનું મુખ્ય ફળ આત્મપ્રદેશોની સ્થિરતા છે
તથા આત્મપ્રદેશોની સ્થિરતામાં વૃદ્ધિ થવી, તે જ છે.
છેલ્લે સર્વ વ્યુત્સર્ગ થતાં શૈલેશીકરણ થાય છે.
ચિત્તવૃત્તિનિરોધને બદલે આત્મપ્રદેશ કંપનનો સર્વથા,
નિરોધ તે સાધ્ય છે. ધ્યાન પણ સામાયિકનાં અંગરૂપ છે.
આત્મપ્રદેશોની ચંચળતા અટકવી અને સ્થિરતા વધવી,
તે જ જિનશાસનની દૃષ્ટિએ આરાધનાઓનું ધ્યેય છે.
ઉત્સર્ગ નિયમો કરતાં અપવાદ નિયમો બળવાન હોય છે.
નિશ્ચય કરતાં વ્યવહારનું સ્થાન પ્રધાન સૂચવ્યું છે,
તે સહેતુક છે. આધુનિક પ્રાચીન કે અધ્યાત્મપરિષદી
સાધના પદ્ધતિઓમાં તે ધ્યેય સચવાતું નથી. ધાર્મિક
અનુષ્ઠાનો પ્રત્યેની નિષ્ઠાને જરાપણ આંચ ન આવે
અને તે નિષ્ઠા વધુ દૃઢ બને, તો જ
ઉત્સર્ગ નવકારની સિદ્ધિનો માર્ગ સરળ બને છે.
મહેશ યોગી, રમણ મહર્ષિ, અરવિંદ આશ્રમ અને
રામકૃષ્ણ-વિવેકાનંદાદિના મિશનો એ ધર્મસંપ્રદાયો દ્વારા
સચવાઈ રહેલા અનુષ્ઠાનનિષ્ઠાને હાનિ પહોંચાડે છે,
તેથી સાવધ રહેવા જેવું છે.

પોતપોતાના ધર્મોને ટકાવવા હોય તો ચાલતા આવેલા અનુષ્ઠાનોને ટકાવી રાખવા, એ જ અગત્યનો મંત્ર છે, જેથી એકાંત નિશ્ચયવાદી થઈ ન જવાય અને કેવળ ચિત્તનિરોધરૂપ ધ્યાનની પ્રક્રિયાને માર્ગે ચઢી ન જવાય. કાયાને સ્થિર કરવાથી, મૌનને કેળવવાથી, ચિત્તવૃત્તિને એકાગ્ર કરવાથી અને ત્રણે યોગોનો નિરોધ કરવા વડે કાયોત્સર્ગરૂપ વાસ્તવિક ધ્યાન સાધી શકાય છે.

દસ પ્રકારના ધર્મધ્યાન ૐ મહેસાણા, તા. ૧૯-૫-૭૧

(૧) અપાયવિચય (૬) હેતુવિચય
(૨) ઉપાયવિચય (૭) ભવવિચય
(૩) વિપાકવિચય (૮) સંસ્થાનવિચય
(૪) વિરાગવિચય (૯) જીવવિચય
(૫) આજ્ઞાવિચય (૧૦) અજીવવિચય.

૧ - ૨ = આજ્ઞા - હેતુવિચય (૧)
૩ - ૪ = અપાય - ઉપાયવિચય (૨)
૫ - ૬ = વિપાક - વિરાગવિચય (૩)
૭ - ૮ = સંસ્થાન - ભવવિચય (૪)
૯ - ૧૦ = જીવ - અજીવવિચય. (૫)

જીવાજીવ - આજ્ઞાહેતુ - અપાયઉપાય - વિપાકવિરાગ, સંસ્થાન - ભવવિચય.

પંચ પરમેષ્ઠિનું મહત્ત્વ દર્શન, જ્ઞાન, ચારિત્રાદિ ગુણોને કારણે અને દર્શન, જ્ઞાન, ચારિત્રાદિ ગુણોનું મહત્ત્વ પંચ પરમેષ્ઠિના કારણે છે. સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય અને સાયુજ્ય એ ચાર પ્રકારની મુક્તિ અનુક્રમે સ્થાપના, નામ, દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપે જિનેશ્વર ભગવંતની ઉપાસના વડે તત્ક્ષણ પ્રાપ્ત કરી શકાય છે.

3 કરણ - 3 યોગ વડે જીવનું પરમેષ્ઠિમાં સમર્પણ તે વ્યવહારિક દ્રવ્ય - ભાવસંકોચ અને પરમેષ્ઠિનું જીવમાં ગ્રહણ તે નૈશ્ચયિક દ્રવ્ય - ભાવસંકોચ છે. પરમેષ્ઠિઓના પરમ વિશુદ્ધ આત્મતત્ત્વમાં જીવાત્માનું પરિણમન ત્રણ કરણ અને ત્રણ યોગથી થાય છે.

નિજ આત્મામાં પરમ પરમેષ્ઠિઓનું દ્રવ્ય - ભાવથી

સમ્યગ્ પરિણમન અભેદપ્રણિધાનથી થાય છે.

પ્રથમ સંભેદ છે, પછી અભેદ સધાય છે.

૦ ધ્યાનરંધ્રમાં પ્રવેશ અને તેમાં સ્થિરતા મેળવવા નિશ્ચયપ્રધાન સાધનાની જરૂર છે. આત્મા સર્વ પર-ભાવોથી ભિન્ન છે અને ગુણોથી અભિન્ન છે. શુદ્ધનયથી આત્માને અબદ્ધ - સ્પૃષ્ટ વગેરે વિશેષણોયુક્ત ભાવવાથી સહજ શુદ્ધસ્વરૂપમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે.

## પરાભક્તિના લહેરણે

પ્રથમ સ્વામી - સેવકભાવની ભક્તિ પરિપક્વ બન્યા પછી શુદ્ધનયની ભાવનાથી પરાભક્તિ સુસાધ્ય બને છે. શુદ્ધનયની વિચારણા વિના આત્માનું શુદ્ધ સ્વરૂપ લક્ષ્યમાં આવી શકતું નથી, તો પછી તેનો અનુભવ તો કેમ રીતે થઈ શકે ? લોગસ્સ સૂત્રમાં

ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા ।
સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥૭॥

એ ગાથા દ્વારા નિર્મળ, પરમ તેજસ્વી - શાન્ત એવા આત્મતત્ત્વનું ધ્યાન વારંવાર કરવાનું વિધાન રહેલું છે. પ્રભુદર્શન વખતે 'અમીયભરી' મૂર્તિને નિરખતાં તૃપ્તિ જ થતી નથી, વારંવાર જોયા જ કરીએ તથા નાછૂટકે નયનોને સમજાવી પાછળના પગે ખસી જવું પડે છે. અલ્પકાળમાં વિસ્મયરહિત અવસ્થા, ધ્યાનાત્મક અનાહત નાદના શ્રવણપૂર્વક કોઈ અપૂર્વ આનંદરસનો સ્વાદ અનુભવાય છે. અગમ - અગોચર તત્ત્વની અનુભૂતિપૂર્વક અચિત દૂરપ્રાપ્તિની આશા બંધાય છે તથા શાસ્ત્રમાં નિર્દિષ્ટ ઉન્મની ભાવ - અમનસ્કતા આદિ અવસ્થાઓનું સ્પષ્ટીકરણ થતું જાય છે.

- પો૦ વદ ૩, અમદાવાદ

Pindwada, Dt. 22/5/71

પ્રત્યેક સાધકની ફરજ છે કે

બાહ્યવિષયોનો ત્યાગ કરી સાધનામાં રચ્યાંપચ્યાં રહે. પ્રભુ તરફ પોતાની જાતને ખુલ્લી રાખી ખરા ભાવથી પ્રભુને પોકાર કરે: Let we be Thy perfect & faithful docile (આજ્ઞાંકિત) instrument. સાચો સાધક અત્યારના વખતનો લાભ લેવા ધારે તો વધુ લાભ લઈ શકે તેમ છે. હવે પછીના જે વર્ષ અંદર ઉતરી જવાથી સાચા સાધકને ઘણો ફાયદો થશે. Wideness, delight, loveનું અવતરણ થવા દો.

અત્યારે એ સમય આવ્યો છે કે

એક ગણું દાન અને ક્રોડો ગણું કુદરત.

હજાર વર્ષની સાધનાથી જે ન મળે, મળી શકે નહીં, તે અત્યારે ખરા દિલની સાધના, એક દિવસની સાધનાથી મળે તેમ છે, એટલે જ પ્રત્યેક સાધકની ફરજ છે કે બાહ્યવિષયોનો ત્યાગ કરીને સાધનામાં રચ્યાંપચ્યાં રહે.

°

*I relax in mind and body.*
*I feel the peace of god.*
*I rest in His loving presence.*

|| Om Arham Namah ||

હંસ = જ્ઞાની, વિવેકદૃષ્ટિવાળા પુરુષો.

પ્રભુને મનની સાથે સીધો સંબંધ છે.

'પ્રભુ-મનની એકતા થતાં પરમનું ધ્યાન લાગી જાય છે'

આ જ્ઞાનદૃષ્ટિ તમે ક્ષણભંગુર કાયામાં રહેલા અવિનાશી તત્ત્વને ઓળખી લો. સહજ અવસ્થાના ઘરમાં કે આત્મસ્થિતિમાં કાયમ પર રહી શકાય છે. જે કોઈ પ્રેમી સાધક બાહ્ય દૃશ્યજગતમાંથી વિરતિ અને આંતરિક આત્મસ્વરૂપમાં સુરતિ-તન્મયતા સાધે છે, તેનું અજ્ઞાન નાશ પામે છે, પરબ્રહ્મપ્રકાશ પ્રકટ થાય છે.

Lover transformed in loved and Love's journey is done. પ્રેમી પ્રિયતમના સ્વરૂપમાં ભળી ગયો અને પ્રેમની યાત્રા પૂરી થઈ.

કરોડો મનુષ્યો મરી જાય છે,
મહાપુરુષ પણ એનાથી બચતાં નથી.

રસ્તુ પછી બચે છે કેવળ ભગવાન અને આ જગત. જાણજો તો સમુદ્રની લહેરોની જેમ આવશો ઉછળી અને જઈશો ઉછળી, એ બધા સાગરની લહેરો જ છે. કોણે કેટલું કામ કર્યું, એનો હિસાબ લગાવવો વ્યર્થ છે.

આધ્યાત્મિક જીવન સરળ પ્રવૃત્તિ ઓછી કરી નાંખવા
એમ નહિ, બલ્કે વૃત્તિ ઓછી કરવી. કામ, ક્રોધ તથા
લોભ જેવી વૃત્તિઓ જાગતી રહે છે, તેને ઓછી કરવા.
પહેલાં અસત્ વૃત્તિઓ કાઢવા અને સત્ રાખવા.
પછી સત્ વૃત્તિઓ પણ કાઢી નાંખવા. અભ્યાસ વધતાં
સત્ વૃત્તિઓ એની મેળે આવવા લાગે છે. સ્વરૂપ સતત
પ્રકાશ આપે છે, માટે જ એનો એને અહંકાર નથી.
સાતત્યથી અહંકાર ભય છે. ભય અનેક પ્રકારે હોય:
ધનહાનિનો, માનહાનિનો, સ્વાસ્થ્યહાનિનો ભય વગેરે.
આમ માણસને જેટલી વાસનાઓ હોય, તેટલો ડર છે.
'આ વાસનાઓ ઉપર કાંઈક આક્રમણ થશે તો?'
એવા ભયમાંથી મુક્ત થવા આત્મદર્શન કરવું જોઈએ
અને મૃત્યુ વિશે નિશ્ચિંત રહેવું જોઈએ.
પ્રારબ્ધક્ષયથી મૃત્યુ થાય છે. પ્રારબ્ધનો ક્ષય થયો હશે,
તો માણસ એમ બેઠો બેઠો મરી જશે, કિન્તુ
જો પ્રારબ્ધનો ક્ષય નહીં થયો હોય તો કે બિમાર હશે,
તો યે પંદર - પંદર, વીસ - વીસ વર્ષ લગી પણ જીવશે.
'મૃત્યુથી ન ડરવું - મૃત્યુ તો છોડાવનારી ચીજ છે'
આ વિચારથી આનંદ આવશે.

સૂક્ષ્મ વિષય અથવા આવા બ્રહ્મચર્યનો શો અર્થ?

પ્રાણ - બુદ્ધિ તે જ્યોતિ છે.

દીપકમાં જ્યોતિ રહેલ છે, તે તેલથી બળે છે.
તેલ ખતમ થઈ જશે તો જ્યોતિ બુઝાઈ જશે.
પ્રાણ જ્યોતિના સ્થાને છે તથા વીર્ય તેલના સ્થાને છે.
જો વીર્યહાનિ થતી ગઈ તો પ્રાણ ખતમ થઈ જશે.
પ્રાણની આવશ્યકતા સમજશો, તે વીર્યહાનિ થવા નહિ દે.
વીર્યહાનિ = પ્રાણહાનિ. પ્રાણ માટે વીર્ય ઉપયોગી છે.
ચાહે આધ્યાત્મિક કરો, ચાહે વૈજ્ઞાનિક કરો પણ
બધા મહાનુભાવ સંશોધકો માટે પ્રાણ આવશ્યક છે.
જેમને ભગવદ્દર્શનની ધૂન છે, તેઓ
વીર્યહાનિ કરતા રહેશે તો શી રીતે ભગવદ્દર્શન થશે?
માટે વીર્યહાનિ ન થવા દેવી - એ જરૂરી છે.

°

Justice delayed is justice denied.
To define God is to deny God.
God's love provides the best for us.
So always Praise God!
Today is the first day of the
rest of my life.

धर्मस्यादिपदं दानं दानं दारिद्र्यनाशनम् ।
जनप्रियकरं दानं दानं कीर्त्यादिवर्धनम् ॥

સૂક્તિ: દરિદ્રતાનો નાશ કરનાર, લોકપ્રિય બનાવનાર, કીર્તિને વધારનાર એવું ધર્મનું પહેલું ચરણ 'દાન' છે.

ધર્મમાં ઉદારતા મુખ્ય છે, અર્થમાં દાક્ષિણ્યતા મુખ્ય છે, કામમાં પાપજુગુપ્સા તથા મોક્ષમાં નિર્મળ બોધ મુખ્ય છે.

ચારે પુરુષાર્થ વડે જનપ્રિયતા કેળવાય છે.

ધર્મનું મૂળ મૈત્ર્યાદિ છે, ધર્મનું ફળ ક્ષાન્ત્યાદિ છે.

ધર્મનું સ્વરૂપ પરોપકારાદિ છે.

ભાવધર્મમાં સન્માનનું દાન, શીલધર્મમાં સમયનું દાન, તપધર્મમાં મન અને શરીરનું દાન છે તથા દાનધર્મમાં વિત્તાદિનો સત્પાત્રમાં વિનિયોગ છે.

o શ્રુતસાગરનો પાર પામવાનું પ્રધાન સાધન દેવ-ગુરુને પ્રણામ છે, તેથી તે મહાશ્રુતસ્કંધ છે.

શ્રુતસ્કંધ સ્વરૂપદર્શક છે, મહાશ્રુતસ્કંધ સંબંધદર્શક છે.

વેદના મહાવાક્યો મહાશ્રુતસ્કંધના સ્થાને છે, અવાન્તર વાક્યો શ્રુતસ્કંધનાં સ્થાને છે.

મહાવાક્યો આત્મા-પરમાત્માનો સંબંધ બતાવે છે, અવાન્તર વાક્યો આત્મા-પરમાત્માનું સ્વરૂપ બતાવે છે.

દયાની લાગણી દ્વારા જીવાદિ તત્ત્વોનો બોધ
આત્મસમદર્શિત્વ લક્ષણને વિકસાવે છે, જે પરપીડા-
વર્જનાદિ રૂપ આત્મસમવર્તિત્વ ગુણને વિકસાવે છે.

બધા જ્ઞાનની પરિસમાપ્તિ
સંબંધનું જ્ઞાન અને એ જ્ઞાન મુજબ વર્તન કરાવવામાં છે.

નમસ્કાર એ મહાશ્રુતસ્કંધ એ કારણે છે કે તે
વિશ્વવર્તી સર્વ શ્રેષ્ઠ આત્માઓ સાથે ઉચિત સંબંધ
કરાવી, સર્વ આસ્રવોના નિરોધ - સર્વ સંવરની પ્રાપ્તિ
કરાવે છે. સર્વ પાપનું અપહરણ, સર્વ કુશળોનું સંપાદન
અને સ્વચિત્તનું દમન - એ ત્રણે કાર્યો
આત્મજ્ઞાનનાં સહકારિ બની સર્વ સંવર સુધી પહોંચાડે છે.

ધર્મના બધા જ પ્રકારનો સંગ્રહ
યોગનિરોધ અવસ્થામાં આવી જાય છે.

કરુણાનો સાર નમસ્કાર છે.

જ્ઞાનાદિ ત્રણ, દાનાદિ ચાર, પંચાચાર કે ક્ષમા વગેરે
દશ ધર્મનો સાર કરુણા છે.

કરુણામાં જીવાદિ તત્ત્વોના સંબંધનો સ્વીકાર છે.

કરુણાવંત પંચ પરમેષ્ઠિ ભગવંતો
આપણા પરમ કલ્યાણમિત્રના સ્થાને છે.

શ્રી નમસ્કાર મહામંત્રના
પ્રથમપદમાં ભગવત્સમાપત્તિ, દ્વિતીયમાં પરમાત્મસમાપત્તિ
અને ત્રીજા, ચોથા, પાંચમાં પદમાં આત્મસમાપત્તિ રહેલી છે.
છેલ્લા ચાર પદમાં સમાપત્તિની સમાપત્તિ રહેલી છે.
શ્રી જિનેશ્વર ભગવંત કેવળજ્ઞાનના પ્રકાશથી સમસ્ત
સંશયરૂપી અંધકારનો નાશ કરે છે, માટે જગતના દીવા છે.
જિનેશ્વર ભગવંત ઘણા જીવોને કુશળ કાર્ય કરવાની
આજ્ઞા કરાય છે, માટે એમના વચનને 'જિનાજ્ઞા' કહેવાય.

ઉપર્યુક્ત વિશેષણોવાળી જિનાજ્ઞાનું એકાગ્ર ચિન્તન,
તે આજ્ઞાવિચય ધર્મધ્યાન છે.

વજ્જપરિવજ્જી = વર્જ્ય - ત્યાજ્ય - અકૃત્ય - પ્રમાદત્યાગી.
જોગાણુભાગ = મનોયોગાદિ અને અણુભાગ = કષાય.

કોન્ફ્યુશિયસ કહે છે કે:
પહેલ પાડ્યા વગર હીરા પર ચમક નહિ આવતી અને
સંઘર્ષ તથા કસોટી વગર મનુષ્યમાં પૂર્ણતા નહિ આવતી.

ડેકાર્ટે કહ્યું છે કે: શંકા કરું તો પણ 'હું છું';
કારણકે એના વિના શંકા પણ કોણ કરે?

ગ્યોટે કહે છે: સત્યના વિષયમાં જે કાંઈ કહો,
તે કહેવાને લીધે જ અસત્ય બની જાય છે.

## અભાવનો પૂર્ણ અભાવ = આનંદ.

જ્યાં ઇચ્છા - ત્યાં દુઃખ છે, કારણકે ત્યાં અભાવ છે.
આત્મા બધા અભાવોનો અભાવ ઇચ્છે છે.
અભાવનો પૂર્ણ અભાવ જ આનંદ - સ્વતંત્રતા - મુક્તિ છે.
અપૂર્ણ અભાવ જ બંધન - સીમા - પરતંત્રતા છે.
જ્યાં અભાવનો અભાવ, ત્યાં પરમ મુક્તિમાં પ્રવેશ છે.

બહારની અપૂર્ણ ઉપલબ્ધિમાં અભાવોનો અભાવ લાવી શકવાની શક્તિ નથી. બહારની કોઈપણ સંપત્તિ અંદરના અભાવને કેવી રીતે પૂરી શકે? અભાવ આંતરિક છે. બહારના કોઈ પણ વિજય વડે તેને ભરી નહીં શકાય. આથી બહાર વધુ મેળવીને પણ કાંઈ મેળવ્યું હોય, તેમ આપણને પ્રતીત થતું નથી. અભાવની ભૂમિકા ઉપર મોટાં સમ્રાટો - ભિખારીઓમાં કોઈ ભેદ નથી. અસ્તિત્વની દૃષ્ટિએ જે આત્મા છે, અનુભૂતિની દૃષ્ટિએ તે આનંદ છે. તૃષ્ણા દુષ્પૂર છે. જન્મને મરણ છે, કિન્તુ જીવન તે જીવન જ છે. તે એક, અખંડ, અભંગ છે. જન્મ પહેલાં પણ તે છે અને મરણ પછી પણ તે હયાત છે. જે એને જાણે છે, તે જ ભય અને દુઃખની ઉપર ઊઠી શકે છે.

અપનારૂપ સંભાવનાને સત્યમાં પરિણત કરવાને માટે
સાધના જોઈએ. નિરાશામાં સાધનાનો જન્મ થતો નથી,
કારણકે નિરાશા તો વંધ્ય છે.

નિરાશા માનસિક આવરણ છે, આશા આત્મિક આવિર્ભાવ છે.
નિરાશા આરોપેલી સ્થિતિ છે, આશા સ્વાભાવિક સ્વરૂપ છે.

નાના બાળકોમાં ત્રણ વસ્તુ સ્વાભાવિક હોય છે.
(૧) આશા (૨) વિશ્વાસ (૩) શ્રદ્ધા.

જેટલી અભીપ્સાની ઊંચાઈ - તેટલી શાન્તિની ઊંડાઈ.

પરમાત્મા પહેલાં અને પરમાત્મા સિવાય
બીજું કોઈ ગંતવ્ય નથી. પરમાત્મા સિવાય કોઈ અન્ય
ચરમ વિશ્રામ નથી, કારણકે પરમાત્મામાં જ પૂર્ણતા છે.
પરમાત્મા સુધી પહોંચતાં પહેલાં જે અટકી પડે છે,
તે પોતાનું અપમાન કરે છે, કારણકે તે જે કાંઈ બની
શકે તેમ છે, તેનાથી પહેલાં જ તે અટકી ગયો હોય છે.

જે પ્રથમ છે, તે જ અંતિમ ઉપલબ્ધિ બને છે.

પાપના માર્ગ તરફ સફળતા અસંભવ છે અને
પ્રભુના માર્ગ ઉપર નિષ્ફળતા અસંભવ છે.
પાપના માર્ગ તરફ સફળતા હોય તો માનજો કે તે ભ્રમ છે,
પ્રભુમાર્ગ પર નિષ્ફળતા હોય તો માનજો કે તે પરીક્ષા છે.

# પ્રેમ એ જ ભક્તિ

પ્રેમ આપણને સમગ્ર સાથે જોડે છે. પ્રેમના અભાવમાં
આપણે અસ્તિત્વથી અલગ-અટૂલાં થઈ જઈએ છીએ.

પ્રેમ વિના ખરે જ દરેક જણ એકાકી છે.

પ્રેમ જ જીવન. પ્રેમ સિવાય બીજું કોઈ જીવન નથી.

ભાષામાં સૌથી મૂલ્યવાન શબ્દ ક્યો? પ્રેમ.

પ્રેમ એ જ પરમાત્મા છે, પ્રેમ એ જ આત્મા છે.

શરીર અને મનથી પારના પ્રદેશમાંથી જે આવે છે,
તે કિરણ પ્રેમનું છે, પ્રેમ એક આધ્યાત્મિક ઘટના છે.

સત્યમાં તે નિકટતા નથી, જે પ્રેમમાં છે.

સત્ય એ જાણવાની વાત છે, પ્રેમ એ બનવાની વાત છે.

અસ્તિત્વ એક અને અદ્વય છે.

સ્વના સ્વીકાર અને સત્કારમાં પ્રેમ ફલિત થશે.

એક વ્યક્તિ તરફ કોઈ પોતાના 'હું'ને છોડી દે,
તો તે 'પ્રેમ' કહેવાય છે.

જ્યારે સૌ કોઈની પ્રત્યે પોતાનું 'હું'
જે છોડી દે છે, તે ખુદ પોતે જ પ્રેમ બની જાય છે.

આવો પ્રેમ એ જ ભક્તિ છે.

પ્રેમમાં સ્વ અને પરનું અતિક્રમણ છે.

V.V. Imp.

જ્યાં સ્વ કે પર નહિ, ત્યાં જ સત્ય છે.

સત્ય માટે જેમને તૃષા છે, તેમણે પ્રેમ સાધવો પડશે.

એ એવું હૃદય કે જ્યાં ક્રોધ નથી, પ્રિય મટી જાય
અને કેવળ પ્રેમ જ અવશેષ રહે.

જીવનને કેવળ એ લોકો જ પ્રાપ્ત કરી શકે છે,
જે પોતાની અને સહુની અંદરના
પરમાત્માનો અનુભવ કરી લે છે.

એના અભાવમાં આપણે કેવળ શરીર જ છીએ અને
શરીર તો જડ છે, જીવન નહિ.

## સમાધિ - સાધનાનાં 3 અંગ

(૧) ચિત્તના વિષયો પ્રત્યે અનાસક્તિ -
તેથી વિષયોના સંસ્કાર પડવાનું બંધ થાય છે.

(૨) ચિત્તની વૃત્તિઓ પ્રત્યે જાગૃતિ -
તેથી એ વૃત્તિઓનું ધીમે ધીમે વિસર્જન થવા માંડે છે.

(3) ચિત્ત પ્રત્યે સાક્ષીની વૃત્તિ -
સાક્ષીની સ્મૃતિમાં પોતાની અંદરનું પ્રવેશદ્વાર ખૂલે છે.

વસ્તુ જ્યાં ઉદ્ગમ પામે છે, ત્યાં જ છેવટ લીન થાય છે.
ઉદ્ગમબિંદુ જ લયબિંદુ હોય છે અને
જે ઉદ્ગમ છે - લય છે, તે સ્વ - રૂપ પણ છે.

'સમાધિ' એટલે ચિત્તની લયાવસ્થા.

જેમ સાગરની લહેરો અંતે સાગરમાં જ લય પામે છે,
એવી જ રીતે ચિત્ત પણ સમાધિ અવસ્થામાં
પોતાના સમસ્ત વૃત્તિ - તરંગોને શૂન્ય કરીને,
પરમ ચેતનામાં લય પામે છે.

'અહિંસા' શું છે? આત્માને જાણી લેવો તે.

'હું મને પોતાને જાણવામાં સમર્થ બની જાઉં તો સર્વ
સહુની અંદર જેનો વાસ છે, તેને પણ જાણી લઈ શકીશ'
આ ભાનમાંથી પ્રેમ પ્રકટે છે અને
પ્રેમ માટે કોઈને ય દુઃખ દેવાનું અસંભવ છે.
કોઈને પણ દુઃખ દેવાની આ અસંભાવના એ અહિંસા છે.
આત્મઅજ્ઞાનનું કેન્દ્રીય લક્ષણ 'અહં' છે, જ્યારે
આત્મજ્ઞાનનું કેન્દ્રીય લક્ષણ પ્રેમ છે.
અહં સંકીર્ણ છે, પ્રેમ વિરાટ છે.
અહં અણુસ્થિત છે, પ્રેમ પૂર્ણ છે.
અહંનું કેન્દ્ર વ્યક્તિ છે, પ્રેમનું કેન્દ્ર સમષ્ટિ છે.
અહં પોતાને માટે જીવે છે, પ્રેમ સહુને માટે જીવે છે.
અહં એ શોષણ છે, પ્રેમ એ સેવા છે અને
પ્રેમમાંથી સહજ રીતે પ્રવાહિત થતી સેવા એ જ અહિંસા છે.

## પ્રેમ કેવી રીતે મેળવવો ?

પ્રેમ સાધો મેળવી શકાતો નથી, એ તો પરિણામ છે.
પ્રજ્ઞાનું સાધન સમાધિ છે.
સમાધિ એ સાધન છે, પ્રજ્ઞા એ સાધ્ય છે તથા
પ્રેમ એ સિદ્ધિનું પરિણામ છે.
પ્રજ્ઞા હોય અને પ્રેમ ન હોય, એ અસંભવ છે. પ્રજ્ઞાને
મેળવો તો એના પરિણામના વળતર તરીકે પ્રેમ મળે છે.
જ્યાં અહં શૂન્ય થાય છે, ત્યાં પ્રેમ પૂર્ણ બને છે.
જ્ઞાન હોય અને અહિંસા ન હોય, એ શી રીતે બની શકે?
આથી જ અહિંસાને સાચા જ્ઞાનની કસોટી મનાય છે.
અહિંસા પરમ ધર્મ છે, કારણકે તે આત્યંતિક કસોટી છે.
એ કસોટીમાં ખરો ઉતરે, તે જ ધર્મ ખરો સાબિત થાય.

## પ્રજ્ઞા કેવી રીતે પ્રાપ્ત થાય ?

આપણામાં જે જ્ઞાનશક્તિ છે,
તે વિષયમુક્ત બની જાય, તો 'પ્રજ્ઞા' બની જાય.
વિષયના અભાવમાં જ્ઞાન પોતાને જ જાણે છે,
પોતા દ્વારા પોતાનું જ્ઞાન, તે જ 'પ્રજ્ઞા' છે.
એ ભાનમાં કોઈ જ્ઞાતા નથી - કોઈ જ્ઞેય નથી,
માત્ર જ્ઞાનની શુદ્ધ શક્તિ જ હોય છે.

પ્રશ્ન સરલ... જ્ઞાનની શુદ્ધ શક્તિનું પ્રકાશિત થવું તે
અર્થાત્ સ્વયં વડે સ્વયંનું પ્રકાશિત થવું તે.
જ્ઞાનનું આ સ્વયં ઉપર પાછા ફરવું,
તે માનવચેતનાની સૌથી મોટી ક્રાંતિ છે.
આ ક્રાંતિથી જ મનુષ્ય સ્વયં સાથે સંબંધિત થાય છે
અને જીવનનું પ્રયોજન તથા જીવનની સાર્થકતા
તેની સમક્ષ ઉદ્ઘાટિત થાય છે.
આવી ક્રાંતિ સમાધિમાંથી ઉપલબ્ધ થાય છે.

## પરિવાર એ પ્રેમનું પહેલું પગથિયું

પ્રેમ એ પ્રભુ છે અને પરિવાર પણ છે.
યાદ રહે કે પ્રેમના અભાવમાં શાંતિનો કોઈ આધાર નથી.
પ્રેમ વડે જ પરિવાર બને છે. પ્રેમના વિકાસથી
પરિવાર મોટો થતો જાય છે. પછી એ પરિવારની
બહાર કાંઈ રહેતું નથી ત્યારે તે જ પ્રભુ બની જાય છે.
પ્રેમના અભાવમાં મનુષ્ય નિર્જનતામાં રહી જાય છે,
એનો કોઈ પરિવાર હોતો નથી, તે સ્વયં રહી જાય છે.
'પર' સાથે તેનો કોઈ 'સેતુ' રહેતો નથી.
એ જીવિત મૃત્યુ છે.
જીવન તો પારસ્પરિકતા છે, જીવન સંબંધોમાં છે.

પ્રેમમાં સ્વ અને પરનું અતિક્રમણ છે.
જ્યાં સ્વ નહિ અને પર નહિ, ત્યાં સત્ય જ છે.
સત્ય માટે જેમને તૃષા છે, તેમણે પ્રેમ સાધવો પડશે.
જ્યાં પ્રેમી અને પ્રિય મટી જાય અને
કેવળ પ્રેમ જ શેષ રહી જાય, તે 'સત્ય' છે.
મનુષ્યમાં સત્યના પ્રતિ પ્રેમનો જન્મ ત્યારે થાય છે,
જ્યારે પોતાની અંદર આનંદનો જન્મ થાય.
પ્રેમ = આનંદાનુભૂતિ. મૂળ પ્રશ્ન આનંદાનુભૂતિનો છે.
અંતરમાં આનંદ હોય તો આત્માનુભૂતિથી પ્રેમ ઉપજે છે.
જે પોતાના આત્યંતિક અસ્તિત્વથી અપરિચિત છે,
તે કદી પણ આનંદને પ્રાપ્ત કરી શકતો નથી.
સ્વરૂપમાં પ્રતિષ્ઠા તે જ આનંદ છે. એ કારણે પોતાની
જાતને જાણવા, તે નૈતિક અને શુભ થવાનો માર્ગ છે.
પોતાને જાણતાં જ આનંદનું સંગીત ગાજવા લાગે છે
અને જ્ઞાનનો પ્રકાશ ફેલાઈ જાય છે, પછી જેનાં દર્શન
પોતાની અંદર થાય, તેનાં જ દર્શન સમસ્તમાં થવા લાગે.
પોતાને જ સત્યમાં પામીને પ્રેમનો જન્મ થાય છે.
પ્રેમથી મોટી કોઈ પવિત્રતા નહિ અને પ્રાપ્તિ નહિ.
જે એને મેળવી લે છે, તે જીવનને મેળવી લે છે.

પ્રેમ એ રાગ નથી. રાગ અને દ્વેષની જોડી છે.
રાગ એ પ્રેમનો અભાવ છે, તે દ્વેષથી વિપરીત વસ્તુ છે.
રાગ કોઈ પણ સમયે દ્વેષમાં પરિવર્તિત થઈ શકે છે.
પ્રેમ એ તો દ્વેષ અને રાગથી જુદી જ વસ્તુ છે.
પ્રેમ એ ઉત્તેજના પણ નથી. ઉત્તેજનામાત્ર અભાવ છે.
પ્રેમ એક અત્યંત અભિનવ શક્તિનો સદ્ભાવ પણ છે.
તે શક્તિ પોતાનામાંથી વસ્તુના પ્રત્યે વહે છે, બહારથી
આકર્ષિત થઈને નહિ પરંતુ પોતાનામાંથી સ્ફુરિત થઈને.

સંબંધ હોય તો પ્રેમ એ રાગ છે અને
અસંબંધ હોય તો પ્રેમ એ અહિંસા છે.

અસંબંધ, અસંગ, સ્વયંસ્ફૂર્ત - એક જ અર્થમાં છે.
'અહિંસા' એ વીતરાગ પ્રેમ છે.

૦ ધર્મ અતર્ક્ય છે, કારણકે ધર્મ કોઈ વિચાર નથી.
ધર્મ એ વિચારની અનુભૂતિ નથી, કિન્તુ
નિર્વિચાર ચૈતન્યમાં થયેલો બોધ છે.
વિચાર ઇંદ્રિયજન્ય છે, નિર્વિચાર ચૈતન્ય અતીન્દ્રિય છે.
નિર્વિચાર ચૈતન્ય જ્યારે ચરમબિંદુએ પહોંચે છે,
ત્યારે તેને આત્માનો સાક્ષાત્કાર થાય છે.
આથી આત્માના સંબંધમાં વિચારણા વ્યર્થ છે.

## આતમ જાગે એટલે અજવાળું

જેનો 'રામ' એટલે આત્મા જાગ્યો,
તેને કોઈ પ્રકારની કમી કેમ રહી શકે?
જેનો આત્મા જાગ્રત થયો,
તેની આંતર-બાહ્ય તમામ જરૂરીયાતો પૂરી પાડવા
પ્રકૃતિનાં સર્વ બળો પણ ખડે પગે તૈયાર જ રહેલ છે.
પ્રકૃતિ તો આત્માની વફાદાર-ચતુર દાસી છે.
માનસિક શાંતિ પ્રભુના ચરણકમળોમાં વસી રહી છે.
જ્યાં સુધી આત્માના ગાઢ સંપર્કમાં મન આવતું નથી,
ત્યાં સુધી અસીમ આનંદ યા તો
શાંતિની અનુભૂતિ કદાપિ થતી નથી જ.
ભારતીય સંસ્કૃતિ ભૌતિક સંપત્તિને ગૌણ ગણે છે,
આત્મિક સંપત્તિને જ પ્રાધાન્ય આપે છે.
આત્માની સાથે મનનો ગાઢ અને સતત સંપર્ક
રાખનાર વ્યક્તિ પાસે કદી દુઃખ આવી શકતું નથી.
આધિ, વ્યાધિ અને ઉપાધિનો ત્રિવિધ તાપ
આત્મનિષ્ઠ યોગીના આનંદને ચલિત કરી શકતો નથી.
આવા આનંદની અવસ્થા પ્રાપ્ત કરવી,
તે માનવનું ગૌરવભર્યું ધ્યેય છે.

## સમત્વના ત્રણ પ્રકાર

(૧) જીવની શત્રુ - મિત્ર અવસ્થામાં સમત્વ: પર્યાયની ગૌણતા અને દ્રવ્યની મુખ્યતા વડે તે સધાય છે. તે મધુર પરિણામ નિપજાવે છે.

(૨) શુભાશુભ કર્મના વિપાકમાં સમત્વ: કર્મથી જીવની ભિન્નતાનો વિચાર - તે તુલ્ય પરિણામ નિપજાવે છે.

(3) મોક્ષના ઉપાયરૂપ જ્ઞાન-ક્રિયામાં સમત્વ: બંને મળીને મોક્ષનો ઉપાય છે, તે ખીરખાંડયુક્ત પરિણામ નિપજાવે છે.

અથવા (૧) જીવત્વથી જીવની સમાનતા (૨) કર્મત્વથી કર્મની સમાનતા અને (3) ગુણત્વથી ગુણની સમાનતા.

ઉપરાંત (૧) દ્રવ્યથી દ્રવ્યની સમાનતા
(૨) ગુણથી ગુણની તથા (3) પર્યાયથી પર્યાયની સમાનતા.

ગુણ-પર્યાયનો આધાર દ્રવ્ય છે. પર્યાયની ગૌણતાએ દ્રવ્યની મુખ્યતા કરવાથી મધુર પરિણામ પ્રકટે છે. પર્યાયની મુખ્યતાએ દ્રવ્યની ગૌણતા કરવાથી તુલ્ય અને ગુણની મુખ્યતાએ અને પર્યાયની ગૌણતાએ ખીરખાંડયુક્ત પરિણામ પ્રકટે છે.

શત્રુ - મિત્ર, સુખ - દુઃખ અને ક્રિયા - જ્ઞાન પ્રત્યે સમાન દ્રવ્ય, સમાન પર્યાય, સમાન શક્તિનો વિચાર, તે 'સામાયિક' છે.

## હઠયોગ - રાજયોગ - મંત્રયોગ - લયયોગાદિ સમત્વયોગ

હઠયોગ પ્રાણનિરોધાદિ શરૂ કરી મનને વશ કરે છે. રાજયોગ (તનના રાજા) મનથી શરૂ કરી પ્રાણને કાબૂમાં લાવે છે. મન પર સીધો પ્રહાર હોવાથી 'રાજયોગ' છે. તેમાં મનને મન વડે મનનથી જીતવાનો કીમિયો છે.

પ્રથમ વિવેકખ્યાતિ નિત્યાનિત્ય, સુખ - દુઃખ, આત્માનાત્મ વિવેક કરી યોગમાં પગલું ભરવાનું છે. અષ્ટાંગયોગ દ્વારા નિર્વિકલ્પ સમાધિમાં પહોંચતી વેળા

મંત્રયોગ, હઠયોગ અને લયયોગ જેવી જ
અદ્વૈતની અંતિમ અનુભૂતિ થાય છે.

બીજી રીતે નાથ યોગીઓ મનુષ્યના દેહમાં રહેલાં ચાર ચંચળ તત્ત્વો અનુક્રમે વાણી, પ્રાણ, બુંદ અને મનને વશ કરવાની સાધના બતાવે છે. મંત્રથી વાણી, હઠથી પ્રાણ, લયયોગથી બુંદ અને રાજયોગથી મન વશ થાય છે. એક યોગની સાધના દૃઢ થતાં બાકી યોગની સિદ્ધિ આપમેળે થાય છે. 'રજ્જૌ રજ્જુ પરિબદ્ધ રજ્જુ ।' એ ન્યાયે એક દોરને બરાબર પકડી રાખી ખેંચતાં બાકી દોર પણ ખેંચાઈ આવે છે. એ ચારે વશ થતાં 'સમત્વ યોગ'માં નિશ્ચળ જોડેલો યોગી અપારશાંતિ અનુભવે છે.

## અમૃતપદની પ્રાપ્તિ કઈ રીતે ?

હઠયોગમાં જેને 'સાર્ધ ત્રિવલ્લી' સાડા ત્રણ ગૂંચળાં વળેલી 'કુંડલિની' કહેવામાં આવે છે, તેના જગ્યાએ લયયોગમાં સાડા ત્રણ માત્રાના ઓંકારનું સ્થાન છે. કુંડલિની અને ઓંકાર એ સૃષ્ટિનું આદિ મૂળ છે અને

સકળ સંસારમાં તે કુંડલિની વ્યાપ્ત છે.

ઓંકાર - એકાક્ષર મંત્ર છે. તેનો અનુભવ કરતાં જ પિંડ - બ્રહ્માંડનું, સમસ્ત વિશ્વનું રહસ્ય ખૂલી જાય છે

અને અમૃતપદની પ્રાપ્તિ થાય છે.

'ઓં' અક્ષરને હૃદયમાં ઉતારતાં અ-ક્ષર થવાય છે. ઓંકારના જપથી સાધનાની ગતિ અભ્યંતર થતી જાય છે.

મહાનાદમાં અહંનો લય થઈ જાય છે.

મૂળ એક જ સ્વરૂપમાં વિવિધ સ્વરૂપો વિલીન થાય છે. 'ઓં'ની જેમ 'સોઽહં' મંત્રને પણ મૂળ મંત્ર કહે છે. સામાન્યતયા મનુષ્યના શ્વાસોચ્છ્વાસ સાથે 'હંસ' 'હંસ'-એમ સતત જપ ચાલતો રહે છે. 'હંસ' એટલે પોતે એક નામધારી વ્યક્તિ, તેથી અહંવૃત્તિ કાયમ રહે છે. ગુરુકૃપાથી આ મંત્રદીક્ષાથી એ શ્વાસ અને વૃત્તિ - સોઽહં રૂપે પરિવર્તિત થઈ અને સુષુમ્ણામાં પ્રવેશે છે.

## સોઽહંનો સાક્ષાત્કાર

તે પરમાત્મસ્વરૂપ સાથેની એકતાનો સાક્ષાત્કાર છે.
'તે હું' એટલે પરમતત્ત્વ સાથે અભેદભાવની પ્રાપ્તિ.
સોઽહં મંત્રને 'પવનમંત્ર' પણ કહે છે.
શ્વાસોચ્છ્વાસ સાથે એને સીધો સંબંધ છે.
સારી યે સૃષ્ટિની ઉત્પત્તિ ૐથી જ થઈ છે અને
એના નાદના અનુસંધાનથી સર્વ મનુષ્ય પોતાની મલિન
વાસનાઓ ત્યાગીને પોતાના શુદ્ધ સ્વરૂપને ફરી પામે છે.
અહર્નિશ અને અનાયાસ આ પરમપદમાં સ્થિતિ રહે,
ત્યારે મંત્રયોગ સિદ્ધ થયો કહેવાય.

## પરમને પામવાનાં ૩ પગથિયાં કયા છે?

ભક્તિ, યોગ અને જ્ઞાન.
'જ્ઞાનથી મોક્ષ થાય છે' એમ કહેવું, તે
'તલવારથી મોક્ષ થાય છે' એમ કહેવા બરાબર છે.
તલવારથી જય થાય છે પણ તેથી શું?
બુદ્ધિ અને પરાક્રમ વિના વિજય કેવી રીતે થાય?
તેવી રીતે યોગ વિનાના જ્ઞાનથી મોક્ષ થતો નથી,
એ રીતે જ્ઞાન વિના પણ મોક્ષ થતો નથી.
એ રીતે યોગ અને જ્ઞાનમાં પણ તાત્ત્વિક ભેદ નથી.

યોગ એ ક્રિયા છે, જ્ઞાન એ આંખ છે.
બંને મળીને જ કાર્યની સિદ્ધિ થાય છે.
મિથ્યા તર્ક, જલ્પ અને શાસ્ત્રજાળથી પ્રાણની સૂક્ષ્મ ગતિ
કાબૂમાં આવતી નથી. પ્રાણ વશ થતાં મન સહેજે વશ થાય.
'ગોરખનાથ પદ્ધતિ'માં મંત્ર - હઠ - લય - રાજયોગ
- એ ચારેને સમાવતો મહાયોગ કહ્યો છે.
'ઇક્કીસ સહસ્ર ષટ્શત આદૂ પવન પુરિષ જપિમાલી'
'હર દમ હીરાલાલ હૈ, ગિનિ ગિનિ ગઠરૂ કી સૌંપ'
રોજના ૨૧,૬૦૦ શ્વાસની કીંમત સમજાય,
ત્યારે એક પણ શ્વાસ વૃથા ખોવાની ઇચ્છા ન થાય.
'શરીરેણ જિતાઃ સર્વે, શરીરં યોગિભિર્જિતં ।'
શરીરનો આધાર શ્વાસ - પ્રાણ છે.
પ્રાણની સાથે ચિત્ત જોડાયેલું છે.
પ્રાણ વશ થતાં ચિત્તવૃત્તિનિરોધ આપમેળે સધાય છે.
પ્રાણનિરોધ માટે નાડીશુદ્ધિ અને
તે માટે નેતિ, ધોતિ, બસ્તી વગેરે ષટ્કર્મ છે.
તે વડે હઠયોગી પ્રાણાયામથી નાડી શુદ્ધ કરી
સુષુમ્ણાના માર્ગને ખોલી દે છે. બ્રહ્માંડમાં મહાકુંડલિની તરીકે
જે શક્તિ વ્યાપ્ત છે, એ અહીં પીંડમાં આવી વસેલી છે.

મહાકુંડલિની શક્તિને જાગૃત કરી,
સુષુમ્ણાનું બ્રહ્મદ્વાર ખોલી તેને મસ્તકમાં શિવ સાથે સાયુજ્ય
પમાડવા માટે યોગીઓની તમામ સાધના કામે લાગે છે.
કરોડરજ્જુ - બ્રહ્મદંડમાં મુખ્ય ત્રણ નાડી છે:
તેમાં ડાબી ઈડા, જમણી પિંગળા અને મધ્યમાં સુષુમ્ણા છે.
મનુષ્યના પ્રાણાપાનની ગતિ સામાન્યતઃ ઈડા - પિંગળા
દ્વારા થતી રહે છે. યોગી ઈડા - પિંગળા નાડીને રોકી
પ્રાણવાયુને સુષુમ્ણામાં સંચારિત કરે છે.
ભ્રમર વચ્ચે ત્રણે નાડીનું મિલનસ્થાન છે.
આ ત્રિકૂટિ એ ત્રિગુણમયી પ્રકૃતિનું છેલ્લું થાણું છે.
V.V. Imp. 'દશમે દ્વારે તાળી વાગી' એટલે શું ?
સુષુમ્ણામાર્ગે ઊંચે ચડતી શક્તિ ત્રિકૂટિને ભેદી જ્યારે
બ્રહ્મરન્ધ્ર દ્વારા સહસ્રારમાં જાય છે,
ત્યારે એને સંતો 'દશમે દ્વારે તાળી વાગી' એમ કહે છે.
મસ્તકમાં આવેલ સહસ્રાર - શૂન્યમંડળ - કૈલાસમાં
કુંડલિની પહોંચી જાય છે, તે પહેલાં
મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ તથા છેલ્લા
આજ્ઞાચક્રમાં ઘૂમતી આવે છે, તેને 'ષટ્ચક્રભેદન' કહે છે,
તેથી સાધકને વિવિધ અનુભવો - સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

કાશી - મોક્ષપુરીની યાત્રાએ જનારને જેમ વચ્ચે અનેક
જુદાં તીર્થો આવે છે, તેમ યોગમાર્ગમાં સિદ્ધિઓ આવે છે.

નિર્લોભી સાધકને અનાયાસે આવતી
સિદ્ધિઓ કદાપિ લલચાવી શકતી નથી.

યોગ એ સીધો ઇચ્છાશક્તિ સાથે સંકળાયેલ હોવાથી
પ્રેમ કરતાં પ્રતાપની માત્રા તેમાં વધુ દેખાય છે.

ખંડથી અખંડમાં, દેહથી વિદેહમાં, લક્ષથી અલક્ષમાં, કાળથી
અકાળમાં, મૃત્યુથી અમૃતમાં જવાની યુક્તિ યોગમાર્ગમાં છે.

અખંડ પ્રભુને પામવાના પંથ - પક્ષ અથવા અલગ ચોકામાં
ખંડિત કરવાથી માનવની વેદનાનો પાર રહેતો નથી.

આપ - પણું સર્વ પાપનું મૂળ છે.
એ સર્વવ્યાપિની સાથે જુદા બનીને ઊભું રહે છે.

મનુષ્યનું આપ - પણું ટળે છે, ત્યારે
એની આત્મીયતાને સીમા નથી રહેતી.

'અજબ તમારા અંતર ખાંડા, રહેણી તમારી સાંચી.'

°

The healing power of Yoga
is stored up in our body and
it is released through faith.
'Thy faith hath made thee whole.'

ધર્મધ્યાન કરવાના જે અમુક મર્યાદાઓ છે,

તે સંબંધી ૧૨ દ્વારો નીચે મુજબ છે:

(૧) ભાવના : દર્શન, જ્ઞાન, ચારિત્ર, વૈરાગ્ય.

(૨) પ્રદેશ : એકાંત હોય ત્યારે ઉત્તમ ધ્યાન થાય છે.

(3) કાળ : મન શાંત હોય ત્યારે ઉત્તમ ધ્યાન થાય છે.

(૪) આસન : શરીરઅવસ્થાન ઠીક હોય ત્યારે ધ્યાન થાય.

(૫) આલંબન : વાંચના - પૃચ્છના - પરાવર્તના - અનુપ્રેક્ષા અને છ આવશ્યક આદિ ક્રિયાઓ ઉત્તમ હોય ત્યારે.

(૬) ક્રમ - શરીર, વચન, મનોગુપ્તિ ઉત્તમ હોય ત્યારે.

(૭) ધ્યાતવ્ય - ધ્યેય : અર્હં, ૐકારાદિમાં મન સ્થિરતા.

(૮) ધ્યાતા : અપ્રમાદી, નિર્મોહી, જ્ઞાની હોય ત્યારે થાય.

(૯) અનુપ્રેક્ષા : સ્વાધ્યાય - ધ્યાન ઉત્તમ હોય ત્યારે.

(૧૦) લેશ્યા : તેજો, પદ્મ કે શુક્લ હોય ત્યારે થાય.

(૧૧) લિંગ : આજ્ઞારુચિ આદિ ઉત્તમ હોય ત્યારે થાય.

(૧૨) ફળ : આત્મજ્ઞાન, શુદ્ધાત્માના સાક્ષાત્કાર સમયે થાય.

દર્શનમોહનીય કર્મ કોને કહેવાય ?

જે કર્મ આત્મસ્વરૂપને આવરણ કરે, તે દર્શનમોહનીય.

ચારિત્રમોહનીય કર્મ કોને કહેવાય ?

જે કર્મ આત્મસ્થિરતાને આવરણ કરે તે, ચારિત્રમોહનીય.

## જ્ઞાન - ધ્યાન : બે ઉપાય

આત્મસ્વરૂપના શ્રુતજ્ઞાન વડે દર્શનમોહ જાય,
આત્મસ્વરૂપના શ્રુતાનુસારી ધ્યાનથી ચારિત્રમોહ જાય.
અનુભવ - જ્ઞાન અને ક્રિયા સાથે આત્માનું કાર્ય
જોડાય, તો તે તીક્ષ્ણ ધારરૂપ બનીને અનુભવ કરાવે છે.
સમ્યગ્દર્શન તે અનુભવજ્ઞાન છે.
જ્ઞાન વડે ઉપશમશ્રેણી, કાર્ય વડે ક્ષપકશ્રેણી મેળવાય.
સમ્યગ્ = સંગત, યથાર્થ, અવ્યભિચારી, પ્રશંસનીય, પૂજનીય.
સમ્યગ્દર્શન = સર્વ દ્રવ્ય - ભાવવ્યાપક દર્શન.
અનેકાંતરૂચિવાળું દર્શન સમ્યગ્જ્ઞાનનું કારણ બને છે.
૪ ભાવના - ૪ શરણા વડે ધર્મધ્યાન સ્થિર થાય છે.
ધર્મધ્યાનને ભાવનાઓ ગ્રહણ કરે છે અને
ચાર શ્રેષ્ઠ શરણો ધર્મધ્યાનમાં સ્થિરતાને લાવે છે.

### ચાર શરણાં મુજને ટેકો

(૧) અરિહંત : ચાર ઘાતિ કર્મોથી રહિત.
(૨) સિદ્ધ : ઘાતી - અઘાતી ઉભય કર્મોથી રહિત.
(૩) સાધુ : પાંચ પ્રકારના આશ્રવથી રહિત.
(૪) ધર્મ : અઢાર પાપસ્થાનકોથી રહિત.
આ ચાર શરણો ધર્મના ધ્યાનને ઉજ્જ્વળ કરે છે.

'ૐ અર્હં નમઃ ।' એટલે નવકાર મંત્ર (સંક્ષિપ્ત)

અર્હં એ આદ્ય માર્ગદર્શક હોવાથી પરમ ગુરૂ છે અને
સ્વયં દેવસ્વરૂપ બનેલા હોવાથી દેવ પણ છે.
વળી દર્શન - જ્ઞાન - ચારિત્ર - તપ અને દાન - શીલ -
તપ - ભાવરૂપી ધર્મના સ્થાપક હોવાથી ધર્મરૂપ પણ છે.
અર્હંના ધ્યાનમાં દેવતત્ત્વ, ગુરૂતત્ત્વ અને ધર્મતત્ત્વ -
એ ત્રણેનું ધ્યાન આવી જાય છે, તેમ નવે પદોમાં,
પાંચે પરમેષ્ઠિઓમાં અને વીસે સ્થાનકોમાં
પ્રધાન પરમેષ્ઠિ વ્યાપક છે, તેમ અર્હં નવ પદાત્મક છે,
પંચપરમેષ્ઠિ સ્વરૂપ છે અને વિંશતિ સ્થાનકરૂપ પણ છે.
અર્હંપદમાં ધ્યાન કરવા લાયક ધ્યેયમાત્રનો સંગ્રહ છે.

'ૐ હ્રીં અર્હં નમઃ ।' એટલે સિદ્ધચક્ર મંત્ર (સંક્ષિપ્ત)

એ સિદ્ધચક્રનું બીજ - પ્રધાન પરમેષ્ઠિ નમસ્કાર પણ છે.
નમસ્કાર મહામંત્રનું પ્રધાન પદ - 'નમો અરિહંતાણં'નું
જ સંસ્કૃત રૂપાંતર પણ તેને કહી શકાય.
નમો = ૐ તથા હ્રીં = રિ + હં ની સંધિ.
હ્રીં અને અરિહં - એ બેનું રૂપ = અર્હં.
એ રીતે નવકારના પ્રથમ પદનું જ સંસ્કૃત રૂપ
એટલે 'ૐ હ્રીં અર્હં નમઃ ।' મંત્ર છે.

જિનનો મૂળ માર્ગ  ૐ  તારીખ : ૨૬ - ૫ - ૧૨

પરમાર્થથી જૈનમાર્ગ એક જ વાક્યમાં કહેવો હોય તો:

'જ્ઞાન - દર્શન - ચારિત્રની શુદ્ધિ અને એકતા.'

(૧) જ્ઞાન એટલે દેહાદિથી ભિન્ન,
ઉપયોગલક્ષણયુક્ત અને અવિનાશી જે સ્વરૂપ જેનું,
એવું ગુરુ ઉપદેશથી થયું 'આત્મજ્ઞાન'.

(૨) શાસ્ત્ર અને ગુરુ ઉપદેશથી જેવું આત્માનું જ્ઞાન કર્યું, તેવું જ હૃદયમાં પ્રતીત કરવું, તે 'દર્શન' ગુણ છે.

(૩) સર્વથી ભિન્ન અને અસંગ એવા
આત્મતત્ત્વમાં સ્થિરભાવ, તે ચારિત્ર છે.

જિનેશ્વરોએ ફરમાવ્યું છે કે:

તે ત્રણે અભેદ પરિણામથી એક જ આત્મતત્ત્વમાં અવિરુદ્ધપણે પ્રતીત થાય, તે નિશ્ચયથી મોક્ષમાર્ગ છે.

○

જ્ઞાન દર્શન ચારિત્રની શુદ્ધતા રે, એકપણે અને અવિરુદ્ધ;
જિનમારગ તે પરમાર્થથી રે, એમ કહ્યું સિદ્ધાંતે બુધ.
મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ.
છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ.
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી કહ્યું, જ્ઞાન તેનું નામ ખાસ.

# નાદ અને જ્યોતિનું સ્વરૂપ

ભગવજ્જ્યોતિથી પ્રભુની મૂર્તિનાં દર્શન થાય છે અને
અનાહત નાદથી પ્રભુનામના મંત્રનો જાપ થાય છે.
આ રીતે જ્યોતિદર્શનનું આલંબન જિનમૂર્તિ છે અને
નાદાનુસંધાનનું આલંબન નામમંત્ર છે.

नाद - बिन्दु - कलाऽभ्यासात् ज्योतिरुत्पद्यते पुनः ।
तत्प्राप्तौ च मनुष्याणां जायेत परमं पदम् ॥१॥

ભાવાર્થ: મંત્રથી નાદ, બિન્દુ, કલાના પુનઃ પુનઃ અભ્યાસથી
ચિન્મય ભગવજ્જ્યોતિ ઉત્પન્ન થાય તે આત્મસ્વરૂપ છે,
તેની ઉપલબ્ધિ થવાથી પરમપદની સુપ્રાપ્તિ થાય છે.

મંત્રજાપ એ સ્વાધ્યાયસ્વરૂપ છે તથા
મૂર્તિનું દર્શન એ ધ્યાનસ્વરૂપ છે.
સ્વાધ્યાયથી ધ્યાનનો પુનઃ પુનઃ અભ્યાસ કરવાથી
અને ધ્યાનથી સ્વાધ્યાયનો પુનઃ પુનઃ અભ્યાસ કરવાથી
આત્મતત્ત્વ પ્રકાશિત થાય છે.

આત્મા નાદ અને જ્યોતિસ્વરૂપ છે.
તેનું પ્રકટીકરણ મંત્ર અને મૂર્તિના આલંબને
અનુક્રમે જાપ અને ધ્યાન વડે સુલભ બને છે.
નાદનું આલંબનમાં મંત્ર - જ્યોતિનું આલંબન મૂર્તિ છે.

## કામધેનુરૂપ अर्हं પદ

'અક્ષર' શબ્દના તત્ત્વ, ધ્યેય, ફલ અને વર્ણ-

એ ચારે અર્થ 'अर्हं' પદમાં ઘટે છે.

(I) अर्हं એ તત્ત્વ છે. (II) अर्हं એ ધ્યેય છે.

(III) अर्हं એ ફલ છે. (IV) अर्हं એ વર્ણ છે.

## ૐકારમાં રહેલી સાડા ત્રણ માત્રા

ૐકાર ત્રણ ભૌતિક માત્રાનો અને

અર્ધી દિવ્યતા માત્રાનો બનેલો છે.

ત્રણ સૃષ્ટિ, ત્રણ વાણી, ત્રણ અવસ્થા સાથે 3 માત્રાને

સંબંધ છે. બ્રહ્મબિંદુ પર રહેલ ½ માત્રા પરમપદને સૂચવે છે.

૧ સ્થૂલ - વિશ્વમાન સૃષ્ટિ 'अ' માત્રારૂપે અભિપ્રેત છે,

૨ સૂક્ષ્મ - તૈજસ સૃષ્ટિ 'उ' માત્રારૂપે અભિપ્રેત છે,

3 કારણ - પ્રાજ્ઞ સૃષ્ટિ 'म' માત્રારૂપે અભિપ્રેત છે.

આ ત્રણે સૃષ્ટિ અને દેહનો

છેવટે એક માત્ર પરમાત્મતત્ત્વમાં લય થાય છે.

अ વૈખરી - उ મધ્યમા - म પશ્યંતી

આ ત્રણેનો લય પરાવાણીમાં થાય છે.

अ જાગ્રત - उ સ્વપ્ન - म સુષુપ્ત

આ ત્રણેનો તુરીયાવસ્થામાં લય થાય છે.

## અર્ધમાત્રા એ શેનું દ્વાર ?

અહીં સ્થૂળ, અહીં સૂક્ષ્મ, અહીં અવસ્થા અને
અહીં વાણી ભૌતિક છે, અર્ધમાત્રા અભૌતિક છે.
ભૌતિક અને ઈન્દ્રિયોમાંથી અભૌતિક તથા
અતીન્દ્રિયમાં જવા માટે અર્ધમાત્રા એ સેતુ બને છે.
સર્જનમાંથી સંસારમાં જવા માટે,
ગુણોમાંથી ત્રિગુણાતીત થવા માટે,
તુરીય અને તુરીયાતીત અવસ્થા પામવા માટે તથા
પરા અને અનાહતમાં જવા માટે અર્ધમાત્રા એ દ્વાર છે.

## અધ્યાત્મ = સોનાની ડબ્બીમાં રત્નો

અધ્યાત્મનો ઉદ્દેશ્ય મનુષ્યના ચિત્તનું શુદ્ધીકરણ છે,
ચિત્તની એકાગ્રતા અને મનની નિ:શબ્દતા છે.
હૃદયમાં નિર્ગુણબ્રહ્મનું ધ્યાન,
આંખોની સામે સદ્‌ગુરુ સ્વરૂપની ઝાંખી અને
જિહ્વાથી નામનો જાપ એમ નામ, સ્થાપના, ભાવનું ધ્યાન
એ સોનાની ડબ્બીમાં રત્નોને ભરવા જેવું સુશોભિત બને છે.
યોગાભ્યાસથી મનને નિ:શબ્દ કરવું એટલું જ કઠિન છે કે
જેટલું દેહ કે ગુરુ પ્રત્યે પોતાનું સંપૂર્ણ સમર્પણ કરવું.
નિરંજન - નિરાકારની પ્રકૃતિનું જ્ઞાન કરવું,
તે પ્રતિમાપૂજનથી વિરુદ્ધ નથી.

પ્રભુની પ્રતિમા એક પ્રતીક છે,
તે હૃદયમાં ઊંચી ભાવનાઓ જગાડે છે અને
ક્ષણભર માટે મનને અક્રિય - નિઃશબ્દ બનાવે છે.
મેધા અને જ્ઞાન અધ્યાત્મમાં સહાયક છે અને
વિઘ્નકારક પણ છે, જો કીર્તિના માર્ગે ઘસડી જાય તો.
'ન મેધયા બહુના શ્રુતેન ।'
પ્રેમ વિના સંબુદ્ધિ - અનર્થક છે.
સંબુદ્ધિ કે પ્રેમ એ મન અને બુદ્ધિ પરની સત્તા છે.
શ્રદ્ધા અને ભક્તિનું મૂળ સંબુદ્ધિ છે.
શ્રુતિ = નિગમ, સ્મૃતિ = આગમ.
પ્રભુનું નામ કે કીર્તન એ હૃદયની વાણી છે,
તે આર્તની ભાષા અને અસહાયનો પુકાર છે.
નામ કે કીર્તન એ ભક્તની અંતિમ સિદ્ધિ છે.
સાધના ઉધારનો સોદો - નામસ્મરણ એ નગદ વ્યાપાર છે.

## જ્ઞાન - ભક્તિ - કર્મયોગ

પ્રભુના અસ્તિત્વનું જ્ઞાન અને પ્રભુ પ્રત્યેનો ઉત્કટ પ્રેમ, એ રીતે જ્ઞાન અને ભક્તિના આધાર ઉપર રહીને કરેલું કાર્ય તે કર્મયોગ બને છે, એનો અર્થ એ છે કે પ્રભુ ખાતર - પ્રભુને લક્ષ્યે કરેલું કાર્ય જ યોગદૃષ્ટિએ કર્મ છે.

વ્યક્તિએ પોતાને માટે, સમાજ, દેશ કે માનવજાતિને
માટે કરેલાં કાર્યનો આધાર પ્રભુપ્રીતિમાં રહેલો ન હોય,
તો તે કર્મ નહિ પણ માત્ર ચેષ્ટા છે.

જ્ઞાન અને ભક્તિનો સુભગ સમન્વય થયો હોય,
ત્યાં કર્મયોગ સરળ રીતે શક્ય બને છે.
જ્ઞાન, ભક્તિ, કર્મના ત્રિવેણી સંગમ ઉપર
યથાકાળે પ્રભુમિલન સાંપડે છે.

કીડી કે વાનર પોતાના સ્વાર્થ માટે કાર્ય કરતા હોય, તોય
તે કર્મયોગ ન કહેવાય, એ પ્રમાણે માનવને લાગુ પડે છે.
પશુચેતનામાં રહીને કરેલું કાર્ય
ગમે તેટલું મોટું હોય, તો પણ તે ચેષ્ટા છે.
દિવ્ય ચેતનામાં સ્થિર થઈને કરેલું કાર્ય ગમે તેટલું
નાનું હોય, તો પણ કર્મયોગની પરિભાષામાં તે કર્મ છે.
યોગીઓ સમાજ, દેશ, માનવજાતિ કે પ્રાણીમાત્ર માટે
કાર્ય કરતાં દેખાય, તે પ્રભુ માટે જ બધું કરતાં હોય છે.
કેવળ બુદ્ધિવાદી કે નાસ્તિકનું કાર્ય
ગમે તેટલું મોટું કે વિશાળ દેખાતું હોય,
તો પણ તે ચેષ્ટા છે.
કર્મ અને ચેષ્ટા વચ્ચેની આ ભેદરેખા મહત્ત્વની છે.

## નવકાર ઉપર અપહાર - અધ્યયન

નવકારમાં રહેલા વ્યક્તિઓને જે ગમતું હતું, તે ન ગમે ત્યાં સુધી નવકારને ગણનારાનો નવકાર કેવી રીતે ફળે?

નવકારમાં રહેલા પંચ પરમેષ્ઠિ વ્યક્તિઓને
સંસાર અને તેનાં સુખ કેવાં લાગ્યાં હતાં?

સંસારનાં સુખ અને તેને માટે થતાં રાગદ્વેષાદિ પાપો પ્રત્યે તેમને અરુચિ ભાવ હતો, મોક્ષનાં સુખ અને તે માટે પળાતો અહિંસા - સંયમરૂપ ધર્મ તેમને કેવો લાગતો હતો? એવી રીતે થતો હેયોપાદેયનો વિવેક જો દૃઢ ન થાય, તો અર્થભાવના વિના પોપટપાઠની જેમ કેવળ શબ્દ-માત્રથી રટી જવામાં નવકારનું મુખ્ય ફળ ક્યાંથી મળે?

ફળનો આધાર ગણનારની પરિણતિ ઉપર છે.

તે પરિણતિ અર્થભાવના ઉપર આધાર રાખે છે.

નવકારની અર્થભાવનામાં સંસારની અસારતા, વીતરાગતા, વિષયકષાયની ભયાનકતા અને નિર્ગ્રન્થતાની સારભૂતતા ભાવિત કરવાની હોય છે. સંસારનાં ક્ષણિક સુખોનો મોહ ન જાય અને મોક્ષનાં અક્ષયસુખો પ્રત્યે પ્રેમ ન જાગે, ત્યાં સુધી નવકાર એ ભાવનવકાર કેવી રીતે બને? પ્રાથમિક અવસ્થામાં એકલો પાઠ પણ લાભ કરે, કિન્તુ તે લાભ સામાન્ય હોય છે.

જે જીવને આગળ વધવું હોય, તેને તેટલાંથી સંતોષ થાય?
આગળ વધવાની ઇચ્છાવાળાને અર્થભાવનાપૂર્વક ગણાય
તો જ પૂર્ણ ફળને આપે. નવકારના અનંત અર્થ છે.
વ્યવહારનયનો અભિપ્રાય ક્રિયા ઉપર તથા નિશ્ચય-
નયનો અભિપ્રાય જ્ઞાન-પરિણતિ ઉપર ભાર દેવાનો છે.
શ્રોતાની ભૂમિકાનુસાર તે તે નયને મુખ્ય કરવાનો હોય છે.

જે નય પોતાનો અભિપ્રાય રજુ કરે,
તે વખતે તેના ઉપર જોર આપવામાં ન આવે,
તો જે જ્ઞાન આપવું છે, તે કેમ રીતે આપી શકાય?
પ્રતિપક્ષનયના એકાંતથી જે વિચારો જડ ઘાલીને બેઠા હોય,
તેને કેમ રીતે દૂર કરી શકાય? કેવળ ક્રિયાવાદીઓ હોય,
તેઓ પરિણતિ કેળવવા માટે જ્ઞાનનયનો ભાર દેવો જોઈએ.
નવકારના પરમેષ્ઠિઓનું સ્વરૂપ જાણ્યા વિના, તે પ્રત્યે
રુચિ કેળવ્યા વિના, તેમનામાં રહેલા ગુણોને ઓળખ્યા વિના
આત્મા તદાકાર કેમ રીતે બને? આરાધનાનું પૂર્ણ ફળ
મેળવવા માટે તે અત્યંત જરૂરી છે. સાચી અર્થભાવના-
પૂર્વકની આરાધના જે રીતે આત્મામાં ઊંડાણથી પ્રવેશી શકે,
તે રીતે કેવળ ઓઘદૃષ્ટિથી થતી આરાધના અંતસ્તલમાં
પ્રવેશી ન શકે. એ માટે અર્થભાવનાની પુનઃ પુનઃ જરૂર છે.

જ્યારે વ્યવહારનયનું સમર્થન કરવું હોય, ત્યારે
તેનું પણ બેવડું સમર્થન કરવું આવશ્યક બને છે.
ગુરુને સમર્પિત થયા વિના બધી જ આરાધના નિષ્ફળ છે.
ગુરુ એ તારક છે અને ગુરુઆજ્ઞા વિના થતી બધી
આરાધના સ્વચ્છંદ છે, કપોલકલ્પિત છે.
શાસ્ત્રજ્ઞાન ભલે અલ્પ હોય કે અધિક - પણ જેઓ
ગુરુને સમર્પિત છે, તેઓ ભવસાગરને અવશ્ય તરે છે.
આ વ્યવહારનયની દેશના છે.
વ્યવહારનય નવકાર માટે પણ એ જ કહે છે.
અયોગ્યને પણ યોગ્ય બનાવવાની તાકાત નવકારમાં છે.
નિશ્ચયનય કહેશે કે
નવકાર નહિ પણ પોતાના શુદ્ધ પરિણામ જ તારક છે.
નિશ્ચયનયનું વચન : આશયશુદ્ધિ વિના નવકાર ન તારે.
વ્યવહારનય કથન : આશયશુદ્ધિ નવકાર વિના ન જ થાય.
બંને નય પોતપોતાના સ્થાનમાં સમાન બળવાન છે.
શ્રોતા જે નયને યોગ્ય હોય, તે નય આગળ કરવો જોઈએ.
પ્રમાદી જીવોને પ્રથમ વ્યવહારનય ઉપયોગી છે,
ક્રિયામાં રૂઢ થયેલાઓને નિશ્ચયનય ઉપયોગી છે.
નિશ્ચયના લક્ષ્ય વિનાનો વ્યવહાર અલ્પ ફળવાળો છે.

જેમની વિપુલ નિર્જરા અધ્યાત્મના લક્ષ્યવાળાને જ હોય.
લક્ષ્ય સ્થિર કરવા અધ્યાત્મની દેશના જોરશોરથી કરી.
એ રીતે ઉભયનયનો સમન્વય થઈ શકે છે.

<u>મંત્રજાપ શા માટે ?</u> ૐ <u>26-6-71</u>

સંકલ્પની શક્તિ વધારવાને માટે સ્મરણ, પ્રણિધાન,
સ્તોત્રો, મંત્રના અક્ષરો જેવા વગેરે પ્રયોગ સહાયક છે.

'ૐ નમઃ સિદ્ધં ।' મંત્ર દ્વારા
નિર્વિકલ્પ સિદ્ધ અવસ્થાનો અનુભવ થઈ શકે છે.
નિર્વિકલ્પ બનવા માટે આ જાપ સહાયક બને છે.
'अर्हं' મંત્ર પ્રધાન પરમેષ્ઠિ - અરિહંતનું વાચક છે,
સમવસરણસ્થ જિનનું ધ્યાન તે દ્વારા થાય છે.
સાધકોને અરિહંતોનું ધ્યાન હોય,
કિન્તુ અરિહંતોના ધ્યાનનું ધ્યાન ન હોય.
સાધનામાં પરસત્તા એ ગૌણ - આત્મસત્તા મુખ્ય વસ્તુ છે.
અરિહંતોના ધ્યાનના ધ્યાનમાં આત્મસત્તા વિષય પડે છે
અને અરિહંતોના ધ્યાનમાં પરસત્તા વિષય મુખ્ય બને છે.
સાધનાનો માર્ગ અંતર્મુખી છે, બહિર્મુખી નહિ.
પરસત્તામાં બહિર્મુખતા છે, આત્મસત્તામાં અંતર્મુખતા છે.
one is objective, other is subjective.

સામાયિક આત્મા છે - સામાયિકનો અર્થ આત્મરતા છે. આત્મરતામાં શત્રુ - મિત્રભાવ, સુખ - દુઃખભાવ, હર્ષ-શોકભાવ ગૌણ તથા કેવળ આત્મતત્ત્વ જ રહે જાણે, પછી તે સ્વરૂપાસ્તિત્વરૂપ - સાદૃશ્યાસ્તિત્વરૂપ યા કૂટસ્થરૂપ રહે.

ત્રણે પ્રકારે તે સમત્વને પોષક છે, તેથી
આત્મરતા એ જ સાધનાનું પરમ રહસ્ય છે.

## સમવસરણમાં દેવોનું મંગલ કાર્ય

વાયુકુમાર દેવો સમવસરણ માટેની ભૂમિ શુદ્ધિ કરે છે, મેઘકુમાર દેવો જલવૃષ્ટિ, ઋતુકુમાર પુષ્પવૃષ્ટિ કરે છે, ભવનપતિ દેવો રૂપાનો, જ્યોતિષી દેવો સોનાનો તથા વૈમાનિક દેવો રત્નનો ગઢ રચે છે. મધ્યમાં ભૂમિ પર પાદપીઠ તથા છત્રત્રયયુક્ત રત્નમણિજડિત સિંહાસન રચે છે. ચારે બાજુ ત્રણ ત્રણ પોળો, તોરણો, વાવડીઓ, ધર્મધ્વજ, સિંહધ્વજ, ચક્રધ્વજ વગેરે ધ્વજપતાકાઓ શોભી રહે છે. વ્યંતરરચિત સુવર્ણ કમળોમાં પાદપદ્મ સ્થાપીને અરિહંતો વિચરે છે. દેવો ચામર વીંઝે છે. વાજિંત્રના મધુધ્વનિ સાથે પ્રભુ પૂર્વદ્વારે પ્રવેશી પૂર્વ સિંહાસને બેસે, ત્રણ દિશામાં દેવો પ્રભુપ્રતિબિંબ સ્થાપી ચારે દિશાની બારે પર્ષદાના જાતિવેરવાળા તિર્યંચો પણ વેરભાવને ભૂલી જાય છે.

## <u>અગમ સ્મરણ</u>

ત્રિવેણી કે ત્રિકૂટી સુધી મન - બુદ્ધિ - ચિત્ત - અહંકારની
પહોંચ છે, તેને ભેદીને સુરતા જ્યારે બ્રહ્મરંધ્રમાં પહોંચે છે,
ત્યારે ત્યાં મન - બુદ્ધિ પહોંચી શકતા નથી અને
એટલે જ તેને 'અગમ દેશ' કહેવામાં આવે છે.
મન - બુદ્ધિ પર આ અગમ, બેહદ યા પૂરનબ્રહ્મના
મુકામ ઉપર સુરતા પહોંચી ગઈ અને
આનંદ આનંદ થઈ ગયો.

ગુરુએ આપેલ મંત્ર અથવા તો ભગવદ્‌નામના જપમાં
મગ્ન બની જઈને આત્માનો અહર્નિશ આનંદ માણવો,
એ ખરેખરી 'મસ્તી' પીધાના આનંદનું લક્ષણ છે.

### <u>મનની બે વૃત્તિઓ - વિદ્યા અને અવિદ્યા</u>

વિદ્યા પરમાત્મા તરફ લઈ જાય,
અવિદ્યા મોહ - માયામાં ફસાવી મારે.

'તૂં મેરી ફિક્ર મેં, તો મૈં તેરી ફિક્ર મેં.'

આપ-વડું તે સર્વ પાપનું મૂળ છે.

જે ઈશ્વરનું શરણ કરે, તેનો ભાર ઈશ્વર ઉપાડી લે છે.

आत्मन्येव आत्मनातुष्टः ।
દેહભાવે જીવતો નથી, આત્મભાવે મરતો નથી.

વૈખરીનો મનમાં, મનનો પ્રાણમાં, પ્રાણનો બ્રહ્મમાં લય થાય. ઉન્મની અવસ્થામાં પ્રાણ બ્રહ્મરંધ્રમાં સ્થિર થઈ જાય છે.

## મોક્ષમાર્ગની વસ્તુઓ

દેવ - ગુરુ - ધર્મ - તીર્થ - શાસ્ત્ર
એ સંસારમાં છે પણ સંસારનાં નથી.
સંસારથી વિરુદ્ધ હોવાથી અને
મોક્ષનાં કારણ હોવાથી તે સંસારની નહિ
પણ મોક્ષમાર્ગની વસ્તુઓ છે.

સંયમ = સમ્યક્પ્રવૃત્તિ, અવિરતિ = પાપપ્રવૃત્તિથી અવિરામ, વિરતિ = પાપપ્રવૃત્તિથી વિરામ, અસંયમ = મિથ્યાપ્રવૃત્તિ.

ચારિત્ર = સર્વ પાપોનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ, કષાયની 3 ચોકડીનો અભાવ અને ચોથી ચોકડી પાતળી છે તે ક્રોધ - માનાદિનો પ્રશસ્ત ઉપયોગ હોવાથી તેનો પણ અભાવ છે. અભાવ એટલે તેનું કાર્ય લવલેશ પણ ન થવા દેવું તે છે.

અસંયમ - પ્રમાદાદિ પ્રત્યે ક્રોધ અથવા દ્વેષ, સંયમનું ગૌરવ નથી, મોક્ષનો લોભ ઈત્યાદિ રૂપે હોવું.

તપોવન - ચારિત્રજીવનને શ્રુતસ્વાધ્યાયાદિ સત્પ્રવૃત્તિ વડે વેગ આપે છે. વિરાગમાર્ગ = વીતરાગદશાને આપનાર. ચારિત્ર એ રાગના માર્ગે નહિ, વિરાગના માર્ગે ચાલે છે.

મહેનત કરવાથી જ્ઞાન આવે છે, એટલે...
આવરણ ખસવા વડે જ્ઞાન અંદરથી બહાર આવે છે.
નવરું મન પિશાચી વિચારોથી ભરેલું હોય છે.
ચારિત્રાચરણ વિના જ્ઞાની પણ ભારનો ભાગી છે,
સદ્ગતિનો નહિ. ચારિત્રમાં મુખ્ય મન-વચન-કાયાની
ગુપ્તિ છે અર્થાત્ સમ્યક્ પ્રવૃત્તિ અને નિવૃત્તિ છે.
અભવ્યના ઉગ્ર ચારિત્રપાલનમાં ય મનોગુપ્તિ હોતી નથી.
મન વિષયવિરાગવાળું નહિ, રાગવાળું છે, તેથી સુગુપ્ત નથી.
ત્રિગુપ્તિને ધરનારો જ સાચો જ્ઞાની છે.
જિનવચન ચિત્તસમાધિમાં હેતુ છે, માટે શરણપ્રદ છે.
સ્વપરનો ભેદ સમજાવે છે, તેથી આપદાઓ આપદરૂપ
લાગતી નથી અને સમતાભાવ વડે અશુભ કર્મક્ષય
કરાવનાર હોવાથી અને જન્મ અને મરણ આદિનો
આત્યંતિક નાશ કરનાર હોવાથી આનંદપ્રદ બને છે.

## ધ્યાનથી કર્મક્ષયમાં ત્રણ દૃષ્ટાંત

મન એ વિષ સમાન, અગ્નિ સમાન અને જળ સમાન છે.
ત્રિલોકવ્યાપ્ત મન રૂપી ઝેરને ડંખમાં લાવવાનું કાર્ય,
શોક-સંતાપરૂપ અગ્નિ સમાન મનને ઠારવાનું કાર્ય અને
જળની જેમ તેને દૂર કરવાનું કાર્ય ધ્યાનથી થાય છે.

# ધ્યાનથી થાય કર્મનાશ

(૧) મેલ કાપવા જલની જેમ ધ્યાન કર્મમેલને ધુએ છે.

(૨) જીવ રૂપી સુવર્ણમાંથી કર્મકલંક દૂર કરવા માટે ધ્યાન એ વહ્નિનું અથવા તો અગ્નિનું કાર્ય કરે છે.

(૩) કર્મરોગ નિવારણ માટે ઔષધની જેમ લંઘનથી દોષોને પચાવે છે, વિરેચનથી દૂર કરે છે અને અન્ય ઔષધિઓથી રોગનું શમન, નિવારણ કરે છે. કર્મરોગનું પચન - શમન - નિવારણ કરી ભાવઆરોગ્ય આપે છે.

(૪) કર્મરૂપી ઈંધનતૃણને બાળવા માટે અગ્નિનું કાર્ય કરે છે.

(૫) ધ્યાનરૂપી અનુકૂળ પવનથી કર્મવાદળ વિખરી જાય છે. 'આત્મા શુદ્ધરૂપથી નિર્મળ જ્ઞાનમાત્ર સ્વભાવવાળો છે, વસ્તુને માત્ર જોવા - જાણવા એવો સ્વચ્છ સ્વભાવ આત્માનો છે' એ ભાવનાને અંતરમાં સારી રીતે ભાવિત કરવામાં આવે, તો રાગ આદિ દોષોનો ક્ષય થાય છે.

(૬) જીવ ઉપર ચોંટેલ કર્મપંકને શોષવાનું કાર્ય ધ્યાનરૂપી સૂર્ય વડે થાય છે.

(૭) ધ્યાનના બળે ઈર્ષા - વિષાદ - શોક આદિ માનસિક તાપ નાશ પામે છે.

(૮) શારીરિક વેદના વખતે પીડા નહીં, આનંદ થાય છે.

## ધ્યાન વડે મનઃસંકલ્પ અને મનોનાશ કઈ રીતે?

(૧) આખા શરીરમાં વ્યાપેલું ઝેર મંત્રના બળે ડંખમાં આવે છે અને પછી વિશિષ્ટ મંત્રપ્રયોગથી દંશ સહિત શરીરના તે ભાગમાંથી પણ દૂર કરાય છે. મંત્રના પદો, યંત્રની આકૃતિ, તંત્રની મૂળવિધિ - એ ત્રણે મળીને કાર્યની સિદ્ધિ કરે છે.

(૨) ઘણાં લાકડાંથી ભરેલો અગ્નિ સળગતો હોય, ત્યારે ક્રમશઃ લાકડાં ખેંચી લેવામાં આવે તો અગ્નિ ઓછો થતો જાય છે અને અલ્પ લાકડાં રહે, તે પણ ખેંચી લેતાં અગ્નિ જેમ શાંત થઈ જાય છે, તેમ ધ્યાનથી બને છે.

(૩) કાચી માટીના ઘડામાં ભરેલું પાણી હોય, તે ધીમે ધીમે ઝરીને ક્રમશઃ ઓછું થતું આવે છે. અપ્રમાદના બળે કર્મ-શરીર કાચી માટીના ઘડા જેવું પોચું બની જાય, તેમાં ધ્યાનરૂપી જળ ભરવાથી તેનો નાશ થઈ જાય છે. યોગીઓનું મન પાણીની જેમ દ્રવણશીલ છે. ધ્યાન સકલ ગુણોનું સ્થાન છે, દૃષ્ટ-અદૃષ્ટ સુખોનું નિધાન - અત્યંત પ્રશસ્ત છે, તેથી સર્વ કાળ શ્રદ્ધેય, જ્ઞેય અને ધ્યેય છે. ધ્યાનના ફળ શુભાસ્રવ, સંવર, વિપુલ નિર્જરા અને સદ્ગતિનાં સુખ અને તેના અનુબંધ વિશેષો છે, પરંપરાએ મુક્તિપ્રદ છે.

## શુક્લ ધ્યાનનાં લિંગ

(૧) અવધ (૨) અસંમોહ (૩) વિવેક (૪) વ્યુત્સર્ગ છે.

અવધ = નિર્ભયતા, અસંમોહ = નિઃશંકતા,

વિવેક = નિરહંકારતા, વ્યુત્સર્ગ = નિર્મમતા.

મોક્ષનું સાધન સંવર છે તથા

નિર્જરાનું સાધન ધ્યાનપ્રધાન તપ હોઈ - ધ્યાન

એ જલ, અગ્નિ, સૂર્યની જેમ મોક્ષનું કારણ બને છે.

મુનિ: એટલે 'મન્યતે યો જગત્ તત્ત્વમ્,

ત્રિકાલાવસ્થાયાં ઇતિ મુનિઃ ।'

ત્રિકાલાવસ્થા ધ્યાનમગ્ન રહેતા મુનિને...

(૧) પરિષહ - ઉપસર્ગાદિ ભય હોતો નથી.

(૨) દેવની માયા - ઇંદ્રજાળમાં મુંઝવણ હોતી નથી.

(૩) ધ્યાનીને એવું ભેદજ્ઞાન હોય છે કે:

જે જાય છે - તે મારૂં નથી, જે મારૂં છે - તે જાતું નથી.

(૪) તેઓ શરીર અને ઉપધિ પ્રત્યે નિઃસંગ હોય છે.

### મંત્રની મહત્તા અને મોક્ષપ્રદતા

મંત્રની અને બ્રહ્મશક્તિની એકતા

નાભિ આદિ ચક્રોમાં સિદ્ધ કરવામાં આવે,

ત્યારે મંત્રબળ પ્રગટે છે.

મૂલાધારથી દ્વાદશાંત સુધીમાં ઉચ્ચારણાદિવિધિ મુજબ મંત્રનું આલંબન કરવાથી મંત્ર દીક્ષા, ગુરુ અને સુનિશ્ચિત થાય છે, તેથી તેમાં મહત્તા અને મોક્ષપ્રદતા આવી છે.

## પરમાત્માની આજ્ઞા શું છે?

ચિત્તને સ્ફટિક જેવું નિર્મળ બનાવવું અને તે માટે જ્ઞાનાદિને પોષવા અને રાગાદિને ટાળવા - એ આજ્ઞા છે.
દ્વાદશાંગીના અર્થનો સાર આ આજ્ઞાનું આરાધન જ છે.
ઉપસર્ગોમાં ધીરતા અને અસંયમમાં ભીરુતા કેળવવા જોઈએ.
સંપત્તિમાં હર્ષ અને વિપત્તિમાં વિષાદ રાખવો, અજ્ઞાન છે.

વ્રત આદિના કષ્ટને સુખરૂપ માની અને
વિષયો આદિના સુખને જ્યારે દુઃખરૂપ માની,
ત્યારે મોક્ષલક્ષ્મી સ્વયં તેને વરે છે.

જે દુરાચારી છે - તે અપ્રભુમય છે, જ્યારે
નાસ્તિક એ પ્રભુવિરોધી છે.

આથી દુરાચારી કરતાં પણ નાસ્તિક વધુ ભયંકર છે.
તમામ દુઃખોનો ઈલાજ = પ્રભુમય બની પ્રભુ તરફ વળવું.

પ્રભુના સંપર્કથી આધિ - વ્યાધિ - ઉપાધિનો
ત્રિવિધ તાપ વિના વિલંબે દૂર થાય છે.

વળી તમામ દુઃખો - અનિષ્ટોનું કારણ આત્મવિસ્મૃતિ છે.

ચાહે આત્માના ઈન્કારનો ઢોલ પીટનાર નાસ્તિક
પોતાની માફક બીજાઓને પણ વિનાશને પંથે
લઈ જાય છે, તેથી નાસ્તિકનો સંગ પણ ત્યાજ્ય છે.

ધર્મ એટલે અહિંસા : પ્રેમ - કરુણા - સમભાવ.

'આત્મવત્ સર્વભૂતેષુ |' આ ધર્મ છે.
ધર્મમાં પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ - કરુણા - સમભાવ હોય.
કરુણા - અહિંસાનો સાગર જેમાં લહેરો હોય, તે ધર્મ.
ધર્મની દૃષ્ટિ ચિત્તશુદ્ધિપ્રધાન છે, તે દૃષ્ટિએ દેવો
કરતાં પણ શ્રેયાર્થી મનુષ્ય જ વધારે ગૌરવાર્હ છે.

અહિંસાનો પાયો એટલે...

સર્વ આત્માઓ સાથે પોતાનો વાસ્તવિક અભેદભાવ.
આત્મૌપમ્યની દૃષ્ટિએ સર્વ જીવ સમાન છે.
અહિંસાની બીજી ભૂમિકા અનુભવની છે.
સર્વને જીવન પ્રિય છે - મરણ અપ્રિય છે.
સૌને સુખ પ્રિય છે - દુઃખ અપ્રિય છે,
તો પછી કોઈની પણ હિંસા કેમ થાય?
કોઈને દુઃખ થાય તેવું વર્તન, વાણી કે વિચાર પણ કેમ થાય?
કોઈ પણ જીવને પીડા ન કરવી,
એ ખરેખર જ્ઞાનીઓ માટે સારરૂપ છે.

'સમયા સવ્વ ભૂએસુ, સત્તુમિત્તેસુ વા જગે |'
સર્વ જીવ એટલે માત્ર માનવ નહિ પણ કીટ-પતંગથી
માંડીને માનવ, એકેન્દ્રિય જીવથી માંડીને પંચેન્દ્રિય જીવ.
સત્તાએ કરી અર્થાત્ Potentially સર્વ સમાન છે.
માત્ર ચેતનાના વિકાસની દ્રષ્ટિએ જીવોમાં ભેદ છે.
એ રીતે જૈન દર્શન તે ખરી રીતે આત્મદર્શન છે.
તેમાં આત્મપ્રેમની વાત મુખ્ય છે.

## સાધુપણાંનો સાર શું છે?

તે ઉગ્ર વિહાર, યોગસાધના, શાંતિ, આનંદ, પ્રેમ,
આત્મજ્ઞાન, ધ્યાનની અનુભૂતિ અને નિરાગ્રહિતા છે.
ગચ્છ કે પંથના આગ્રહ, પક્ષ - પ્રતિપક્ષ વાદવિવાદ, તડ,
દુરાગ્રહ અને શિથિલાચાર સાધુપણાંને
શોભાવનારા નહિ પણ દૂષિત કરનારા છે.

## જૈન ધર્મનો સાર શું છે?

જૈન ધર્મ પરમાત્માને પૂર્ણ અને શુદ્ધ જ્ઞાનમય પરમ
આત્મભાવને પામેલા માને છે અને જગતને વિશ્વના
તત્ત્વનો પ્રકાશ કરી પરમાત્મભાવ પામવાનો સાચો માર્ગ
બતાવે છે, જે બહિરાત્મભાવમાંથી નીકળી અંતરાત્મ-
ભાવમાં આવવું અને અંતરાત્મભાવમાં સ્થિર થઈને

પરમાત્મભાવનું આત્મામાં ભાવન કરવું અને તે માટે તપ, ત્યાગ, સંયમ, મૈત્રી આદિની સાધનામાં નિમગ્ન રહેવું. પરમ ઉપકારી તરીકે હૃદયમાં પરમાત્મને સ્થાપન કરવા.

અંતરાત્મભાવ એ વિદેહભાવ છે,

પરમાત્મભાવ એ મહાવિદેહભાવ છે.

'धम्मो आणाए पडिबद्धो ।'

હિંસાદિ પાપને ત્યાજ્ય ન માનવું તે મિથ્યાત્વ, પાપની છૂટ હોવી તે અવિરતિ. પ્રમાદ, કષાય અને યોગ દુષ્ટ હોય, તો તે કર્મબંધના હેતુ છે. જિનેશ્વરોની આજ્ઞા તેનાથી બચવાનો માર્ગ બતાવે છે, માટે કલ્યાણ કરનારી છે. જિનાજ્ઞાપાલનના અધ્યવસાયથી હિંસા આદિ આશ્રવોથી બચવારૂપ લાભ સાથે પરમ ઉપકારી શ્રી જિન ભગવંતોનો અત્યંત વિનય તથા જે બહુમાન થાય છે, તે નિર્જરાનો હેતુ છે. જિનાજ્ઞાપાલનના અધ્યવસાયથી અશુભનો સંવર અને વિનય થવા વડે વિપુલ કર્મનિર્જરા સધાય છે. મનુષ્યોને માનકષાય દુરંત છે, તે આઠ પ્રકારે કર્મનો બંધ કરાવે છે. યોગ્યનો વિનય તે માનકષાયનો પ્રતીકાર હોવાથી વિનયને આઠ કર્મનો છેદ કરાવનાર પરમ ગુરૂ તરીકે વર્ણવ્યો છે.

એવં વિનયગુણમાં માન - મોહનીયાદિ કષ્ટ કર્મોનો છેદ કરાવવાનું સામર્થ્ય છે, તેથી એ શાસ્ત્રવચન છે કે: 'વિનય મૂલો ધમ્મો |' જ્યાં વિનય છે, ત્યાં ધર્મ છે. જ્યાં વિનય નથી, ત્યાં તપ, શ્રુત અથવા ચારિત્ર પણ માનકષાયની વૃદ્ધિમાં હેતુ બનીને કર્મનો બંધ કરાવે છે. ધર્મનું મૂળ વિનય છે અને પાપનું મૂળ અહંકાર છે.

અહંકારરૂપી પાપનો નાશ વિનયગુણથી થાય છે, જે પ્રભુની આજ્ઞાના પાલનના અધ્યવસાયથી પ્રગટે છે, તેથી એમ કહેવાય છે કે:

પ્રભુઆજ્ઞાની સાથે ધર્મ બંધાયેલો છે.

## 'અર્હં' મંત્રની અદ્ભુત મહત્તા

(૧) અર્હં એ અનાહત સ્વરૂપ છે.
(૨) સર્વ શાસ્ત્રોનાં રહસ્યભૂત છે.
(૩) તેનું અતિ નિર્મળ સ્વરૂપ છે.
(૪) તે 'અસિઆઉસા નમઃ |' રૂપે પૂજાય છે.
(૫) તે અભીષ્ટ ફળને દેનાર છે.
(૬) અનાદિસિદ્ધ અક્ષર વર્ણમાળાના સંગ્રહરૂપ છે.
(૭) સિદ્ધચક્રયંત્રના બીજરૂપે તે પ્રસિદ્ધ છે.

ह्रीं ॐ ऐं अर्हं ऐं ऐं अर्हं ऐं ॐ ह्रीं

(૧) ૐ = બાહ્યભાવનો સંકલ્પ બહિરાત્મભાવનો ત્યાગ.

(૨) અર્હં = અંતરભાવનિમજ્જન, અંતરાત્મભાવસ્થિતીકરણ.

(3) નમ: = પરમાત્મભાવમાં પરિણમન, વિસ્મૃતીકરણ.

(૧) ૐ મંત્ર વડે સંકલ્પ - બહિરાત્મત્યાગ.

(૨) અર્હં મંત્ર વડે નિમજ્જન - અંતરાત્મભાવનો સ્વીકાર.

(૩) નમ: મંત્ર વડે વિસ્મૃતીકરણ - અભેદભાવનું ભાવન.

ૐ વડે વૃત્તિના વિષયો પ્રત્યે અનાસક્તિ,

અર્હં વડે વૃત્તિઓ પ્રત્યે જાગૃતિ તથા

નમ: વડે જાગૃતિ પ્રત્યે સાક્ષીભાવ આવે છે.

સાક્ષીની સ્મૃતિમાં અંદર પ્રવેશનું દ્વાર ખૂલે છે,

સાક્ષીભાવ તે વીતરાગભાવ છે.

લોકાલોકપ્રકાશકતા તે સર્વજ્ઞતા છે.

## શાસ્ત્રચક્ષુને નમસ્કાર

અરિહંત, સિદ્ધ પરમાત્માઓ પોતાના શરીર અને શરીર પ્રમાણ ૨/3 અવગાહના પ્રમાણ હોવા છતાં જેમણે પોતાના જ્ઞાન દ્વારા સંપૂર્ણ વિશ્વને વ્યાપ્ત કરી લીધું છે અર્થાત્ પોતાના જ્ઞાનમાં જ સંપૂર્ણ પ્રમેય રહેવાના કારણે જે વિશ્વરૂપતા પ્રાપ્ત કરી રહ્યા છે, તેમને નમસ્કાર થાઓ.

વિવેક વડે શરીરાદિનો ભેદ નક્કી થાય છે,
વ્યુત્સર્ગ વડે તેમાંથી મમત્વનું વિસર્જન થાય છે.

આત્મા, કર્મ, પુણ્ય - પાપ, મોક્ષ આદિ
અતીન્દ્રિય પદાર્થોનું જ્ઞાન મન કે બુદ્ધિ વડે અશક્ય છે.
તેને શાસ્ત્રચક્ષુ વડે યથાર્થપણે જોઈ - જાણી શકાય છે, તેથી
પરલોકના માર્ગમાં શાસ્ત્ર એ જ એક પરમ ઉપકારક છે.

## મહાપુરુષો વડે પણ સેવાયેલું છે ધ્યાન

ધ્યાન એ સઘળા ગુણોને અવકાશ આપે છે.
ભાવના, અનુપ્રેક્ષા, વાચનાદિ, ક્રિયાદિ, આસનાદિચર્યાદિ વડે
જિનવચનરુચિ - બહુમાન, ધ્યાતાના ગુણ શાંતતા - દાન્તતા,
પ્રશસ્ત લેશ્યા, અને નિર્ભયતાદિ ગુણો પુષ્ટ થાય છે.
ધ્યાનથી દૃષ્ટાદૃષ્ટ સુખોનો લાભ, શુભાસ્રવ, સંવર, નિર્જરા,
અમર સુખો, શારીરિક - માનસિક દુઃખોનો અંત, પ્રત્યક્ષ-
પરોક્ષમાં અનંત અવ્યાબાધ સ્વાધીન સુખો પ્રાપ્ત થાય છે.

ધ્યાન એ તીર્થંકર - ગણધરાદિ મહાપુરુષો વડે
સેવાયેલું હોઈ પ્રશસ્ત છે, શ્રદ્ધા - રુચિ - આસ્થા - આદર
આદિ કરવા યોગ્ય છે, તેનું સ્વરૂપ સમજવા - જાણવા
યોગ્ય છે, ક્રિયાથી અમલમાં મૂકવા યોગ્ય છે, ચિન્તનથી
આચરવા યોગ્ય છે. એથી ત્રણ રત્નોની આરાધના થાય છે.

ધ્યાનનું આસેવન શ્રદ્ધા - જ્ઞાનપૂર્વક, વારંવાર, નિત્ય
કરવા લાયક છે, તેથી કોઈ ક્રિયાઓ નહિ લોપાય.

ક્રિયાનું આસેવન પણ ધ્યાનરૂપ જ છે.

ક્રિયામાં થતી મનની એકાગ્રતા એ પણ ધ્યાન જ છે.

ઉપયોગશૂન્ય ક્રિયાને મોક્ષમાર્ગમાં સ્થાન નથી.

દરેક ક્રિયા પ્રણિધાનપૂર્વક જ કરવાની કહી છે.

ક્રિયામાં મનની તન્મયતા - સ્થિરતા એ જ ધ્યાન છે.

ચિત્તનું સ્થિર ચિન્તન એ ધ્યાન જ છે.

સ્વાધ્યાય - વાંચન આદિ ધ્યાનનાં જ આલંબન છે.
એના આલંબને ચિત્તસ્થૈર્ય આવે જ છે. સાધુક્રિયા
અને સ્વાધ્યાયના પ્રવાહમાં ધ્યાનનો સતત પ્રવાહ વહે છે.

મન વિવિધતાપ્રિય હોવાથી વિવિધ ક્રિયા અને
વિવિધ સ્વાધ્યાય વડે જ તે સ્થિર થઈ શકે છે.

મિથ્યાત્વ = મિથ્યામતિ - આત્મભાન ભૂલવું તે.

અવિરતિ = ઇચ્છાને કાબુમાં રાખવાનો નિયમ ન કરવો તે.

કષાય = રાગ-દ્વેષવાળી પ્રવૃત્તિઓ.

યોગ = મન - વચન - કાયાની સામાન્ય ક્રિયાઓ.

કોઈ વખતે એક, કોઈ વખતે બે, કોઈ વખતે ત્રણ, કોઈ
વખતે ચારે ય જાતની લાગણીઓ એકસાથે હોય છે.

નિર્વિચારતા - એક આશીર્વાદ ॐ પિંડવાડા, Dt: 2/7/71

સાર્થક છે તે સાધના કે જે નિર્વિચારતા તરફ જાય છે.
વિચારની પાછળ પણ એક સભાનતા - વિવેકબુદ્ધિ છે.
વિચારમાં ગ્રસ્ત તથા વ્યસ્ત માણસ એને જાણી શકતો નથી.
વિચાર પરાયા છે, જ્ઞાનનો અગ્નિ આપણો પોતાનો છે.
વિચાર આપણી સીમા છે, ઇંદ્રિયો આપણી સીમા છે.
આથી એમના વડે જે જાણી શકાય, તે સીમાવાળું દૃશ્ય છે.
અસીમને, અનંતને જાણવા માટે એનાથી ઉપર ઉઠવું પડશે.
ઇંદ્રિયોની પાછળ ચિત્તની વિચારશૂન્ય અવસ્થામાં જેનો
સાક્ષાત્કાર થાય, તે જ અનંત, અસીમ, અનાદિ આત્મા છે.
આત્માને જાણવાની આંખ શૂન્ય છે, તે જ સમાધિ છે
અને તે જ યોગ છે. ચિત્તવૃત્તિઓના વિસર્જનથી જે
બંધ આંખો ખુલે છે અને આખું યે જીવન
અમૃતપ્રકાશથી આલોકિત અને રૂપાંતરિત થઈ જાય છે.

ત્યાં વિચાર નથી, દર્શન છે.

વિચાર, વૃત્તિઓ, ચિત્ત - જ્યાં નથી, ત્યાં દર્શન છે.

શૂન્ય વડે પૂર્ણનું દર્શન થાય છે.

'બસ માત્ર જોવું' - એના બિંદુ ઉપર સ્થિર થતાં જ
ક્રમશઃ વિચાર વિલીન થવા લાગે છે.

પૂર્ણ થવાની જેને ચિંતા લાગી છે,
તે રિક્ત અને શૂન્ય બની જાય છે.
જે શૂન્ય બનીને નિશ્ચિંત છે, તે પૂર્ણને પામે છે.
ધર્મ એ મનુષ્યજીવનનું ચરમ સાહસ છે, કારણકે
તે પોતાને શૂન્ય અને વિસર્જિત કરવાનો માર્ગ છે.
ધર્મ એ ભયભીત લોકો માટેની દિશા નથી.
સ્વર્ગના લોભથી પીડાતા અને
નરકના ભયથી કંપતા લોકો માટે ધર્મ એ પુરૂષાર્થ નથી.
એ બધાં ભયો અને પ્રલોભનો વડે જ
ટીપાંઓએ પોતાની જાતને બનાવી છે અને બાંધી છે.
ટીપું મિટાવવાનું છે,
વ્યક્તિને વિસર્જિત કરવાની છે, તેને મૃત્યુ આપવાનું છે.
જેઓ એટલા અભય અને સાહસિક છે,
તેઓ જ સાગરના નિમંત્રણનો સ્વીકાર કરી શકશે.
સાગરનું નિમંત્રણ એ જ સત્યનું નિમંત્રણ છે.

o

First thought control, then its annihilation, then self absorption & expantion of self, covering the whole cosmos. Think and realise.

સં. ૨૦૨૭, અષાડ સુદી ૮, ગુરુવાર, તા. ૧-૭-૭૧

'સવિતા' શબ્દ દેવતાવાચક છે.

વેદોમાં 'દેવતા' શબ્દરૂપ માનવામાં આવ્યા છે.
ગાયત્રી મંત્ર કહે છે કે: સવિતા કે સૂર્ય સર્જનહાર છે,
તેના પાપનાશક તેજનું અમે ધ્યાન કરીએ છીએ.

ભૂઃ = દેહ - ભૂમિલોક,
ભુવઃ = પ્રાણ - અંતરિક્ષ, સ્વઃ = મન - સ્વર્ગ.
દેહ - પ્રાણ - મન એ અંતરાત્માના ત્રણ પ્રકટ અંશ છે.
સૃષ્ટિમાં પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગ એ ત્રણ અંશ છે.

જેમ રામાયણનો સાર 'રામ'નું નામ છે,
તેમ વેદોનો સાર ભગવાનનું 'ૐ' નામ છે.

ભગવાનની નજીક બેસવાને સુખને માટે કંઈ માંગીએ તો આત્માની વ્યાપકતાનો ખ્યાલ આવે છે, માટે એકાંતમાં બેસવાને પણ સમજ માટે પ્રાર્થના કરવી એ આવશ્યક છે. વ્યવહાર માટે માર્ગદર્શક આપણી ચીજ વિવેકબુદ્ધિ છે. તે અંતિમ સદ્ગુરુના સ્થાને છે. 'બુદ્ધિં તુ સારથિં વિદ્ધિ'

ભક્તિનો ન્યૂનતમ અર્થ છે 'અહંતામુક્તિ'.
અહંપણું ટળી ગયું તો બંધનથી મુક્તિ અવશ્ય છે.
અહં એ જ બંધન છે, ભક્તિથી જ તે નાશ પામે છે.

કોઈ પણ બળવાન મનુષ્ય શ્રદ્ધાહીન હોતો નથી.
શ્રદ્ધા વિના જીવન જ શક્ય નથી.
તે શ્રદ્ધા ત્રણ પ્રકારની છે: સાત્ત્વિક, રાજસિક અને તામસિક.
સાત્ત્વિક શ્રદ્ધા તારનારી છે.
ગુરુ વગર આત્મજ્ઞાન અસંભવ છે અને
વિવેકથી વધીયાતો અન્ય કોઈ ગુરુ નથી.
વળી સદ્દેશ ગુરુથી પણ હોઈ શકે છે.

भिन्नात्मानमुपास्यात्मा परो भवति तादृशः ।
वर्तिर्दीपं यथोपास्य भिन्ना भवति तादृशी ॥९७॥

અર્થ: જેમ વાટ પોતાથી ભિન્ન એવા દીવાની
ઉપાસનાથી દીવો બને છે, તેમ પોતાથી ભિન્ન એવા
પરમાત્માની ઉપાસનાથી આત્મા પરમાત્મા થાય છે.

उपास्यात्मानमेवात्मा जायते परमोऽथवा ।
मथित्वात्मानमात्मैव जायतेऽग्निर्यथा तरुः ॥९८॥

અર્થ: જેમ (અરણી) કાષ્ઠને અન્ય કાષ્ઠ સાથે ઘસવાથી
અગ્નિ ઉત્પન્ન થાય છે, તેમ આત્મા આત્માની જ
ઉપાસના કરવાથી પરમાત્મા થાય છે. - સમાધિશતક

o

God is my unchanging and
unfailing supply in every need.

## લોગસ્સ સૂત્રની ગાથાનો રહસ્યાર્થ

શ્વેતાંબર સંપ્રદાયમાં લોગસ્સસૂત્રની ગાથા ૭માં વંદના છે.
બાદ ત્રણ ગાથામાં અર્હંત ૨-૩-૪ નામસ્તુતિ છે.
તે પછી બે ગાથામાં અર્હંત ૫-૬ ગાથામાં કામના છે.
છેલ્લા અર્હંત ગાથા ૭માં મુક્તિની કામના છે.

દિગંબર સંપ્રદાયમાં આ ૭ ગાથા ઉપરાંત
પ્રથમ ગાથા નીચે મુજબ છે, તે મળીને ૮ ગાથા છે.

थोस्सामि हं जिणवरे तित्थयरे केवली अणंतजिणे ।
णरपवरलोयमहिए विहुदरयमले महप्पणे ॥१॥

'चंदेसु णिम्मलयरा ।' પદ શું દર્શાવે છે?
તે પદ ક્ષાયિક સમ્યક્ત્વની પૂર્ણ નિર્મળતા જણાવે છે.

'आइच्चेसु अहियं पयासयरा ।' પદ શું પ્રકટાવે છે?
આ પદ કેવળજ્ઞાન રૂપી પૂર્ણ પ્રકાશને પ્રકટ કરે છે.

'सागरवरगंभीरा ।' પદ શું સૂચવે છે?
આ પદ ચારિત્રગુણની ગંભીરતા - વિશાળતાને સૂચવે છે.
શ્રી જિનાગમમાં સૂર્ય, ચંદ્ર અને સાગરો અસંખ્યાતા
જણાવ્યા છે. આત્મપ્રદેશો પણ અસંખ્યાતા જણાવ્યા છે.
સંખ્યાની સમાનતા હોવાથી - આત્માનો એક એક પ્રદેશ,
એક એક ચંદ્ર - સૂર્ય અને સાગરના નિર્મળ પ્રકાશ,

ઉત્કટ તેજ અને અતિ ગંભીર જળરાશિ સમાન
સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ અનંતગુણોનું ધામ છે,
એનું ધ્યાન કરી શકાય છે.
પ્રાથમિક અવસ્થામાં અરૂપી એવા આત્માનું સ્વરૂપ
રૂપી પદાર્થના આલંબનથી જ ભાવી શકાય,
પણ તેમાં તન્મયતા થતાં
અરૂપી ગુણોનો અનુભવ પણ શક્ય બની જાય છે.
જિનબિંબોનું સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરતાં
ચંદ્ર જેવી સૌમ્યતા, સૂર્ય જેવી તેજસ્વિતા અને
સાગર જેવી ગંભીરતા સાક્ષાત્ અનુભવાય છે.

ટળવદ, સં. ૨૦૨૭, જેઠ સુદ ૧૨

સૂર્યમંડન પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરતી વખતે
સૂર્ય જેવો પ્રકાશ અનુભવમાં આવ્યો છે.
ચંદ્ર-સૂર્ય વડે નેત્રમંડળના સ્થાને પરમ જ્યોતિસ્વરૂપ
આત્મધ્યાન સૂચવાય છે અને પૂર્ણાનંદ સુખનો સાગર
છે, તેથી તેમાં તન્મય બની ઝીલતાં શીખવું જોઈએ.
અભ્યાસથી તે સાધ્ય છે. કહ્યું છે કે:

જ્ઞાનદર્શનચંદ્રાર્કનેત્રસ્ય નરકચ્છિદઃ ।
સુખસાગરમગ્નસ્ય કિં ન્યૂનં યોગિનો હરેઃ ॥૬॥

- જ્ઞાનસાર, પ્રકાશ ૨૦, ગાથા ૬

વળી શાસ્ત્રીય સંગીતના સુરીલા સ્વરો સાથે ભક્તિ-રસમાં ઝીલતાં પણ સમાપત્તિ સિદ્ધ થઈ શકે છે.

રાવણના દૃષ્ટાંતથી પણ આ વાત સુપ્રસિદ્ધ છે.

વાજિંત્રનાદ, લય અને તાનપૂર્વક ગવાતી ધૂનઓના અવલંબથી ચિત્તની નિશ્ચલતા, સ્થિરતા અને તન્મયતા અનુક્રમે પ્રાપ્ત થતાં ઉર્ધ્વગમન સુસાધ્ય બને છે.

તે વખતે અપૂર્વ આનંદ અનુભવાય છે.

શરીરનું ભાન ભૂલાઈ જતાં આત્મસ્થિતિ પ્રાપ્ત થાય છે, અંતર્મુખત્વ, શીતળતા, શાંતિનો પરમ અનુભવ થાય છે. સંકટ વચ્ચે પણ ધ્યાનની આવી સ્થિરતા પ્રાપ્ત થયાનાં દૃષ્ટાંત મળે છે. પ્રભુ ભક્તિનું પરમ ફળ તે વખતે પ્રત્યક્ષપણે અનુભવી શકાય છે. - કલાપૂર્ણસૂરિ.

## ધ્યાનનું ફળ

પોતાના આત્માનું આત્મસ્વરૂપ ભૂલવું, તે આર્તધ્યાનનું ફળ છે. ભવ ભવોમાં રખડતું જગત્ આત્મતુલ્ય છે, તેનું વિસ્મરણ થવું તે રૌદ્રધ્યાનનું ફળ છે. જીવમાત્ર નિશ્ચયથી શિવ છે તથા જિનસ્વરૂપ અને નિશ્ચયથી જિનસ્વરૂપ છે, આ જે વસ્તુનું સ્મરણ જેટલું દૃઢ, તેટલું ઉભય પ્રકારે અશુભધ્યાનથી બચી જવાનો શુદ્ધ ઉપાય છે.

પુદ્ગલનું ધ્યાન આત્મસ્વરૂપ ભૂલાવી પૌદ્ગલિક સુખની આડે આવનાર બધી પ્રત્યે વેરભાવને વિકસાવે છે.

પુદ્ગલના સુખમાં સુખાભાસ છે પણ સુખ નહિ, એટલું જ નહિ પણ તે ભાવિ દુઃખના ઉત્પાદક છે, એ વગેરે વિચાર વિરાગનું કારણ બને છે, પરંતુ તેમાં સ્થિરતા લાવવાનો ઉપાય આત્મસ્વરૂપનું ચિન્તન છે. 'આત્મા દ્રવ્યથી અખંડ, અભંગ, નિત્ય, નિરંજન આદિ સ્વરૂપવાળો છે અને આનંદસ્વરૂપ છે' એ ચિન્તન જેમ દૃઢ થતું જાય છે, તેમ પુદ્ગલ પ્રત્યેનું આકર્ષણ હળદરના રંગની જેમ ઉડી જાય છે.

'પોતાનો આત્મા છે, તેવો જ સર્વનો છે' એ વિચાર માત્ર વિચારમાં જ નહિ પણ મન, વચન, કર્મ-ત્રણેમાં ઉતરે, ત્યારે અંતરાત્મભાવ સ્થિર થાય. તેમાં રહી પરમાત્મભાવની ભાવના કરવામાં આવે છે અને તેનો દીર્ઘકાળ સુધી આંતરું પાડ્યા વિના શ્રદ્ધાપૂર્વક કરાય છે, ત્યારે આત્મજ્ઞાન દૃઢ થાય અને તે જ સૂર્યના પ્રકાશની જેમ અનાદિ અજ્ઞાન રાત્રિના અંધકારને હણનાર થાય છે.

'આત્માનું અજ્ઞાન એજ દુઃખ છે અને આત્મજ્ઞાન એ જ સાચા સુખ મેળવવાનો ઉપાય છે'

સદા નિશ્ચય પ્રધાન શાસ્ત્ર વડે થાય છે,
પછી મનન-ચિન્તન વડે પોતાની બુદ્ધિ સ્થિર થાય છે
અને ધ્યાન વડે આવરણ ક્ષીણ થવાથી
આત્મસાક્ષાત્કાર પણ ક્રમશઃ થતો આવે છે.
આ જ મુક્તિમાર્ગ છે તથા મુક્તિમાર્ગનું રહસ્ય છે કે:
બહિરાત્મભાવનો ત્યાગ કરી અંતરાત્મભાવમાં સ્થિર થઈ,
પરમાત્મભાવનું ભાવન કરતાં રહેવું.
પ્રત્યેક ધર્મક્રિયા જો આ આદર્શને પૂરો પાડતી હોય,
તો જ તે સાચી ધર્મક્રિયા છે.
બહિરાત્મભાવના ત્યાગ વડે અશુભાસ્રવનો નિરોધ,
અંતરાત્મભાવમાં સ્થિર થવા વડે શુભાસ્રવનું સેવન
અને પરમાત્મભાવનું ભાવન થવા વડે એકાંત
કર્મનિર્જરાનો લાભ થાય છે.
સાધુભક્તિ, જિનપૂજા, દાનાદિ ધર્મનું સેવન,
પર્વાદિનું આરાધન, તીર્થયાત્રા આદિનું પરિભ્રમણ વગેરે
આ એક જ ઉદ્દેશ કરવાનું હોય છે અને તે દ્વારા
શુભાસ્રવ, સંવર અને નિર્જરાના લાભ સાથે મોક્ષના
અનંતર કારણ સ્વરૂપ ઉત્તમ ક્ષાન્ત્યાદિ
ધર્મોની પ્રાપ્તિ થાય છે અને મોક્ષ નિકટ આવે છે.

ક્ષાન્ત્યાદિદશધા ધર્મઃ સર્વધર્મશિરોમણિઃ ।
(મૈત્ર્યાદ્યમૃતસંગ્રહઃ)
સોઽપિ સામ્યવતામેવ મૈત્ર્યાદ્યકૃતકારણાત્ ॥૨॥

આ શ્લોકમાં એમ કહેલું છે કે:

મૈત્ર્યાદિથી પરિકર્મિત સામ્ય તે જીવો પ્રત્યે આત્મૌપમ્ય ભાવનું ફળ અને ક્ષાન્ત્યાદિ દશવિધ ધર્મ તે આત્મધ્યાન વડે પુષ્ટ થયેલું હોય, ત્યારે ઉત્તમ - સર્વ ધર્મોમાં શિરોમણિભૂત બને છે. પુદ્ગલથી ભિન્ન જીવતત્ત્વનું સ્વરૂપચિન્તન ક્ષાન્ત્યાદિ ધર્મોને પુષ્ટ બનાવે છે અને જીવોથી અભિન્ન આત્મતત્ત્વનું ચિન્તન મૈત્ર્યાદિ ભાવોને સુદૃઢ બનાવે છે. મૈત્ર્યાદિથી પુષ્ટ થયેલ અને ક્ષાન્ત્યાદિથી શુદ્ધ થયેલ ધર્મ જીવતત્ત્વના આદર વડે પુદ્ગલનો વિરાગ = નિર્વેદ અને મોક્ષનો રાગ = સંવેગ જગવે અને તે બે ગુણો અનુક્રમે સાનુબંધ બનીને નિર્વેદ વડે વીતરાગતા અને સર્વજ્ઞતાને પુષ્ટ કરે છે. આત્માનું શુદ્ધ સંવેગ વડે સ્વરૂપ સર્વજ્ઞ અને વીતરાગ હોવાથી મૈત્ર્યાદિ અને ક્ષાન્ત્યાદિ તેના કારણ બને છે.

o

God is my instant, constant,
abundant supply of perfect good.

## આગળ વધવાનો માર્ગ એટલે...

પોતાના સંદર્ભમાં બધાને જોવા,
તેના બદલે બધાના સંદર્ભમાં પોતાને જોતાં શીખવું.
એમ કરવાથી અહંકારના સ્થાને નમ્રતાગુણ આવે છે.
નમ્રતા સર્વ વિદ્યાઓ, કળાઓ, શિલ્પો, સર્જનોનું મૂળ છે.
નમ્ર મનુષ્ય જ સાચો મનુષ્ય છે.
નમ્રતા વિનાનું મનુષ્યત્વ પશુત્વથી પણ બદતર છે.
નમ્રતા દિવ્યતા તરફ દોરે, અહંતાની ગતિ તેથી વિપરીત છે.
બધાના સંદર્ભમાં પોતાને જોવો તે નમ્રતા છે,
પોતાના સંદર્ભમાં બધાને જોવા તે અહંતા છે.
અહંતા નમ્રતાની નાશક છે - વિનાશક છે. કહ્યું છે કે:
'તન્નમઃ ઇત્યુપાસીત । નમ્યન્તેઽસ્મૈકામાઃ ।'
બ્રહ્મને નમ્રરૂપે ઉપાસના કરવાથી સર્વ કામનાઓ
પૂર્ણ થાય છે અર્થાત્ નમ્ર મનુષ્ય કામનારહિત બને છે.
અહંતા એ કામનામાત્રની જનેતા છે,
નમ્રતા એ કામનામાત્રની નાશક છે.
પોતાના સંદર્ભમાં બધાનો વિચાર કામનાપોષક છે અને
બધાના સંદર્ભમાં પોતાનો વિચાર નમ્રતા ગુણનો પોષક છે.
નમ્રતાથી નિર્ભયતા પ્રકટે છે, જ્યારે

કામનાથી ભય, અરતિ, શોક અને ચિન્તા - વિષાદાદિ માનસિક ગ્લાનિઓ અનુભવાય છે. જીવન્મુક્તિ અને વિદેહમુક્તિ એ કામનાનાશક ઔષધિ મોક્ષના ઉપાય છે.

જીવન્મુક્તિ વડે શિવત્વની પ્રાપ્તિ અને વિદેહમુક્તિ વડે નિરંજનરૂપની પ્રાપ્તિ અનુભવસિદ્ધ છે.

## આર્તધ્યાન તથા રૌદ્રધ્યાનની વ્યાખ્યા

સ્વજીવમાં જીવત્વ ભૂલવાથી - પુદ્ગલમાં જીવત્વનો ગર્વ ધારણ કરવાથી મનમાં અશુભ ધ્યાન ઉત્પન્ન થાય છે, તેને શાસ્ત્રમાં 'આર્તધ્યાન' તથા સર્વ જીવોમાં જીવત્વ અને તેમાં રહેલું પ્રચ્છન્ન શિવત્વ ભૂલવાથી જે અશુભ ધ્યાન ઉત્પન્ન થાય, તેને શાસ્ત્રમાં 'રૌદ્રધ્યાન' કહ્યું છે.

## ધર્મધ્યાન તથા શુક્લધ્યાનની વ્યાખ્યા

સર્વ જીવોમાં જીવત્વ અને પ્રચ્છન્ન શિવત્વ જોવાથી જે શુભભાવ ઉત્પન્ન થાય, તેને શાસ્ત્રમાં 'ધર્મધ્યાન' અને સ્વજીવમાં રહેલું જિનત્વ જોવાથી જે શુભધ્યાન બને છે અને ટકી રહે છે, તેને શાસ્ત્રમાં 'શુક્લધ્યાન' કહ્યું છે. આ શુક્લધ્યાનનું બીજ કહેલું છે. જીવમાં શિવત્વ જોતાં શીખવું અને નિજમાં જિનત્વ જોતાં થવું, તે ધર્મધ્યાન અને શુક્લધ્યાનની પ્રાપ્તિનાં બીજ બની જાય છે.

જિનની અભક્તિ અને જીવોની અમૈત્રી અશુભ ધ્યાનનાં ઉત્પાદક બની જીવને સંસાર પરિભ્રમણના કષ્ટોમાં નાંખે છે, તેથી વિરુદ્ધ જિનમાં નિજસ્વરૂપની ઉપલબ્ધિ અને જીવોમાં જીવત્વ-શિવત્વની ભાવના, એ બે નમસ્કાર સ્મરણની પાછળ ધ્યેયરૂપે બની રહેલાં હોવાં જોઈએ.

## સાચો પ્રેમ એ ધર્મ

આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થવાનાં સાધનો તે ધર્મ છે. પંચપરમેષ્ઠિ તે આત્માના શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિની પાંચ ભૂમિકા છે. તે દરેકનો પ્રથમ અક્ષર લઈને ઓંકાર બનેલો છે. અશરીરી સિદ્ધપરમાત્મા તે આત્માનું શુદ્ધ-પ્રકૃતિસ્વરૂપ. અરિહંત એ દેહધારી પ્રકૃતિસ્વરૂપ પરમાત્માનું નામ છે. આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુભગવંતોમાં પ્રકૃતિ મેળવવા પ્રયત્ન કરનારનો સમાવેશ થાય છે. 'સત્તાગત અનંત શક્તિમાન આત્મા છે અને આત્મા તત્ત્વથી પરમાત્મા છે' એમ જાણી આત્મદૃષ્ટિએ આત્મા ઉપર પ્રેમ કરવો, તે સાચો પ્રેમ છે. તે સિવાયનો પ્રેમ તે પ્રેમ નહિ પણ મોહ છે, સ્વાર્થ સ્નેહ છે, રાગ છે. પરને શાંતિ આપી પોતાને સુખ માનવું, તે પ્રેમભાવના.

પ્રેમ છે, ત્યાં આત્મલાભ છે.

પ્રેમના પ્રભાવમાં જ શુદ્ધ આત્માનો અનુભવ થાય છે. દાનરૂપ પ્રેમનીર દ્વારા પ્રેમજલ જીવને શાંતિ કરે છે. આ જગત દયા કરનારના અભાવે જ દુઃખી છે. જીવોને આત્મિક બોધ ન મળવાથી જ તેઓમાં આત્માની અનંત શક્તિ દબાયેલી પડી છે અને દયાળુ મહાત્માઓની મદદથી તેઓની શક્તિ ઘણી ઝડપથી બહાર આવે છે. પ્રેમ કદી નિષ્ફળ જતો નથી. પ્રેમ અવશ્ય બદલો વાળી આપનાર આ જગતમાં કોઈ ઉત્તમ સદ્‌ગુરુ નથી.

સાચા પ્રેમની એક ચીનગારી જ બસ છે. તે આખા ય વિશ્વને પ્રેમમય બનાવવાને સમર્થ થશે. વિપરીત સંયોગો જીવને સહનશીલ, નમ્ર ઉદાર, દયાળુ, નિઃસ્વાર્થ, વિવેકી થતાં શીખવે છે, માટે તેનો ય અનાદર ન કરો. આગળ વધવા કુટિલ રસ્તાને શોધશો નહિ. પ્રતિકૂળ સંયોગોમાં પ્રેમ-સંકલ્પબળ વધારી શકાય છે. પ્રેમ પ્રેમને પોષે છે, માટે જેઓએ સર્વ જીવો પ્રત્યે પોતાના જીવનમાં પ્રેમ બતાવ્યો છે, તેવા મહાન પુરુષોને ધ્યેય તરીકે સામે રાખી તેના અંતરદયાથી દ્રવતાં દયાળુ જીવનનો વિચાર કરો, તો તે મહાન શક્તિ સાથે તમારો અંતરસંબંધ જોડાશે અને સર્વ જીવો પ્રત્યે પ્રેમ કરતાં શીખી શકાશે.

ઈશુએ પૃથ્વીના જીવનમાં પ્રેમનો પ્રવાહ વહેવડાવ્યો છે,
બીજાનામાં પ્રેમ રાખવાથી જ હૃદયમાં પ્રેમ પ્રકટવા માંડશે.
પોતે પ્રભુરૂપ બન્યા વિના બાળમાં પ્રભુતા જોઈ શકાતી નથી.
મહાન પુરુષો જ બાળમાં પ્રભુતા જોઈ શકે છે.

તમે જે મનુષ્ય તરફ પ્રેમ કરો છો, સદ્ભાવ દર્શાવો છો,
તેથી તેમાં રહેલાં પ્રેમ તથા સદ્ગુણોને પ્રોત્સાહન આપો છો.
પરિણામે તેના હૃદયમાં પણ તમારા પ્રત્યે તેવો જ
ભાવ પ્રકટે છે. પ્રેમના વિચારો શરીરને આરોગ્ય, ચક્ષુઓમાં
બળ અને મનને દૃઢ સંકલ્પવાળું બનાવે છે. દ્વેષનો
બદલો પ્રેમરૂપે આપો, તેથી તમારી વિશેષ ઉન્નતિ થશે.

આત્માનો વિકાસ કરવામાં મુખ્ય સાધન
મનની નિર્મળતા - રાગદ્વેષની મંદતા છે અને
બીજું સાધન આત્મ ઉપયોગની અખંડતા - જાગૃતિ છે.
નિર્મળતા મૂલોત્તર ગુણોના પાલનથી થાય છે તથા
ઉપયોગની જાગૃતિ ભાવના અને ધ્યાનાભ્યાસથી થાય છે.

°

*We pray to God to bestow
upon us His blessings of joy,
peace and freedom from
the cycles of death and birth.*

## ચાર આધ્યાત્મિક પુરુષાર્થ

'ધર્મ' એટલે આત્માનો સ્વભાવ.
તે પ્રગટ કરવા પુરુષાર્થ કરવો, તે ધર્મ પુરુષાર્થ.
'અર્થ' એટલે પદાર્થ - વસ્તુતત્વ.
તેને જાણવા પ્રયત્ન કરવો, તે અર્થ પુરુષાર્થ.
'કામ' એટલે મનની ઇચ્છાઓ, વાસનાઓ, તૃષ્ણાઓ.
તેના પર વિજય મેળવવા પુરુષાર્થ કરવો, તે કામ પુરુષાર્થ.
'મોક્ષ' એટલે આત્માનું સહજ - સ્વાભાવિક સ્વરૂપ.
તેને પ્રકટાવવા માટે પુરુષાર્થ કરવો, તે મોક્ષ પુરુષાર્થ.
આ ચારે પ્રકારના પુરુષાર્થ તે આધ્યાત્મિક પુરુષાર્થ છે.
તે કરતાં જે સહજ લાભે પુણ્ય બંધાય અને
જેનાથી પાંચ ઇંદ્રિયોના લૌકિક સુખો અને તેનાં સાધનો
મળે તે વ્યવહારિક ધર્મ - અર્થ - કામ નામનાં પુરુષાર્થ છે.
બંધનમાં પડેલા પશુઓ પણ બંધનથી છૂટવા પ્રયત્ન કરે છે,
તેમ કર્મના બંધનમાંથી મુક્ત થવા માટેનો પ્રયત્ન,
એ જ સાચો પુરુષાર્થ છે.
જ્ઞાની પુરુષો એ પુરુષાર્થ માટે જ પ્રયત્ન કરે છે.

o

*Divine order is established in my mind, body and in all my affirs.*

## મોક્ષનું સાક્ષાત કારણ

સમ્યગ્દર્શન એ આત્મદર્શન છે. વીતરાગ - નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ જ્ઞાન - એ મોક્ષનું સાક્ષાત કારણ છે. આત્માના અનુભવ વિના તપશ્ચર્યા કરવાથી પણ મોક્ષ થતો નથી. આત્મઅનુભવવાળું જ્ઞાન જ સમ્યગ્જ્ઞાન છે. શાસ્ત્રોનો પરમાર્થ એટલે ઉત્કૃષ્ટ પદાર્થ = શુદ્ધ આત્મા.

નિર્વિકલ્પ શુદ્ધ આત્મામાં વિશ્રાંતિ કરવાવાળા
વીતરાગ ચારિત્રથી પરમાર્થ સિદ્ધ થઈ શકે છે.

શાસ્ત્રાભ્યાસ કરીને તેના ફળ રૂપે મન, વચન, કાયાને નિશ્ચલ બનાવવાપૂર્વક આત્મામાં લય કરવા જોઈએ. 'ણાણ તિહિં ગુત્તો |' પરમાત્મતત્ત્વને પ્રકટ કરનાર અધ્યાત્મશાસ્ત્રથી ઉત્પન્ન થયેલા વીતરાગ સ્વસંવેદન-વાળા બોધિને જ 'સમ્યગ્ જ્ઞાન' શબ્દ લાગુ પડે છે. મનને આત્મામાં સર્વથા ઓગાળી દેવું, તે મનોગુપ્તિ છે. આત્મામાં મનને લીન કરતાં આવડે નહિ તો શાસ્ત્રોના અક્ષરોનું જ્ઞાન કુવિચ પરાળના ઘાસ જેટલું જ ઉપયોગી છે. થોડા કે ઘણાં શાસ્ત્રના અભ્યાસ કરવા ઉપર જ

આત્મબોધિનો આધાર નથી પણ
વીતરાગ ભાવે પરિણમવામાં જ શાસ્ત્રની કૃતાર્થતા છે.

વીતરાગ દશાવાળા જિનેશ્વર જ પરમ તીર્થ છે,
તે વીતરાગ નિર્વિકલ્પ પરમ સમાધિમાં મગ્ન થવાથી
પોતાના શુદ્ધ આત્મતત્ત્વના આનંદમાં એકરસ થઈ રહે છે.
નિશ્ચયથી શુદ્ધ આત્મતત્ત્વનું સ્મરણ કરવું તે જ તીર્થસેવા.
પરમાર્થને જાણનાર પુરુષને નાના-મોટાપણું હોય જ નહિ.
તેથી તો તેઓ જ મુખ્યપણે બોલનારા હોય છે કે:
સર્વ જીવોમાં સત્તાગત ઉપર વાત્સલ્યપણું રહેલું છે. તેથી
દેહના ભેદ વડે આત્માનો ભેદ ન માનતાં પરમ પ્રેમથી
આત્માને જ જુએ છે. વન, સેના, મનુષ્ય, જીવ - એ
સર્વ વસ્તુ જાતિની અપેક્ષાએ એક છે,
પરન્તુ વ્યક્તિની અપેક્ષાએ અનેક છે.

## વ્યવહાર અને નિશ્ચયનો ભેદ

વ્યક્તિ તે વ્યવહાર છે, જાતિ તે નિશ્ચય છે.
વ્યવહારનયે કેવળજ્ઞાન લોકાલોકનું પ્રકાશક છે,
નિશ્ચયનયે પોતાના શુદ્ધ આત્માનું ગ્રાહક છે.
વ્યવહારે આવરણ છે, નિશ્ચયનયે સર્વ જીવો નિરાવરણ છે.
વ્યવહારે જન્મ - મરણ છે,
નિશ્ચય દૃષ્ટિએ આત્માને જન્મ - મરણ છે જ નહિ.
વ્યવહારે તે દેહપ્રમાણ છે, નિશ્ચયથી લોકાલોકપ્રમાણ છે.

## સાકાર - નિરાકાર સ્થિતિ

આત્મામાં કર્મગ્રહણની યોગ્યતાવાળી શક્તિ છે,
તેનો ત્યાગ અને ધ્યાનથી નાશ કરવો જોઈએ.
નિર્વિકલ્પ સમાધિમાં આત્મા આત્મારૂપે પ્રકાશિત રહે છે
અને પોતે પોતાના આનંદમાં પરિણમ્યા રહે છે,
તે વખતે કલ્પના કરનાર મનની હયાતિ હોતી નથી.
આત્માની સ્વરૂપસ્થ અવસ્થામાં મૂક શાંતિ છે.
બાહ્ય બાજુ આખું વિશ્વ પ્રતિબિંબની માફક આત્મામાં
રહેલું જે દેખાય છે, તે સાકાર - સવિકલ્પ સ્થિતિ છે.
નિરાકાર નિર્વિકલ્પ સ્થિતિમાં કેવળ આત્માનું જ ભાન
થાય છે. નિશ્ચય દૃષ્ટિએ સર્વ જીવોનો એક સ્વભાવ છે.
કર્મો વડે જગના ભેદો કરાયેલા છે. કર્મ એ શુદ્ધ
આત્માનું લક્ષણ નથી, કર્મોથી આત્મા અલગ થઈ શકે છે.
જીવોનો સમૂહ વ્યવહારે કર્મ કરતો દેખાય છે,
નિશ્ચયનયે શક્તિરૂપે પરબ્રહ્મસ્વરૂપ છે,
તે અપેક્ષાએ પરબ્રહ્મમય અને બ્રહ્મમય કહી શકાય છે.
આત્મસ્વરૂપનો અભ્યાસ ત્રિગુપ્તિવાળી સમાધિના જ
લક્ષ્યવાળો હોય છે. આત્મા સ્પર્શાદિ વિષયોની પેલી
પાર છે. જડ વસ્તુનું નહીં, અનંત શક્તિવાળા આત્માનું જ
ચિન્તન કરવું જોઈએ.

એ સિદ્ધ નિયમ છે કે : જેવું જોવા લાયક ચિન્તન
કરવામાં આવે છે, તેના જેવા જ તે જીવો બને છે.
વિષયો તરફ મનુષ્યો જેટલું ખેંચાણ રાખે છે, તેટલું
જો ધર્મ અને આત્મા તરફ ધરાવતાં હોય,
તો આ દુઃખમય સંસારમાં પરિભ્રમણ કરવું ન પડે.
નિર્વિકલ્પ સમાધિના બળે રાગ - દ્વેષોને હટાવી જેણે
મનની શુદ્ધિ નથી કરી, તેણે પોતે જ પોતાને ઠગ્યો છે.
મનથી છૂટો થયેલો છે, તે જ આત્મા મુક્ત થયેલો છે.
મનને જે શુદ્ધ આત્મામાં જોડે, તે મનુષ્ય યોગી થશે.
મનને જે આત્મધ્યાનમાં લગાડે, તે ધ્યાની બનશે.
મનને જે નિર્વિકલ્પ સમાધિમાં જોડે, તે સમાધિસ્થ થશે.
એમ મનને બદલાવતાં જીંદગીની આખી બાજી બદલાઈ જાય છે.

वैराग्यं[1] तत्त्वविज्ञानं[2] नैर्ग्रन्थ्यं[3] वशचित्तता[4] ।
जितपरीषहत्वं[5] च पंचैते ध्यानहेतवः ॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

જે જીવો પોતાની શક્તિ પ્રમાણે આત્મમાર્ગમાં બાળ
જીવોને જગાડે છે, તેને તેનાથી ઊંચી કોટિના મહાત્માઓ
જગાડે છે. પ્રભુમાર્ગમાં જેઓ બાળકને મદદગાર થાય છે,
તેને તેનાથી આગળ વધેલા આત્માઓ મદદ આપે છે.

મનને નિશ્ચલ કરવા ક્રિયાની જરૂર છે,
નિશ્ચલ થયેલું મન સહજ સ્થિર થાય છે.
ચૌદ પૂર્વનો સાર એટલે નવકારનો અર્થ
શુદ્ધ આત્મતત્ત્વમાં પરિણમવું, નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ
દ્વારા આત્મસ્વરૂપમાં રહેવું અને રમવું - તે છે.
શાંતિનો અગાધ સમુદ્ર તો આત્મા જ છે.
વિચારો તેના આડે દિવાલો છે. એ તૂટ્યાં વિના કદી
પણ આત્માની ખરી શાંતિનો અનુભવ થતો નથી.
V.V. Imp. આત્મા વિચારોની પેલી પાર છે.
નવકાર એ વિચાર નથી પણ નિર્વિચાર દશામાં પરિણમેલા
મહાત્માઓની નિર્વિચાર દશામાં જવા માટેનો પ્રયત્ન છે.
પૂર્વધરો પણ અર્થના જ્ઞાનમાં ષટ્સ્થાનપતિત છે અને
તે કારણે એક સૂત્રમાં અનંતો અર્થ રહેલો છે. તે સૌ
અર્થ - વિચારોનો સાર પણ નિર્વિચાર થવું તે જ છે.
નિર્વિચાર - નિર્વિકલ્પ થવું, તે આત્મદ્રવ્યમાં પરિણમન
છે, કારણકે દ્રવ્ય નિર્વિકલ્પ છે અને નવકાર એ
નિર્વિકલ્પ થવાનો માર્ગ છે. અરિહંતાદિ પરમેષ્ઠીઓ જે
વીતરાગ નિર્વિકલ્પ ચિન્માત્ર અવસ્થાને પામ્યા છે, તેને
ધ્યેય બનાવીને ધ્યાન દ્વારા તે સ્વરૂપમાં પરિણમવું,
એ જ નિશ્ચય નવકાર છે.

વ્યવહાર સાધન છે, નિશ્ચય તેનું સાધ્ય છે.

નિશ્ચય વ્યવહાર એ સર્વ શાસ્ત્રોનો સાર - પરમાર્થ છે.

ઉપાસના = સ્વરૂપની સ્મૃતિ, અવિનત્વનો બોધ.

ઉપાસના, પ્રાર્થના, ભાવના - એ સર્વ એકાર્થક છે.

આત્મસ્વરૂપની ભાવના એ જ તાત્ત્વિક ઉપાસના છે.

તન્મયતા શબ્દમાં : તદ્ શબ્દથી પ્રભુ, મય શબ્દથી ઐક્ય.

પ્રભુની સાથે ઐક્ય કરીને પ્રભુમય થઈ જવું.

તલ્લીનતા = એકતા, સમાનતા અથવા અભેદની અનુભૂતિ.

આત્મનિન્દા, પ્રભુસ્તુતિ વગેરે ઉપાસનાનાં માધ્યમ છે.

ઉપાસનાનો તાત્પર્યાર્થ છે :

સમીપ રહેવું, નિકટતા અનુભવવી, સ્વરૂપની અનુભૂતિ.

ભાવનાનો અર્થ અનુભૂતિ છે. 'તજ્જપસ્તદર્થ ભાવનમ્ ।'

જેનો જપ કરવામાં આવે, તે અર્થ - પદાર્થની સ્વયં અનુભૂતિ કરવી, તે 'તદર્થભાવન' શબ્દ સૂચવે છે.

'સોઽહં સ પરમાત્મા ।' 'તદહમસ્મિ ।' 'સોઽહં' એ અર્થભાવન છે. અર્થનું અનુભવવું, તદ્રૂપ થવું અને જાપની સાથે અભેદ અનુભવવો, તે તાત્ત્વિક જાપ છે.

આત્મનિન્દા નિર્મળતાનું - ગુણસ્તુતિ સ્થિરતાનું તથા અભેદાનુભૂતિ તે તન્મયતાનું કારણ છે.

અભેદાનુભૂતિ જ્યારે સ્મૃતિમાં સ્થિર થાય છે, ત્યારે સાચો આનંદ, અનંત બળ, સ્ફૂર્તિનો ખરો અનુભવ થાય. ઉપાસના કરતો ભક્ત જીવ પોતાનું શુદ્ધ સાત્વિક સ્વરૂપ વિકસિત કરવા માટે જેમ વાટ દીવાની ઉપાસના કરતી તૈલાદિથી સજ્જિત થઈ દીવાની ઉપાસનામાં તન્મય બની જાય, તેમ ઉપાસક આત્માર્થીને ખરો તદાકાર બને.

સ્તુતિના બે અગત્યના હેતુઓ છે:

પાપનો ક્ષય અને અજ્ઞાનાંધકારનો નાશ.

સ્તુતિ એ સ્તોતવ્યની પ્રસન્નતા માટે નહિ, કિન્તુ સ્તુતિ કરનારની ચિત્તપ્રસન્નતા માટે છે.

સ્તોતવ્યની સ્તુતિ વડે સ્તુતિ કરનારને કુશળ પરિણામ-તે દ્વારા સદ્ગતિ - પરંપરાએ સિદ્ધિનો લાભ થાય છે.

આ લોગસ્સ સૂત્રમાં તીર્થંકરોની સ્તુતિ છે.

આમાં ઋષભદેવથી માંડી વર્ધમાન સ્વામી પર્યંત ૨૪ તીર્થંકરોની નામોલ્લેખપૂર્વક વંદના છે અને તેમની સ્તુતિ માટે લોકોદ્યોતકર, તીર્થંકર, જિન, અરિહંત, કેવલી, વિધુતકલ્મષ, પ્રહીણજરામરણ, ચંદ્રનિર્મલતર, આદિત્યાધિક પ્રભ, સાગરવર ગંભીર, લોકપૂજિત, મહિત, જિનવર, સિદ્ધ, લોકોત્તમ ઈત્યાદિ અનેક વિશેષણોનો પ્રયોગ કરાયો છે.

આ લોગસ્સ સૂત્રના અંતમાં આરોગ્ય, સમાધિ, બોધિ, સિદ્ધિની પ્રાર્થના કરાયેલ છે. આરોગ્યની પ્રાર્થનામાં 'આરોગ્ય' એટલે... ભાવારોગ્ય. નિરાવરણ - મોહવિહીન જ્ઞાન - રત્નત્રયી - જ્ઞાનભાન.

મોહકર્મ - ઘાતીકર્મ એ જ રોગ, તેનો અભાવ. 'સમાધિ' એટલે... ધર્મધ્યાન - શુક્લધ્યાન રૂપ ચારિત્ર. 'બોધિ' એટલે સમ્યગ્દર્શન. 'સિદ્ધિ' એટલે સ્વાત્મોપલબ્ધિ અર્થાત્ ઘાતીકર્મરહિત જ્ઞાન, મોહકર્મરહિત કેવળજ્ઞાન.

## નિવૃત્તિમૂલક પ્રવૃત્તિનું માહાત્મ્ય

પ્રવૃત્તિ નિવૃત્તિમૂલક હોવી જોઈએ અને નિવૃત્તિમાં લોકકલ્યાણ અને વિશ્વહિતની ભાવના હોવી જોઈએ. નિવૃત્તિમૂલક પ્રવૃત્તિ, પ્રવૃત્તિને વિશુદ્ધ અને તેજસ્વી બનાવે છે અને પ્રવૃત્તિસાપેક્ષ નિવૃત્તિ, નિવૃત્તિને લોકકલ્યાણકારી સ્વરૂપ આપે છે. વસ્તુતઃ ચૈતન્યનું દરેક ચૈતન્ય પ્રત્યે એક ઉત્તરદાયિત્વ કર્તવ્ય રહેલું છે. પ્રત્યેક ચૈતન્યની સાથે ચૈતન્યનો આધ્યાત્મિક સંબંધ જોડાયેલો છે, તે સંબંધને તોડી શકાતો નથી. જેઓ તે સંબંધને સ્વીકારતા નથી, તેઓમાં ચૈતન્યની અનુભૂતિ હજુ સુધી જાગૃત થઈ નથી, એમ માનવું જોઈએ.

ચૈતન્યનું ચૈતન્ય પ્રત્યે સંવેદન
મૈત્રી, મુદિતા, કરુણા, માધ્યસ્થરૂપે હોય છે.
એ એક પ્રકારનો આધ્યાત્મિક સંબંધ છે.
જે પ્રવૃત્તિની સાથે આધ્યાત્મિક સંવેદન છે,
તે પ્રવૃત્તિ તો નિવૃત્તિથી પણ શ્રેષ્ઠ છે.

નિવૃત્તિનો ઉદ્દેશ કામ-ક્રોધાદિનું વિશોધન છે, નિષ્ક્રિયતા નહિ. જ્યારે અંતઃકરણના વિકારો સમાપ્ત થઈ જાય તથા મન અને આત્મા પવિત્ર સ્થિતિ ઉપર પહોંચી જાય, ત્યારે નિવૃત્તિનો ઉદ્દેશ પૂર્ણ થઈ જાય. અંતર્મુખી નિવૃત્તિ એ જ વસ્તુતઃ નિવૃત્તિ છે. વૃત્તિઓને વિશુદ્ધ બનાવવા માટે કામ-ક્રોધાદિની નિવૃત્તિ કરવી પડે છે. તે માટે મનને સાધવું પડે છે. વીતરાગભાવથી પ્રવૃત્તિ અને પ્રવૃત્તિનો ઉદ્દેશ વીતરાગભાવ, એમ અન્યોન્ય સંબંધ છે.

તુલાપરિણામરૂપ સમત્વ

ત્રાજવાનાં બંને પલ્લાં સમતોલ હોય તો જ તેનો કાંટો સ્થિર બને. સુખ-દુઃખ, હર્ષ-શોક, રતિ-અરતિ વગેરે દ્વન્દ્વોથી નિરપેક્ષ બનવામાં આવે, તો જ તુલાપરિણામરૂપ સમત્વ સિદ્ધ થાય. તુલાપરિણામ એટલે ત્રાજવાનો કાંટો સ્થિર થવો અને તે સ્થિર તો જ થાય કે બંને પલ્લાં સરખાં - સમતોલ હોય.

ઉદાસીનપરિણામ એટલે...

રાગ-દ્વેષના નિમિત્તો વખતે પણ રાગ-દ્વેષ ન થવા દેવા તે. રાગ અને દ્વેષના નિમિત્તભૂત સુખ-દુઃખના પ્રસંગોને કર્મના વિપાકરૂપે જોઈને તેમાં મધ્યસ્થ રહેવું, તે ઉદાસીનપરિણામ છે. મધુરપરિણામ તે મૈત્રી, ઉદાસીનપરિણામ તે માધ્યસ્થ્ય છે. કરુણા અને પ્રમોદ તે ઉપકારબુદ્ધિયુક્ત પરિણામ છે. તેમાં બીજાનાં દુઃખ પ્રત્યે રતિ અને બીજાનાં સુખ પ્રત્યે ઈર્ષ્યા નહિ, કિન્તુ કરુણા અને પ્રમોદનો ભાવ છે.

કરુણા તે દુઃખરૂપી દાવમાં પાણી (શીતક) છે અને
પ્રમોદ તે સુખરૂપી ખીરમાં ખાંડ છે અથવા
દુઃખીના દુઃખ દૂર કરવાની ક્રિયારૂપી ખીરમાં
ગુણીના ગુણના રાગના પક્ષપાતરૂપી ખાંડનો પ્રક્ષેપ છે.
ક્રિયા અને રાગ - બંને આત્મગુણ હોવાથી બંને પ્રત્યે સમાન આદરનો ભાવ તે પણ ઉપકારબુદ્ધિયુક્ત પરિણામ છે.

## મનનો આલાપ તે ધ્યાન

સ્વયંની બાબતમાં વિચારવું તે સ્વાધ્યાય છે અને સ્વયંને જાણવું તે ધ્યાન છે. પૂર્ણ સદા સાક્ષી છે, ધ્યાન છે. સજાગતા, જાગરણ, સાક્ષીભાવ - શબ્દની પુનરુક્તિ આત્મસંશોધન ન બની જાય, તેની કાળજી રાખવાની રહેય છે.
શુષ્ક જપ વગેરે અરાસાયણિક માદકતાઓ છે.

## માનસિક જાપ અને ધ્યાનમાં શું ફેર?

જાપ એ ક્રિયા, ધ્યાન છે સ્મૃતિપૂર્વક રહેવું.
જે બહાર કે અંદર છે, એમાં જાગરૂકતાનું નામ ધ્યાન છે.
જાપમાં કાંઈ કરવાનું રહે છે, તેથી તે માનસિક છે,
જ્યારે ધ્યાન એ જાગવું, જોવું.
સાક્ષિત્વ તે ક્રિયા નહિ પણ બધી ક્રિયાઓનો વિરામ છે.
ધ્યાન મનની પેલે પાર છે, સ્વયંને જાણવાનું દ્વાર છે.
ધ્યાન નિર્વિચાર ચેતના છે, ધ્યાન એ દ્વારહીન દ્વાર છે,
જે સ્વયંને સ્વયંથી જ પરિચિત કરાવે છે. mind
is the problem. મનરૂપી જડને ધ્યાન વડે છેદીએ.
મન સમસ્યા છે, ધ્યાન સમાધાન છે.
મનમાં ધ્યાન છે, ધ્યાનમાં મન નહિ.
ધ્યાનની અનુપસ્થિતિ તે મન - મનનો અભાવ તે ધ્યાન.
સમર્પણ = પર્વતની નદીમાં વહેવું.
મરી જવું = સ્મશાનની ચિતામાં રાખ થઈ જવું.
તથાતા = suchness. જે છે, તે મને મંજૂર છે,
પરિવર્તનની અનિચ્છા, non - resistence,
શરીરનું relaxation - શ્વાસની શાંતતા,
બધું શૂન્ય - દરવાજા ખૂલતા - all opening.

o રાગ-દ્વેષાદિ ઉત્પન્ન કરવા તે નિશ્ચયથી હિંસા છે,
તેથી શુદ્ધ આત્મપ્રભુની હિંસા થાય છે.
રાગાદિના અભાવવાળી માનસિક સ્થિતિ તે અહિંસા છે,
તેથી શુદ્ધ ચૈતન્યપ્રભુની રક્ષા થાય છે.
વ્યવહાર હિંસા કરતાં ય નિશ્ચય હિંસા વિશેષ દુઃખરૂપ છે.
પોતાના આત્મિક ભાવપ્રભુની હિંસાથી આત્મલાભ પ્રકટ થતું નહિ. મિથ્યાત્વ, અવિરતિ, વિષય-કષાયના પરિણામ વગેરે નિશ્ચયનયથી આત્મવધ કરવા બરાબર જ છે.
બીજાના ઇંદ્રિય, બળ, આયુષ્ય, શ્વાસોચ્છ્વાસાદિનો વિનાશ વ્યવહારનયે વધ છે, તેથી નરકાદિ નીચ ગતિ મળે છે.
નિશ્ચયથી વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન પરિણામે પરિણમવાથી પોતાના આત્માને અભયદાન અપાય છે,
તેનું ફળ મોક્ષની પ્રાપ્તિ છે.
એક શુદ્ધ આત્મદ્રવ્યને છોડીને આ વિવિધ આકારમાં ગોઠવાયેલું - રચાયેલું વિશ્વ - તેના તમામ પદાર્થો ક્ષણ-ભંગુર હોવાથી વિનાશી છે, તેથી સર્વ બાહ્ય - અંતર સંગનો ત્યાગ કરી નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિમાં રહેવું. 'સાધુપણું લઈ આત્માના ધ્યાનમાં રહી આત્માને ઉજ્જ્વળ ન બનાવ્યો, તેઓનો જન્મ નિરર્થક ગયો' એમ માનવું.

## માન અને મદ - બે રોગ

માનવની માન મારે છે. માન અને મદ - બે રોગ મનુષ્યના મનમાં સર્જન છે, તેનો પ્રતિકાર 'નમ' અને 'સમ' વડે થાય છે.

માન = અહં - નમ વડે ટળે, મદ = મમ - સમ વડે ટળે.

મદ વડે અષ્ટકર્મનો બંધ, વિનય વડે અષ્ટકર્મનો ક્ષય.

નમસ્કાર વિનયનું પ્રતીક છે. 'તન્નમઃ ઇત્યુપાસીત।'

બ્રહ્મ એ 'નમ' રૂપ છે, 'નમ'થી સમની પ્રાપ્તિ છે.

'નમ્યન્તે અસ્મૈકામાઃ।' વિનયથી વાસનાઓ વિલીન થાય છે.

નમવું = પરિણમવું, એકમેક થવું, ચાહવું, આભાર માનવો; ભાર દેવો અને મૂલ્યાંકન કરવું.

ત્રાજવાનું તે પલ્લું નમે છે, જે ભારે હોય છે.

બીજા પોતાનાથી અધિક મહત્ત્વવાળા છે, એમ સ્વીકારવું.

મોહ જવાથી મહાન થવાય, લોભ જવાથી લાભ થાય, માન જવાથી માન મળે, માયાનાશથી માયા-લક્ષ્મી જન્મે છે.

નમનથી મન મદરહિત બને છે. પ્રાપ્તનો મદ અને અપ્રાપ્તનું માન - બન્નેનો નાશ વિનયગુણના પાલનથી થાય છે.

કલ્પિત વસ્તુનો મદ કલ્પિત મદને વારંવાર નમન કરવાથી જાય છે. મદ - માન જવાથી કામ અને ક્રોધ, લોભ - મોહ, ભય - માયાદિ આપોઆપ વિલીન થાય છે.

## ચિત્તની એકાગ્રતાના ત્રણ ઉપાય

એક ધ્યાન સાથે સર્વેને ચિત્ત એકાગ્ર કરવું મુશ્કેલ છે.
ચિત્તને એકાગ્ર કરવાના ત્રણ ઉપાય છે:

(૧) ચિત્તનો પીછો પકડો.

(૨) ચિત્ત જ્યાં જાય, ત્યાં ઈશ્વરને જુઓ.

(૩) પ્રતિપક્ષ ભાવનાથી ચિત્તને વાસનારહિત કરો.
જે વાસનાઓ હોય, તેનાથી વિરોધી ભાવના કરવી.
એથી એકાગ્રતા સહેજે સધાશે.

એકાગ્રતા - શૂન્યતા - શૂન્યાગ્રતા સર્વ એકાર્થક છે.

## મનની ત્રણ ભૂમિકા

વિમનસ્કતા, ઉન્મનસ્કતા તથા અમનસ્કતા.

(૧) મનની બહાર જવું તે વિમનસ્કતા.
મન છે પણ આપણે મનની બહાર છીએ, સાક્ષીરૂપે જોઈ રહ્યા છીએ. વૃત્તિઓ, તરંગોને તટસ્થપણે જોતાં રહેવું.

(૨) મનની ઉપર જવું તે ઉન્મનસ્કતા.
મનની ઉપર ઊઠવું - ઉન્મન થવું તે શેષશાયીની ભૂમિકા.
હું અખંડ સમુદ્ર છું, વૃત્તિઓ તેમાં તરંગો છે અથવા હું પર્વતના શિખર ઉપરથી વિશ્વનું નિરીક્ષણ કરું છું.
ઉપર ગયેલો મનુષ્ય વિશ્વનો સાક્ષી બને છે.

એટલે મનની ઉપર જઈને વિશ્વનો ચિત્ર-વિચિત્ર ખેલ
જોવો તે ઉન્મન, શૂન્ય મન, વિમન થવું તે છે.

(3) શૂન્યમન - મન છે જ નહિ તેમ થવું, તે અમનસ્કતા.
મનનું કાર્ય શરીરનું રક્ષણ કરવાનું છે. સ્વસંરક્ષણ વૃત્તિ
મનનો ધર્મ છે. સિદ્ધાંતરક્ષણ કરવાનું કાર્ય મનનું નહિ,
બુદ્ધિનું છે. દેહનું રક્ષણ કરવા માટેનો ભય સહજ છે.
બુદ્ધિ તથા જ્ઞાન વધવાથી સિદ્ધાંતોનું રક્ષણ કરવા માટેનો
ભય જાગે છે. અજ્ઞાન મનને પણ શરીરસંરક્ષણનું જ્ઞાન છે.
સિદ્ધાંતના રક્ષણ માટે તે મન જ્ઞાની બનવું જોઈએ.
એ જ્ઞાન શાસ્ત્ર, અનુભવ અને જ્ઞાનવૃદ્ધિથી મળે છે.
'હું' પરથી 'આપ' પર અને 'આપ' પરથી 'એ' ઉપર.
'સંકલ્પ મેં કર્યો' એમ કહેવું તે પણ બરોબર છે.
અનેકના સહકાર-સહાયથી સંકલ્પ જાગે છે અને પૂર્ણ
થાય છે. ભગવાનથી સંકલ્પની શક્તિ ક્રમશઃ વધે છે.

- Vinoba

o જેવું તમારું સત્ય તેવી શ્રદ્ધા, જેવી શ્રદ્ધા તેવું કૃત.
જેવું Being - તેવી Belief.
જેવી Belief - તેવું Behaviour.
સત્ત્વાનુરૂપા સર્વસ્ય શ્રદ્ધા ભવતિ ।

સત્ય - being શરીર, મન અને આત્માથી બનેલું છે.
અહીં integrated શબ્દ તો રજૂ પ્રકૃતિ મોડે મળે.
દીવો ઘી દ્વારા સળગતો રાખવા વારંવાર ઘી પૂરવું પડે.

'મારું' કે 'હું' એક જ unit છે, જ્યારે
આત્મા એ મન અને શરીરનો બનેલો છે.
એ 'હું'ને સમજવો એ સત્યજ્ઞાન છે.
'તત્' એ ધ્યેય છે, 'સત્' એ સાધન છે.
'તત્' એ ગૂઢ, અગમ્ય, અદૃશ્ય તત્ત્વ છે.
સત્યજ્ઞાનથી તત્ત્વજ્ઞાન સુલભ બને છે.

o 'अनादित्वात् निर्गुणत्वात् परमात्माऽयमव्ययः
शरीरस्थोऽपि कौन्तेय ! न करोति न लिप्यते ||१||

પ્રકૃતિ: અનાદિ સત્ત્વ, રજસ્, તમોગુણરહિત - શાશ્વત અવ્યય હે અર્જુન! આ પરમાત્મા શરીરમાં રહેલાં હોવા છતાં કોઈ કર્મ કરતાં નથી અને કર્મથી લેપાતાં પણ નથી.

(१) 'महाशनः महापाप्मा |'
(२) 'उद्धरेदात्मनात्मानं, नात्मानमवसादयेत् |
(३) रजसस्तु फलं दुःखं |' 'अज्ञानं तमसः फलम् |'
(४) 'अधो गच्छन्ति तामसाः, मध्ये तिष्ठन्ति राजसाः |
ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्थाः |' (परिशिष्ट-२)

# વર્ણમાતૃકાદિ કર્મનિર્જરા

માતૃકાના પ્રત્યેક વર્ણનો ઉચ્ચાર વખતે ઉચ્ચારરૂપે જે નાદ ઉત્પન્ન થાય છે, તેમાં મનની સ્મૃતિરૂપી વૃત્તિ એકાગ્રતા-પૂર્વક જોડવાથી નાદાનુસંધાનપૂર્વક આત્માનું અનુસંધાન સાક્ષાત્ થાય છે, તેમાં કારણ એ છે કે માતૃકાનો દરેક વર્ણ સંકેતથી નિરપેક્ષ છે, તેથી વાચ્યાર્થથી રહિત છે. જે સંકેતવાળા શબ્દો હોય, તે સંકેતની સ્મૃતિ વડે વાચક વાચ્ય અર્થનો સાક્ષાત્કાર થાય છે. સંકેતવાળા શબ્દોમાં શબ્દ અને અર્થનો વાચ્ય-વાચક સંબંધ છે. માતૃકાના વર્ણોચ્ચારમાં વાચ્ય ન હોવાથી વાચક પણ નથી અને તેથી કેવળ નાદનો જ અનુભવ થાય છે. વર્ણનો આત્મા નાદ હોવાથી તેના અનુસંધાન વડે સાધક સર્વ શ્રુતનો પારગામી થાય, તેથી જ કહ્યું છે કે માતૃકાના સંસ્મરણથી શ્રુતજ્ઞાનના પારને પામે છે. શ્રુતજ્ઞાનાવરણાદિ કર્મોની નિર્જરા કરવાનું સચોટ સાધન માતૃકાઓનું સંસ્મરણ છે. સ્વાધ્યાયાદિ વડે જેમ શ્રુત જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય, તેમ માતૃકા સ્મરણ વડે પણ તે જ કાર્ય સહેલાઈથી થાય છે. માતૃકા સ્મરણ વડે વાણીનો અતિશય પ્રાપ્ત થાય છે, તેથી આ જન્મમાં શિષ્ટજન બહુમાન અને જન્માંતરમાં વિશિષ્ટ સદ્ગતિનો લાભ થાય છે.

સ્વરો પરમાત્માના અને વ્યંજનો પરમાત્મશક્તિના વાચક છે.

'સ્મરણ' એટલે સંસ્કારની જાગૃતિથી ઉત્પન્ન થનાર અને અનુભૂત પદાર્થને વિષય કરનાર જે જ્ઞાન છે તે.

સમાલંબનની પ્રાથમિક ભૂમિકા = મંત્રયોગમાં સ્મરણક્રિયા.

તે મનની આકુળવ્યાકુળતા - વિક્ષિપ્તતાથી રહિત હોય છે.

'શ્રદ્ધા - વીર્ય - સ્મૃતિ - સમાધિ - પ્રજ્ઞાપૂર્વકઇતરેષામ્ ।'

અહીં શ્રદ્ધા તે ચિત્તનો સંપ્રસાદ છે.

તે માતાની જેમ યોગીનું રક્ષણ કરનારી છે.

શ્રદ્ધાવાન્ - વિવેકી પુરુષને વીર્ય ઉત્પન્ન થાય છે.

'વીર્ય' એટલે યોગવિષયક ઉત્સાહ અથવા ધારણા છે.

આવું વીર્ય શ્રદ્ધાથી જ ઉત્પન્ન થાય છે.

આવું વીર્ય પ્રાપ્ત થતું, તેને સ્મૃતિ (ધ્યાન) સ્વયં વરે છે.

વૃત્તિની એકાગ્રતા તે સ્મૃતિ - ધ્યાન છે, તેથી ચિત્ત અનાકુળ - વિક્ષેપરહિત થઈને સમાહિત બને છે. સમાહિત ચિત્તવાળાને નિર્મળ પ્રજ્ઞા - ઉત્તમ વિવેક પ્રાપ્ત થાય છે.

આવા નિર્મળ પ્રજ્ઞાથી જ વસ્તુનું યથાર્થ જ્ઞાન થાય છે.

માતૃકા એ આત્માની પરમ જ્યોતિ છે.

માતૃકા એ જ્ઞાનશક્તિના પ્રસારરૂપ હોવાથી સ્વયં જ્ઞાનશક્તિ રૂપે જ મનાય છે.

માતૃકાના વર્ણો દેહના સ્થાને છે અને
માતૃકા-ભાવશક્તિ તે દેહમાં રહેલ આત્માના સ્થાને છે.

ચાર વાણી પણ ઉપચારથી માતૃકા કેમ?

ભાવશક્તિનું ઉન્મીલન કરનાર હોવાથી
વૈખરી, મધ્યમા, પશ્યન્તી અને પરા - એ ચારે ચાર વાણીઓને પણ ઉપચારથી 'માતૃકા' કહેવામાં આવે છે. તે બુદ્ધિમાન પુરુષોના ભાવમય તેજનું માતાની જેમ જનન, પાલન, વિશોધન કરનારી હોવાથી 'માતૃકા' કહેવાય છે. વાણીના ઉચ્ચાર, ઉપયોગ, ક્ષયોપશમ - ત્રણે અનિત્ય છતાં પ્રવાહથી અનાદિ, વિવિધ જીવોમાં સદા વિદ્યમાન છે.
ઉપયોગવાળાને ભાવશ્રુત અને ક્ષયોપશમને પ્રવચનરૂપથી સંબોધાય છે. સર્વ શાસ્ત્રો શબ્દવિન્યાસરૂપ છે. બધાની જન્મભૂમિ - ઉત્પત્તિસ્થાન માતૃકા છે. ઉત્પત્તિસ્થાન ત્રણ પ્રકારના છે: સંજ્ઞાક્ષર, વ્યંજનાક્ષર, લબ્ધ્યક્ષર. તે ત્રણમાં પણ લબ્ધ્યક્ષર સર્વ સિદ્ધાન્તોની જન્મભૂમિ છે.

શબ્દબ્રહ્મ સ્વરૂપથી દુર્વિજ્ઞેય છે,
અનંત, અપાર અને ગંભીર છે. દુર્વિગાહ્ય હોવાથી તેમાં સામાન્ય મનુષ્યની મતિનો પ્રવેશ ન થઈ શકે તેવું છે.
સૂક્ષ્મ શબ્દબ્રહ્મ અવાચ્ય, ઇંદ્રિય અને મનોમય છે.

પરા નામનું શબ્દબ્રહ્મ બ્રહ્મમય, પશ્યંતી તે મનોમય છે
અને મધ્યમા વૈખરીનું વ્યંજક તે ઇંદ્રિયમય છે.
સ્થૂલ શબ્દબ્રહ્મ વૈખરી સ્વરૂપ છે,
સૂક્ષ્મ શબ્દબ્રહ્મને કેવળ બુદ્ધિમાન પુરુષો જ જાણી શકે છે.

મૌનમાં બને છે શું?

બ્રહ્મોની બધી શક્તિ કે જે બહાર ફેલાયેલી છે,
તે પાછી સંકોચાય છે તથા પોતાના કેન્દ્ર પાસે પહોંચે છે.
ધ્યાન, યોગ કે સમાધિ - એ આયોજિત મૃત્યુ છે.
સમાધિમાં સાધક ચેષ્ટા અને પ્રયાસથી
આખા જીવનની શક્તિને સંકોચી અંદર લઈ જાય છે.
મોત જે કામ કરે છે, તે કામ તે પોતે કરે છે અને
આ શાંતિમાં તે જાણી લે છે કે જીવનની ઉર્જા-શક્તિ
એ જુદી વાત છે અને આ શરીર એક જુદી વાત છે.
બલ્બ જુદો છે અને
તેમાં જે વિજળી પ્રગટ થાય છે, તે તેનાથી જુદી છે.
મૃત્યુ વખતે વિજળી (આત્મા) સંકોચાઈ જાય છે અને
બલ્બ તો મૃતદેહની જેમ નિર્જીવ થઈને પડ્યો રહે છે.
શરીર બલ્બ છે, જીવન એ વિદ્યુત છે, ઉર્જા છે, બ્રહ્મ છે,
જે શરીરને જીવંત રાખી રહ્યું છે.

V.V. Imp

સમાધિમાં સાધક સ્વયં મૃત્યુને વરે છે,
તે પોતે મૃત્યુમાં પ્રવેશ કરે છે અને જાણી લે છે કે
હું છું અલગ અને આ શરીર છે અલગ. એકવાર આ
ખબર પડી જાય કે 'હું અલગ છું', તો સમજી લો કે
મૃત્યુ ખતમ થઈ ગયું અને જીવનનો અનુભવ પણ ગયો.

જીવનને જાણ્યું કે મૃત્યુ મરી ગયું,
મૃત્યુને જાણી લીધું કે જીવન શરૂ થયું.

Religion is an art of living and
an art of death also.

ધર્મ એ જીવનની અને મૃત્યુની કળા છે.
જે મરવાનું જાણી લે, તે જ જીવનને જાણી શકે છે.
'જીવન શું - મૃત્યુ શું' એ જાણવું હોય, તો સ્વેચ્છાએ
શરીરની ઉર્જા - શક્તિને ખેંચવાની કળા શીખવી પડશે,
તો જ તમે જાણી શકશો, અન્યથા નહિ.
આ ઉર્જાને ખેંચવી સરળ છે. તે સંકલ્પથી ફેલાય અને
સંકલ્પથી જ પાછી વળે છે. તે સંકલ્પનો જ વિસ્તાર છે.
જો આપણે તીવ્રતા કે સમગ્રતાથી સંકલ્પ કરીએ:
'હું પાછો વળું છું. અંદર - પોતાની અંદર હું મારી બધી
શક્તિઓને ખેંચી લેવા માંગું છું' તો થોડા જ દિવસોમાં

એવા અનુભવની નજીક પહોંચાશે કે જ્યાં શક્તિ અંદર
ખેંચાવા લાગી છે તથા શરીર બહાર પડી રહેલું દેખાશે.
પ્રથમ શરીરની અંદરથી દેખાય છે, પછી તે અનંતજ્યોતિ
જે અંદર છે, તેને બહાર પણ કરી શકાય છે.
આપણે જોઈ શકીએ છીએ કે શરીર અલગ થઈને પડ્યું છે.
'હું શરીર નથી'ની ઘોષણા કેવળ શબ્દો કે વાચાળપણામાં
નહિ પણ જીવનના આચરણમાં પ્રગટવી જોઈએ.

દુનિયાનું ચારિત્ર આત્માનુભવીઓના આધારે ઊંચું આવે છે.
ઊંડા આંતરિક પ્રયોગોમાંથી પસાર થવા રાજી રહીએ,
તેથી જ આત્માને જાણવાની સ્થિતિ સુધી પહોંચી શકે છે.
અંદર જઈને જુઓ કે જીવન શું છે અને મૃત્યુ શું છે?

મૃત્યુ નિશ્ચિત છે, માટે ધર્મ કરો.
મૃત્યુનો સમય અનિશ્ચિત છે,
માટે વિદ્યા અને ધનનું અર્જન કરો.

મન જેટલા તાણા ઝીલી શકે, તેટલા જ સ્મૃતિ શેષ રહે છે,
બાકી બધા અંધારામાં ઉતરી જાય છે,
જાતિસ્મરણથી પેદા થાય છે વિરક્તિ.

જ્યારે કોઈ પરમાત્માને પોકારે છે, ત્યારે જાણી લેવું કે
પરમાત્માએ તે પહેલાં તેને પોકાર્યો હશે.

## ૐકાર અને અર્હંકારનું માહાત્મ્ય

'ૐ હ્રીં (અર્હં) નમઃ ।' આ મંત્ર વડે
હિંસાનુરંજિત રૌદ્રધ્યાનનો ત્યાગ થાય છે, કેમકે તેમાં
'ૐ' મંત્રથી આત્મસમાન સર્વ જીવોનું ચિન્તવન થાય છે.
કહ્યું છે: પ્રણવં હ્યીશ્વરં વિન્દ્યાત્ સર્વસ્ય હૃદિ સંસ્થિતં ।
સર્વવ્યાપિ નમોંકારં મત્વા ધીરો ન શોચતિ ॥ અર્થાત્:
સર્વ જીવવ્યાપી ઓંકારનું મનન કરનાર શોકને પામતો નથી.
ઓંકારરૂપી ઈશ્વર સર્વના હૃદયમાં વ્યાપીને રહેલો છે.
સર્વ જીવોમાં આત્મૌપમ્ય બુદ્ધિને ઉત્પન્ન કરનાર ઓંકાર
રૌદ્રધ્યાનનો પ્રતિઘાત કરે છે અને મૈત્ર્યાદિરૂપ ધર્મધ્યાનને
ઉત્પન્ન કરે છે. એ પછી અર્હંકારનું ધ્યાન આત્મામાં
રહેલ પરમાત્મભાવને જગાવે છે. તેથી કામાનુરંજિત
આર્તધ્યાનનો નિરાસ થાય છે. સર્વ પ્રકારની કામનાઓ
આત્માની અપૂર્ણતાના બોધથી જ ઉત્પન્ન થાય છે.
અર્હંકાર પ્રધાન પરમેષ્ઠિના વાચકરૂપ હોવાથી આત્માની
પૂર્ણ પરમાત્મરૂપતાનો બોધક છે, તેથી શુક્લધ્યાનનું
કારણ બને છે અને તે આર્તધ્યાનનો નાશ કરે છે.
ૐ અને અર્હં - બીજમંત્રો અને નમસ્કારરૂપી મહામંત્ર
આર્તરૌદ્રના નાશક અને ધર્મશુક્લના ઉત્પાદક મંત્રો છે.

ૐ = અગ્નિ - ધ્યાન, ह्रीँ = અમૃત - સમતા,
અર્હં = આત્મા - શાંતિમંત્ર.

ૐ એ નિરાકાર સ્વરૂપ સાદૃશ્યાસ્તિત્વનો બોધક છે અને અર્હં એ સાકાર સ્વરૂપ સ્વરૂપાસ્તિત્વનો બોધક છે. સાદૃશ્યાસ્તિત્વ એ જીવસમત્વ સ્વરૂપ હોવાથી વૈર-વિરોધનો શામક અને સ્વરૂપાસ્તિત્વ એ સર્વ જીવ-પર્યાયોમાં સમત્વરૂપ હોવાથી સર્વ કામનાનો શામક છે.

એક વ્યક્તિઓમાં જાતિરૂપ એકતાને જણાવે છે, બીજું અસ્તિત્વ એ પર્યાયોમાં દ્રવ્યની એકતા જણાવે છે. 'નમઃ ।' પદ સર્વ ગુણોની અન્યોન્યાશ્રિતપણાને ઉદ્દેશીને પ્રયોજવામાં આવેલ છે, તેથી તે સર્વગુણોમાં એકાશ્રિતપણાને સૂચવે છે. એ રીતે જીવદ્રવ્યોમાં - જીવપર્યાયોમાં અને જીવગુણોમાં જાતિવ્યક્તિરૂપ અને આધારઆધિષ્ઠાનરૂપ એકતાને જણાવનાર હોવાથી ત્રણે પ્રકારની વિષમતાઓનો અંત લાવી ત્રિવિધ સમતાને ઉત્પન્ન કરે છે. દુર્ધ્યાન રૂપી પિશાચોની ઉત્પત્તિ વિષમતાધર્મના વિચારમાંથી થાય, તેનો નિગ્રહ ત્રિવિધ સમતાધર્મથી થાય, જેને જણાવનાર ત્રિપદ રૂપી મંત્ર 'ૐ અર્હં નમઃ ।' પાંચ અક્ષરોનો થાય છે, તેનું મનન, ચિન્તન, નિદિધ્યાસન એ મોક્ષનો માર્ગ છે.

'ૐ નમઃ સિદ્ધં |' એ સિદ્ધ મંત્ર છે.

આકૃતિ: ૐપૂર્વક સિદ્ધતત્ત્વને નમસ્કાર થાઓ.

આ મંત્રનો ગૂઢ અર્થ છે કે:

'ૐ' એ સર્વ ચૈતન્ય સંગ્રાહક સામાન્ય પદ છે તથા સિદ્ધ એ વિશેષ પદ છે. સામાન્ય વિશેષાત્મક સિદ્ધ એવું ચૈતન્યતત્ત્વ છે, તેને બહુમાનપૂર્વક નમસ્કાર થાઓ. ઇષ્ટને કદી છોડવા નહિ. છોડે તે ભ્રષ્ટ થયા વિના રહે નહિ. ઇષ્ટ વીતરાગપરમાત્મા છે, સિદ્ધભગવંત છે, ભાવ ઇષ્ટ પંચપરમેષ્ઠિ છે અને અનંત સિદ્ધનું ધામ શ્રી સિદ્ધાચલ છે. વીતરાગ પરમાત્મા અહીંયાં અનુસ્યૂત છે. 'ઇષ્ટ' એટલે કામ, ક્રોધ, લોભ - એ ત્રણ દોષ જેનાથી ભાગ્યા છે, તે. તેનું સ્મરણ, પૂજન તે કામ-ક્રોધ-લોભને ભગાવનાર છે. એ ત્રણ દોષોનો વિજય જેને ઇષ્ટ છે, તેને એ ત્રણ ઉપર વિજય પ્રાપ્ત કરનાર જે હોય, તે પણ ઇષ્ટ છે.

'ૐ નમઃ સિદ્ધં' એ ઇષ્ટનું બહુમાન કરાવનાર મંત્ર હોવાથી સર્વ શ્રુતની આદિમાં ગ્રહણ કરાય છે.

ઉપલક્ષણથી સર્વ શ્રેયસ્કર કાર્યોના આરંભમાં તેનું સ્મરણ મંગળદાયક છે, વિઘ્નવિદારક છે, શાંતિપ્રદાયક છે.

ૐ = કુશળતાપ્રદાયક, અર્હં = દાનતાપ્રદાયક,

નમઃ = શાંતતાપ્રદાયક.

સર્વ જીવો આત્મસમ છે, આત્મા પરમાત્મસમ છે અને
તેથી સર્વ જીવો પરમાત્માની સમાન જ છે.
જીવો સાથે આત્મસમતાનો વિચાર ઋજુતાને લાવે છે,
પરમાત્મસમતાનો વિચાર દાન્તતાને લાવે છે અને 'સર્વ
જીવો પરમાત્મસમ પૂર્ણ છે' વિચાર પરમશાંતતાને લાવે છે.
પ્રથમથી ક્રોધનો ક્ષય, બીજાથી કામનો ક્ષય અને
ત્રીજા વિચારથી લોભનો ક્ષય થાય છે.
કામ, ક્રોધ, લોભ - ત્રણે જીવના શત્રુ છે, નરકનાં દ્વાર છે.
તે ત્રણેને જીતાવનાર મંત્રો છે:
'ૐ નમઃ સિદ્ધં।' અને 'ૐ અર્હં નમઃ।'
ૐ એ ઋજુતા લાવે છે, અર્હં એ દાન્તતા લાવે છે
અને નમઃ એ શાન્તતા લાવે છે.
તેથી નરકનાં દ્વારો રોકાય છે, સ્વર્ગનાં દ્વારો ખૂલે છે
તથા પરંપરાએ અપવર્ગના અધિકારી થવાય છે.
કામ, ક્રોધ અને લોભનો ક્ષય જેઓને ઇષ્ટ છે, તેઓને
એ ત્રણેનો ક્ષય કરનાર અને ક્ષય કરવામાં પરમ
સહાયક થનાર મંત્રપદ પણ પરમ ઇષ્ટ છે. તે મંત્રપદનું
સ્મરણ જેમ ઇષ્ટદાયક છે, તેમ તે મંત્રપદના વાચ્ય એવા
સિદ્ધ પરમાત્મા અને અરિહંત પરમાત્માનું સ્મરણ પણ
પરમ ઇષ્ટપ્રદાયક છે.

સાદૃશ્યાસ્તિત્વથી એકતાનું સ્મરણ કોમળતાને ખીલવે છે, સ્વરૂપાસ્તિત્વથી એકતાનું સ્મરણ દાન્તતાને ખીલવે છે અને નિશ્ચયથી સૌમાં રહેલું વિશુદ્ધ સ્વરૂપ, સુવિશુદ્ધ મહાચૈતન્યનું ધ્યાન - એ પરમ પરમ શાન્તતાને આપે છે.

## આંતરપોષણ શેનાથી મળે ?

મનુષ્યનું શરીર પોષાય એટલું જ પૂરતું નથી, તેના મન - હૃદય - આત્માને પણ પોષણ મળવું જોઈએ.

પ્રેમ - મૃદુતા - વિવેકબુદ્ધિ - આનંદ વગેરે શરીરથી પર એવી ખાસ માનવીય જરૂરીયાતો છે.

આ જરૂરીયાતોનાં ઉદાહરણો છે:

ચિત્રકળા, શિલ્પ, સંગીત, નૃત્ય, નાટક, પુરાણકથા વગેરે. ધર્મ એ માનવજીવનનાં આ પાસાંઓને આવરી લે છે. પ્રભુઆસ્થા ન રહે તો બધાં જ નૈતિક મૂલ્યો ખતમ થાય.

વિચારસરણીઓ અને વાદો ગૌણ છે,
મનુષ્યનાં કૃત્યો અને વૃત્તિઓ મુખ્ય છે.

મનુષ્ય કેવા વિચારો - અભિપ્રાયો ધરાવે છે, તેનું મહત્ત્વ નથી, મહત્ત્વ છે મનુષ્યના ચારિત્ર્યનું, તેનાં વલણો - વૃત્તિઓનું, તેના વિચારો અને માન્યતાઓના મૂળનું. આજે હવે કોઈક આસ્તિક છે અને કોઈક નાસ્તિક છે,

તેનું મહત્ત્વ નથી, પરન્તુ જેણે આ દુનિયા વિષે પડી છે
અને જેણે નથી પડી તથા જેઓ જાણવા માટે ફિકર-
ચિંતા કરવી છે અને જેઓ નથી રાખતું, એનું મહત્ત્વ છે.
મનુષ્ય પોતાના અહંભાવ, લોભ-લાલચ, સ્વાર્થ-આળસાપણું
વગેરેની સંકુચિત કેદમાંથી, મૂળભૂત એકલતામાંથી કેટલો
ઉપર ઉઠી શકે છે, તેના ઉપર એનો વિકાસ અવલંબે છે.

અમુક વાદ કે વિચારસરણીને બદલે જીવનમાંના
પ્રત્યક્ષ અનુભવના સિદ્ધાંતમાં માનનારા લોકો થાય.

એમ સ્વીકારવું જોઈએ કે:

કોઈ એક જૂથ કે વાદ કે વર્ગ પ્રત્યેની વફાદારી કરતાં
જીવન તેમ જ માનવજાત પ્રત્યેની વફાદારી સર્વોપરી છે.
કોઈ એક મનુષ્ય માટેનો પ્રેમ અસલ હોય, તો તે કેવળ
વ્યક્તિ માટે જ છે, એમ નહિ પણ ખુદ માનવજાતને
અને આસ્તિકની ભાષામાં તો ખુદ ઈશ્વરને પ્રેમ છે.

o

I am one with god, my lord.
He - my lord blesses me with life,
my mind with light, my heart with
love & my soul with joy, peace,
happiness and harmony.

સં. ૨૦૨૭, શ્રાવણ વદી ૯, શનિવાર, તા. ૨૪-૮-૭૧

સાધનાના ૭ પાયા

(૧) અજપાજપ: Listening of the recitation.
(૨) નિર્વિષયતા : બાહ્ય સર્વ સંપર્કનો ત્યાગ, નૈષ્ઠિક - ગ્રંથ.
(૩) નિર્વિકલ્પતા : આજ્ઞાચક્ર અને કુંડલિની ઉત્થાન.
(૪) નિરાલંબતા : આત્મા - આકાર મન - ઉન્મની ભાવ.
(૫) નિરંજન-રૂપાતીતતા: ચિતિશક્તિથી આત્માકાર ઉપયોગ.
(૬) શુક્લધ્યાન પ્રથમ: ચૈતન્યવ્યાપકતા - નિવૃત્તિરસાસ્વાદ.
(૭) શુક્લધ્યાન દ્વિતીય: ચૈતન્યસ્થિરતા - ઉર્ધ્વતારસાસ્વાદ.

આજ્ઞારાધનનો શુભપરિણામ એ સાધનામાત્રનો પાયો છે.

એ પાયાનો વૃત્તિનિરોધ છે,
તેની પ્રક્રિયામાં પ્રથમ મૌન અને ધ્યાન છે.
ધ્યાન માટે નિર્વિકલ્પ ઉપયોગ
આજ્ઞાચક્રમાં ધારણા કરવી તે છે.

ક્રમશઃ ઉન્મનીભાવ - આત્માકારતા પ્રગટતા જાય છે.

કેન્દ્રમાં વિલીનીકરણ કઈ રીતે થાય?

That can be through one pointedness.
First beginning through seeing the mantra letters.

## મંત્ર કોને અને કેવી રીતે સિદ્ધ થાય?

આમાં જુદાજુદા વિધાનો છે, તેમાં જે વાત સર્વસંમત છે:
એક તો જે મંત્ર સિદ્ધ કરવો હોય,
તેના જે અધિનાયક દેવ કે દેવી હોય,
તેના પ્રત્યેની શ્રદ્ધા ઉત્કૃષ્ટ કોટિની હોવી જોઈએ
અને બીજી સર્વસંમત વાત કે મંત્રપ્રદાતા ગુરુ દ્વારા
મંત્રનો આમ્નાય પ્રાપ્ત થયેલો હોવો જોઈએ અર્થાત્
આમ્નાયનું અનુસરણ અને વિશ્વાસનું બાહુલ્ય મુખ્ય છે.
આ ઉપરાંત એક ત્રીજી શરત પણ એ છે કે:
મંત્રદેવતા સાથેની એકતાનું ભાવન પણ જરૂરી છે.

## અર્હદાકાર ઉપયોગ

અરિહંતમાં હું છું = અર્હદાકાર ઉપયોગમાં હું છું.
આ ગુણસમાપત્તિ છે, સંભેદપ્રણિધાન છે.
મારામાં અરિહંત છે = અર્હદાકાર ઉપયોગ મારામાં છે.
આ ગુણસમાપત્તિ છે, અભેદપ્રણિધાન છે.
અંતરાત્માને વિષે પરમાત્માના ગુણનો સંસર્ગારોપ તે
તાત્સ્થ્ય અને અંતરાત્મામાં પરમાત્માનો અભેદારોપ
એ તદંજનત્વ સમાપત્તિ છે. આગમથી ભાવનિક્ષેપ તે
સંસર્ગારોપ છે, નોઆગમથી ભાવનિક્ષેપ તે અભેદારોપ છે.

અર્હદાકાર ઉપયોગ તે સંભેદપ્રણિધાન અને
અર્હત્ સ્વરૂપાનુભૂતિ તે અભેદપ્રણિધાન છે.
વૈખરીમાં વાચિક પદનું આલંબન છે અને
મધ્યમામાં ચૈતસિક પદનું આલંબન છે, તે સંભેદ છે.
સંભેદ જ અભેદ તરફ લઈ જાય છે.
સંજલ્પના યોગથી વિકલ્પ વિમર્શરૂપતાને પામે છે.
સંજલ્પ એ શક્તિરૂપ છે, વિમર્શ એ શિવસ્વરૂપ છે.
નવપદીમાં આત્મા એ સંભેદપ્રણિધાન છે.
નવપદીમાં આત્માનો ઉપયોગ તે સંભેદ છે તથા
આત્મામાં નવપદીનો ઉપયોગ તે અભેદ છે.
સંભેદમાં મુખ્યતા વિષયની અને અભેદમાં વિષયીની છે.
વિષયતા સંબંધથી નવપદીનું ધ્યાન તે સંભેદપ્રણિધાન છે.
એ જ ધ્યાન વિષયિતા સંબંધથી અભેદપ્રણિધાન છે.
નવપદાકાર ઉપયોગ તે સંભેદ, નવપદાકાર ઉપયોગવાન
આત્મા તે અભેદ છે. આગમથી ભાવનિક્ષેપ તે સંભેદ
અને નોઆગમથી ભાવનિક્ષેપ તે અભેદપ્રણિધાન છે.
નવકારના પ્રથમ પાંચ પદો વડે સંભેદપ્રણિધાન થાય
અને પછીના ચાર પદો વડે અભેદ પ્રણિધાન થાય છે.
પાંચને નમસ્કાર તે વિષય પ્રાધાન્યરૂપ છે અને
પાંચ નમસ્કારમાં વિષયીની પ્રાધાન્યતા છે.

પ્રથમ નમસ્કાર objective છે, તે સંભેદ છે.
Objective - Subjective તે મધ્ય સેતુરૂપ છે અને
Subjective તે અભેદપ્રણિધાન છે.
પ્રથમ વૈખરી, પછી મધ્યમા અને છેલ્લે પશ્યંતી-પરા છે.

## સાચી વિદ્યા કઈ?

અજ્ઞાનથી મુક્ત કરે અને આત્મપ્રાપ્તિ તરફ દોરી જાય,
પ્રભુમિલનની આશાઓ ખોલી આપવા સહાયભૂત થાય,
તેને જ 'વિદ્યા' કહેવાય, બાકીની બધી અવિદ્યા ગણાય.
બાળકો કેળવવા માટેનું ભણતર તે કાંઈ વિદ્યા નથી.
જે અભ્યાસ આત્મા કે પ્રભુ તરફ લઈ જાય છે,
તેને જ 'વિદ્યા' એવું નામ આપી શકાય.
આપણા મનમાં એક સ્પષ્ટ થવું જોઈએ કે:
તબીબી, ઈજનેરી, વકીલાત, પદાર્થવિજ્ઞાન, રાજકારણાદિનો
અભ્યાસ જરૂરી હોય તો ય તે અવિદ્યાની ઉપાસના છે.
સાચા સુખના પાયારૂપ માનસિક શાંતિ તો સાચી વિદ્યા
એટલે કે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાના અભ્યાસની સાથે
પવિત્ર જીવન ગાળવાના નિર્ધારથી જ આવી શકે છે.
પવિત્ર જીવનપૂર્વકનો વિદ્યાભ્યાસ આત્મજ્ઞાનનો હેતુ બને.
પશુપણામાંથી મુક્ત કરાવે, તેને જ વિદ્યા કહેવાય અને
એનાથી જ જીવન સાર્થક થાય.

## પ્રભુ મહાવીરના તત્ત્વજ્ઞાનનું નવનીત

'વીરતા' એટલે મન-વચન-કાયા ઉપર વિજય મેળવી
આંતરદૃષ્ટિ કેળવવી અને તે માટે
મનના રાગ-દ્વેષાદિ કષાયો ઉપર વિજય મેળવવો તે.
એ જીત મેળવવાનાં સાધનો તત્ત્વજ્ઞાન અને ઉપાસના.
ધ્યાન અને તપ વડે જ્ઞાન, દર્શન, ચારિત્રની સાધના,
તેના ફળસ્વરૂપ ઉદ્ભવતી અભેદવૃત્તિ-સ્વત્વનો ત્યાગ,
જીવમાત્ર પ્રત્યે આત્મીયતા, ક્ષમા અને કરુણા-
એ છે પ્રભુ મહાવીરના તત્ત્વજ્ઞાનનો સાર.
ઉપાસના ત્યારે જ સફળ બને કે જ્યારે
તે આચારલક્ષી હોવાને બદલે ધ્યેયલક્ષી બને.
ક્ષમા અને કરુણા - એ પ્રાસંગિક નહિ પણ
સ્વાભાવિક બને, ત્યારે જ અભેદનું ધ્યેય સાધી શકે.
ક્ષમા = અપરાધી પ્રત્યે, કરુણા = દુઃખી પ્રત્યે.
કરુણામાં અહંનો વિલય અને ક્ષમામાં મમનો વિલય.
દયામાં અહંનો અભાવ અને ક્ષમામાં મમનો અભાવ છે.

### શરીરમાં ત્રણ અગ્નિ છે:

જઠરાગ્નિ, કામાગ્નિ અને જ્ઞાનાગ્નિ. જ્ઞાનાગ્નિ વડે કામાગ્નિ
ભસ્મ કરી, પછી જઠરાગ્નિ પણ આપોઆપ શાંત થશે.

## નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ

મનનું મનનપણું અને પવનનું ચલનપણું નાશ પામે,
ત્યાં વિશ્વપ્રકાશક આત્મા સ્વરૂપ - નિર્વિકલ્પ સમાધિમાં
રહી શકે છે અને આનંદનો અનુભવ કરી શકે છે.
Imp પરબ્રહ્મને પામવું હોય તો શબ્દબ્રહ્મ દ્વારા
તેની અવાચ્યતા - અનિર્વચનીયતાને સમજ, શબ્દ અને
વિકલ્પનો આશ્રય છોડી સ્વસંવેદન કરવા પ્રયત્ન જોઈએ.
તે સ્વસંવેદન જ્ઞાન દ્વારા નહિ પણ નિર્વિકલ્પ
ચિન્માત્ર સમાધિના અભ્યાસ દ્વારા જ થઈ શકે છે.

બિન્દુપતનથી જેને ડરવું હોય,
તેણે દૃષ્ટિપાત અને વિચારપતનથી પણ ડરવું જોઈએ.
'પતન' એટલે નીચે પડવું,
તેનાથી ડરનાર ઉન્નત મસ્તકે જીવી શકે છે.

### ધ્યાન માટે કેવો પ્રદેશ જરૂરી?

દ્રવ્યથી એકાંત વિજન શુચિસ્થાન, સુખાસનાદિ શાંત પ્રદેશ.
ભાવથી એકાંત, ક્રોધાદિરહિત પાવન પ્રદેશ,
મલિન સંકલ્પોથી રહિત મનોહર પ્રદેશ,
પરની આશારહિત સ્વાધીન પ્રદેશ,
દ્વેષ, મત્સર, ઈર્ષાદિરહિત મનઃપ્રદેશ.

બે પ્રકારના મંત્રો: એક અર્થપ્રધાન - બીજા ધ્વનિપ્રધાન.
ધ્વનિપ્રધાન મંત્રોને 'શાબર મંત્રો' કહે છે.

'એસો પંચ નમુક્કારો'નો પંચ નમસ્કારા અસ્મિન્ સઃ ।
એ રીતે બહુવ્રીહિ સમાસ કરવામાં આવે, તો તે પાંચ પ્રકારની 'નમન' વાણીને કહે છે, જેનું ઉચ્ચારણ જ પાપનો ક્ષય કરી મંગલવર્ધક થાય છે, એમ ધ્વનિત અર્થ થાય છે.

આત્માનો સાર ૐકારરૂપ પંચપરમેષ્ઠિ છે અને પંચપરમેષ્ઠિનો સાર ૐકારરૂપ આત્મા છે. આત્મા જ પ્રધાન પરમેષ્ઠિ અને પંચ પરમેષ્ઠિ ઉભય સ્વરૂપ છે.

o ધર્મની બધી ક્રિયા મન-ઇંદ્રિયોને કાબુમાં લેવા માટે છે. ધર્મક્રિયા જિનાજ્ઞાપાલનના હેતુથી થવી જોઇએ.

જે ક્રિયાથી મોહરાજાના આજ્ઞાપાલનથી થાય, તે ક્રિયાથી ધર્મકૃત્ય અથવા તો મોક્ષહેતુક ન બને.

ધર્મકૃત્યના હેતુ અંગે...

રાગ - દ્વેષ - કામ - ક્રોધ - લોભ - મોહાદિના હ્રાસ માટે, બહિરાત્મભાવમાંથી છૂટીને અંતરાત્મભાવમાં આવવા માટે, અહિંસાદિના પાલન, આત્મગુણોને વિકસાવવા, રત્નત્રયના આરાધન માટે પ્રત્યેક ધર્મક્રિયા થાય, તેમ જ તે ક્રિયા 'જિનાજ્ઞાપાલનનો અપૂર્વ લાભ મળ્યો' એ સંતોષથી કરવી.

## દુર્લભ જિનવચનોનું માહાત્મ્ય

અમૃતમય જિનવચનનું આરાધન ભવચક્રમાં મળવું, તે અત્યંત દુર્લભ છે. અપાર અવધિ આ સંસારસાગરમાં જિનવચનની અને જિનધર્મની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. જિનવચન અતિસૂક્ષ્મ એકેન્દ્રિય જેવી સૃષ્ટિની ઓળખાણ કરાવીને એની દયાનો ઉપદેશ આપી દયાના પરિણામ નિપજાવે છે. વળી જણાવે છે કે સ્થાવરની કાયસ્થિતિ અસંખ્ય કાળચક્ર, અનંતકાયની અનંત પુદ્ગલપરાવર્ત છે તથા વિકલેન્દ્રિયપણાની સંખ્યાતા વર્ષ, પંચેન્દ્રિયપણાની 1000 સાગરોપમ તથા ત્રસપણાની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ 2000 સાગરોપમની છે. દેવગતિ ઋદ્ધિ મળવા સહેલા, જિનવચનપ્રાપ્તિ દુર્લભ છે.

### દુર્લભ જિનવચનો જણાવે છે કે:

પ્રમાદ અને અધિકરણોથી બાહ્ય જીવોની હિંસા થાય છે, વિષય - કષાયોના વિકારોથી આત્માની હિંસા થાય છે. જન્માંતરમાં ધર્મની માગણી તો જ સફળ થાય, જો આ જન્મમાં પણ ધર્મનું આરાધન શક્તિ મુજબ ચાલુ રહે. બોધિની માગણી પાપથી છૂટવા - ધર્માચરણ કરવા માટે છે. જિનાજ્ઞાની આરાધકતાનો વિચાર કરવાથી સર્વ ધર્મક્રિયા સાનુબંધ બની ધર્મ પ્રત્યે અંતરથી બહુમાન કેળવાય છે.

જે ધર્મ આપણે કરીએ છીએ, તે ધર્મ જેમણે કહ્યો છે, કર્યો છે અને કરે છે, તે બધા પ્રત્યે આંતરિક બહુમાન -પ્રીતિપૂર્વક થતો ધર્મ સુપ્રણિધાનપૂર્વક થયો ગણાય છે. ધર્મમાં અત્યંત ઉપાદેયપણાની બુદ્ધિનું એ લિંગ છે. જીવનો નિસ્તાર ભગવાન થકી જ છે. આરાધનાર્થે અવશ્ય શ્રી જિનેશ્વર ભગવાનનાં વચન જ પ્રમાણભૂત છે.

સમ્યક્ત્વમાં જિનાજ્ઞાનો સંપૂર્ણ સ્વીકાર છે.

જિનવચન એ જ અર્થ, પરમાર્થ, શેષ અર્થો અનર્થ છે, એ જ ઇષ્ટ, પરમ ઇષ્ટ, શેષ અનિષ્ટ તથા અહિત છે. આત્મારાધનના પરિણામમાં કૃતજ્ઞતા છે, બધા ભાવનું મૂળ જિનવચન છે, તેથી જિનેશ્વરો પ્રત્યે પ્રીતિ કેળવાય.

## જિનવચનમાં શેની ઓળખાણ?

જિનવચનમાં જીવની, કર્મની, ભવભ્રમણની, તેનાં કારણોની, મોક્ષની, મોક્ષના ઉપાયની સાચી ઓળખાણ છે. તેમાં નય - નિક્ષેપ - ભંગ - પ્રમાણનું યથાર્થ જ્ઞાન છે. વિષયો અને કષાયોના વિચારો અને વિકારોથી મન રજોગુણી - આવેશવાળું અને તમોગુણી - તામસભાવવાળું બને છે. શુદ્ધ, સાત્ત્વિક અને નિર્મળ બને છે. આવેશથી વિચાર કરવાની શક્તિ અને સ્થિરતા નાબૂદ થાય છે.

## ભક્તામરની સાધકતા શું કરે ?

તમોભાવથી જે અંધકારમય નિરાશા, સ્વોત્કર્ષ-પરાપકર્ષના પરિણામ જાગે, સ્વાર્થવૃત્તિ વધે, ક્રૂર મનમાં નિઃશૂકતા આવે, અપવિત્ર મનમાં હિંસક વિચારો અને દુર્બલ મનમાં ભય તથા ચિંતા આદિ લાગણીઓ પ્રવેશે છે, ઉગ્ર ભાવનાથી નાશ પામે, તે ભક્તામરની સાધકતા વડે બધા દોષો નાશ પામે છે, મન સ્વચ્છ બને છે.

## સૂત્રોનો સ્વાધ્યાય શું કરે ?

જેમ મોતીની માળામાં મોતીના બધા દાણા સ્પષ્ટ દેખાય,
તેમ સૂત્રોના અક્ષરો સ્પષ્ટ દેખાવા જોઈએ.
મનને સુધારે અને પાપના વિચારોથી બચાવે,
અહીં સૂત્રોનો સ્વાધ્યાય અતિ આવશ્યક છે. એ
સૂત્રો રાગદ્વેષનાં ઝેર ઉતારી ભવના ફેરાં ઘટાડી દે છે,
દુર્ગતિના અસંખ્ય દુઃખોનો અંત લાવે છે.
ભારેકર્મી જીવ પણ આવશ્યક સૂત્રોના શ્રવણ, મનન,
પઠનાદિ દ્વારા જલ્દીથી દુઃખોની અંતક્રિયા કરે છે.
એટલે જ વંદિતાસૂત્રની ગાથા ૪૨માં કહ્યું છે કે:

आवस्सएण एएण सावओ जइवि बहुरओ होइ ।
दुक्खाणमंतकिरिइं काही अचिरेण कालेण ॥४२॥

જિનાજ્ઞા માટે સ્તવનમાં પણ કહ્યું છે કે:

'તપ જપ કિરિયા મોગરે રે, ભાંગી પણ ભાંગે ન જાય:
પણ તુજ આણા લહી થકે રે, એક ઠેલામાં પડતી થાય,
અનંતા જિન આપનો રે, મુજ એક અનંતા સાચ?

સાચ અનંતાની આડે કર્મના આવરણની ભીંત એવી ઊભી છે કે એ ભીંતને તોડ્યા વિના આત્માની અનંતી સમૃદ્ધિ પ્રકટ ન થાય. એ માટે લોખંડી મોગર જોઈએ. તે માટે તપ, જપ કે અન્ય ધર્મક્રિયા કામ લાગતી નથી.

એક જ જિનાજ્ઞા જ તેને તોડી - ફોડી શકે છે.

જિનાજ્ઞા = જિનવચન બહુમાનની પરિણતિ, એજ એક એવો મોગર છે કે જે કર્મની ભીંતને ઉખેડી શકે.

'પ્રભુનું નામગ્રહણ સ્વનામવત્ થવું જોઈએ' નો અર્થ:

પોતાનો આત્મા પણ કથંચિત્ શુદ્ધ સ્વરૂપવાળો છે.
એ અપેક્ષાને ધ્યાનમાં લઈ
'અરિહંતાદિના નામગ્રહણ વખતે પોતાના શુદ્ધાત્માનું
નામગ્રહણ પણ થઈ રહ્યું છે' એવી
ભાવનાને પણ સ્થિર કરવાનો અભ્યાસ થવો જોઈએ.
તો જ સ્વ - સ્વરૂપ પ્રત્યે પણ
વારંવાર સન્મુખ થવાનો અભ્યાસ પડશે.

## રાજગૃહનો મહિમા

નાણાગુણાણુવિચારો | નો અર્થ છે કે:

રાજગૃહ વડે જીવ - અજીવના ગુણપર્યાયનો સાર જાણી.

જીવના તેમ જ અજીવના સ્વાભાવિક અને

વૈભાવિક ગુણપર્યાયનો વિચાર કરો અથવા વિચારો કે

રાજગૃહ વડે જાણીએ છે વિશ્વનો સાર જોઈ;

અહીં બધાં દ્રવ્યો - દ્રવ્યરૂપે નિત્ય અને પર્યાયરૂપે

અનિત્ય છે, તેથી હર્ષ કે ઉદ્વેગ કરવા યોગ્ય નથી.

'જીવનું જ્ઞાનાદિ સ્વરૂપ નિત્ય અને સુખાદિ સ્વરૂપ

અનિત્ય છે' એ વિચારવાથી હર્ષ - ઉદ્વેગ નાશ પામે.

શંકા એ દ્રવ્ય - ગૃહ સાંગો છે,

વિચિકિત્સા એ ક્રિયાનાં ફળ સાંગો છે.

'પાખંડ' શબ્દના બે અર્થ: વ્રત અને મત.

## ચારિત્રની સુંદર વ્યાખ્યા

જેનાથી અનિન્દિતપણે ચરે - વિચરે, તેનું નામ ચારિત્ર.

જે ક્ષયોપશમથી લોક અને જ્ઞાનીની નજરમાં

અનિંદ્ય વર્તાવ થાય, તે ક્ષયોપશમને 'ચારિત્ર' કહેવાય.

હિંસા - અવિરતિના યોગો નિંદ્ય યોગો થતા હોય, તે અટકે

અને ક્ષમા - જ્ઞાનાદિના પ્રશસ્ત વ્યાપાર ચાલે, તે ચારિત્ર.

## થોડી વ્યાખ્યાઓ

કૃતયોગી = સારી રીતે અભ્યસ્ત છે, યોગ જેને તે.
યોગ = સત્ત્વ, સૂત્ર, તપ, જ્ઞાનાદિની ભાવના સમજવી.
સ્થિર = સંઘયણ અને ધૃતિબળવાળા અને કૃતયોગી અથવા સ્થિર કરેલા યોગબળવાળા.

કાળ = કલન, જેમાં ગણતરી થાય અથવા કળાસમૂહ, ચંદ્ર - સૂર્યની ગતિક્રિયાથી સૂચિત દિવસ - રાત્રિ આદિ.
સંયમ = મૃત્યુ - જીવનમાં સમ, સમાધિ = આધિ - વ્યાધિમાં સમ, સમાપત્તિ = સુખ - દુઃખમાં સમાન ભાવ.

### ધ્યાનનાં સાધનો છે:

વિક્ષેપ, અન્ય વિચાર અથવા નિદ્રાદિ પ્રમાદ ન આવે, તેવું સ્થાન, તેવો કાળ કે તેવી શારીરિક અવસ્થાવિશેષ. ધ્યાનભંગ ન થાય અને જ્યાં યોગોની સ્વસ્થતા રહે એવા દેશ, કાળ અને આસન અભ્યાસીએ જાણવા.

પ્રતિક્રમણાદિ કાયિક, સ્વાધ્યાયાદિ વાચિક અને તત્ત્વચિન્તન - ભાવનાદિ માનસિક પ્રવૃત્તિ શાસ્ત્રાનુસાર સ્વસ્થતાથી ચાલે, તેવા દેશ - કાળ - અવસ્થાદિ ઉચિત છે. 'આર્તધ્યાન - રૌદ્રધ્યાન ધ્યાયાં, ધર્મધ્યાન - શુક્લધ્યાન ધ્યાયાં નહિ' એમ સાધુના પાક્ષિક અતિચારમાં આવે છે.

## અસંગ અનુષ્ઠાન એટલે...

જેમાં મનનો સંગ છૂટી ગયો છે, તેવી આત્માની ક્રિયા.

## અસંગક્રિયા એટલે...

મન વડે થતી શરીરાદિની ક્રિયામાંથી મુક્ત થઈ કેવળ કુંડલિની શક્તિથી અથવા તો આત્માની સહજશક્તિથી સહજ ભાવે જે ક્રિયા થાય તે.

## નિર્વિકલ્પ - નિર્વિચાર - નિર્વાસનતા

મન અને તેના વિકલ્પો એ આત્મા અને પરમાત્મા વચ્ચે ભેદ કરનાર પડદો યા દિવાલ છે. તેને તોડવા માટે નિર્વિકલ્પ થવું જોઈએ. મનને વિકલ્પરહિત કરવા માટે તેને નિર્વિચાર બનાવવું જોઈએ. તેને નિર્વિચાર કરવા માટે નિર્વાસન થવું જોઈએ. નિર્વાસન કરવા માટે બાહ્ય વસ્તુઓમાં હું અને મારાપણાની બુદ્ધિનો સર્વથા છેદ ઉડાડવો જોઈએ. જન્મ પહેલાં અને મૃત્યુ પછી જે સ્થિતિ આવે છે, તેનો અનુભવ જીવન જીવતાં લેવો જોઈએ. બધા વ્યવહારમાં હું - મારાપણાનો ભાવ સર્વથા ટાળવો. સર્વવિરતિ = હું તથા મારાપણાના ભાવનો સર્વથા વિરામ. સર્વવિરતિ માટે નિર્વાસન, નિર્વાસન માટે નિર્વિચાર, નિર્વિચાર માટે નિર્વિકલ્પ, નિર્વિકલ્પ થવા માટે નિઃસંગ,

નિઃસંગ થવા સત્સંગ - આત્મસંગ, આત્મસંગ માટે
નિઃસંગ, નિર્વિકલ્પ, નિર્વિચાર, નિર્વાસન અને
અસંગ અર્થાત્ સર્વ સંગનો પરિત્યાગ આવશ્યક છે.

સર્વ ધર્મનો સાર એટલે...

ઈશ્વરમાં અપેક્ષા અને જગત તરફ ઉપેક્ષા. તે સર્વના
હૃદયમાં રહેલો છે. વિજળીથી જેમ યંત્રો ચાલે છે,
તેમ તે દરેક મનુષ્ય અને પ્રાણીમાત્રને ચલાવે રહ્યો છે.
પાપનો ડર એટલે ઈશ્વર વિસ્મરણનો ડર. જેને ઈશ્વર
પ્રત્યે આદર નથી, તેને તેની ખબર નથી કે પાપ શું છે?
બધાં પાપોનું મૂળ ઈશ્વરનો અસ્વીકાર છે.
'ઈશ્વર સર્વ સમર્થ છે' એનું સ્મરણ થતાંની સાથે
જ પાપવૃત્તિ પલાયન કરી જાય છે. એ ઈશ્વર એટલે
સમર્થ એવું આત્મતત્ત્વ. ધર્મપ્રેમ એટલે કર્મનો લય
અને મોક્ષની ઈચ્છા એટલે ભવભ્રમણનો વિરામ છે.
મોક્ષ એટલે શુદ્ધ આત્માની પ્રાપ્તિ.
અરિહંતદેવમાં કૃપા અનંત છે, માટે
દેવ ઉપર ભક્તિ પણ અનંત જોઈએ.
જ્યોતિદર્શન = પોતાનું સ્વરૂપ જાણની આંખમાં જોવું તે.
સંતો અંતરજાણમાં પોતાનું સ્વરૂપ જુએ છે.

## તમારી સૌથી મોંઘી મૂડી કઈ?

'બીજા પાસેથી મને શીખવા મળે છે પણ બીજાના જેવી
હું થવા માંગતો નથી' આ વાત જેટલી જલ્દી સમજાશે,
તેટલો જલ્દી દુઃખ અને નિરાશાનો અંત આવી જશે.
આખી દુનિયામાં તમારા જેવી બીજી કોઈ વ્યક્તિ નથી
તથા આપણું પોતીકાપણું એજ આપણી
સૌથી મોટી પૂંજી છે - મૂડી છે - મિલ્કત છે.
આપણું જેવું સ્વતંત્ર વ્યક્તિત્વ છે,
તેવું વ્યક્તિત્વ આખા જગતમાં બીજા કોઈનું પણ નથી.
જે પૂંજી આપણી પાસે છે, તે આખી દુનિયામાં
બીજા કોઈની પાસે નથી, એ સમજવું, એને ઓળખવું,
એને સંભાળવું, સાચવવું તથા ન કચડવું તે પરમકર્તવ્ય છે.
તેને માન આપતાં શીખો અને તેને જ વિકસાવો.
સર્વ અરિહંતોમાં આર્હન્ત્ય છે, નિશ્ચયથી આર્હન્ત્ય એટલે
આત્મા-આત્મત્વ-વિશ્વનાયક તત્ત્વ-ત્રિભુવનસ્વામિત્વ.
આર્હન્ત્યમાં મોક્ષલક્ષ્મી અને ત્રણ ભુવનનું સ્વામિત્વ છે.
આર્હન્ત્ય = અરિહંતોની આજ્ઞા. 'સવ્વે જીવા ન હંતવ્વા।'
અહિંસા = Law, સંયમ = Order અને તપ =
principle. આજ્ઞા = આત્મહિત કરે તેવો ઉપદેશ.

જ્ઞાની પુરુષોની પ્રધાન આજ્ઞા એ છે કે:

'હે જીવ! પ્રધાન તારું પોતાનું હિત કર.

તે માટે નિર્વિકલ્પ થા - નિરાલંબન થા.

એ આજ્ઞાનું પાલન કરવા મૌન - અર્હંતનું આલંબન લે

અને સાક્ષીભાવનો સાક્ષી બનવા પ્રયત્ન કર.

સર્વ નયોનો સાક્ષી એવો આત્માનો પણ સાક્ષી બન.

ભેદદૃષ્ટિ છોડીને આત્મદૃષ્ટિએ આત્મામાં રહે.'

'અનાદિકાળથી આત્મા પરમાત્મામાં મળે છે, તેથી ૬૮

તીર્થો આ દેહમાં જ સમાયેલા છે, એવો અનુભવ થશે.'

'દર્શન દુર્લભ સુલભ કૃપા થકી.' 'કૃપા માટે પાત્રતા.'

'પાત્રતા માટે આજ્ઞાનું અનન્ય ભાવે આરાધન.'

એ આરાધન માટે 'નિર્વિકલ્પ શ્રદ્ધા, પ્રેમ, તદાત્મભાવ'.

તીવ્ર મુમુક્ષુ, પરમ સંવિગ્ન અને ભક્તિમાન પુરુષ જો

આટલું કરે, તો બાકીનું બધું કરવા પ્રભુ સદા તત્પર છે.

Dt. 24-8-71

ભેદદૃષ્ટિએ ઘણો લાંબો કાળ વિતાવ્યો,

હવે આત્મદૃષ્ટિએ આત્મામાં રહીએ.

નયોની દૃષ્ટિ હવે મન - વચન - બુદ્ધિથી ઊંચી લઈ,

આત્મા કે જે સર્વે નયોનો સાક્ષી છે, તેમાં સમાવીએ.

'પંચસૂત્ર ધ્યાનમાળા' ગાથા (૨૩) - (૨૪)

એટલા ગુણનો સેવક જે હોય, ધ્યાનસ્વરૂપને યોગ્ય તે હોય,
ચલ પરિણામ ન ધરે ધ્યાન, શુદ્ધાતમનું સ્યું તસ ભાન.
ચિર કરી રાખે જે ઉપયોગ, કરતો તત્ત્વ તણો આ ભોગ,
આતમસાર* તે ચિત્તમાં ધરે, ઈણિ વિધિ પરમાતમપદ વરે.

(*આતમસાર = પંચપરમેષ્ઠિ રૂપી ઓંકાર)

જે સાધક ધ્યાનના વિષયમાં ઇચ્છા, પ્રવૃત્તિ અને સ્થિરતાને સેવે અને અનુકંપાદિ તત્ત્વની એવી ગવેષણા કરે કે સકલ બ્રહ્મના જીવ (જંતુ)ના આત્મા નિજ આત્મ-સ્વરૂપ છે અને તેવા આત્મ(બ્રહ્મ)નો સાર ઓંકારરૂપ શબ્દબ્રહ્મ છે, તે પ્રમાણે સમજે અને ધ્યાન કરે, તો તે પરબ્રહ્મને - પરમાત્માને સિદ્ધ કરે.

પરબ્રહ્મનું સચ્ચિદાનંદસ્વરૂપ છે,
શાશ્વત, અરૂપ અને ઉદ્યોતસ્વરૂપ છે,
સહજાનંદ સુખસ્વરૂપ છે. આતમસાર ઓંકાર છે.

પોતીકી એક શક્તિ કઈ ?

જેમ શાસ્ત્રની અને સત્તાની શક્તિ હોય છે,
તેમ સમતા, બંધુતા અને સ્વતંત્રતાની
અનુભૂતિમાંથી જન્મતી પોતીકી એક શક્તિ હોય છે.

ઉપર તારા મઢ્યું આકાશ અને નીચે કર્તવ્યભાવના.
દિવસે એક જ તારાનું (સૂર્યનું) દર્શન થાય છે અને
રાત્રે અસંખ્ય તારાઓ દેખાય છે, એથી વિરુદ્ધ દિવસે
જનસંપર્ક - સૃષ્ટિસંપર્ક તથા રાત્રે આત્મસંપર્ક - ચિત્તસંપર્ક.

## દોષો એ ગુણોની છાયા

દોષ ગુણોની છાયા છે. એ હશે તો જ ગુણ પ્રકટ થશે.
માતામાં આસક્તિ છે, માટે પ્રેમ છે.
મહાપુરુષમાં દોષો છે, તે ગુણના પ્રકાશન માટે છે,
જો ગુણ જ ગુણ હશે, તો તે પ્રકટ નહિ થાય.
દોષ હશે તો ગુણ ય હશે, કેમકે દોષો ગુણોની છાયા છે.
મનુષ્યનું જીવન એ જાણે એક ઘર છે,
તેમાં દોષ એ દીવાલ છે, ગુણ બારી - બારણાં સમા છે.
દરેક ઘરને ઓછામાં ઓછું એક બારણું તો હોય જ છે,
એમ ગુણ વગરનો મહાપુરુષ પણ જગતમાં નહિ અને દિવાલ
વિનાનું ઘર ન હોય, તેમ દોષ વગરનો મહાપુરુષ પણ ન હોય.
સેવા નજીકથી, આદર દૂરથી, જ્ઞાન અંદરથી.
સેવા માટે નજીક જવાનું અનિવાર્ય છે.
નજીક જવાથી દોષ દેખાવાનો સંભવ છે,
પણ તે જોવાનું કામ મારું નહિ.

## ગુણ - દોષમાંથી કોને ગાવા?

આપણે જ્યારે ભગવાનની મૂર્તિ સામે જોઈએ છીએ, ત્યારે તેના બાહ્ય આકારને મહત્ત્વ નહિ આપતાં પણ ભગવાનના અંતરતત્ત્વ ભણી જેમ જોઈએ છીએ, એમ વ્યક્તિ ગમે તેટલા દોષમય હોય પણ તેના ગુણ જોવા.

અધમ માત્ર દોષ લે છે, મધ્યમ ગુણ-દોષ બંને લે છે, ઉત્તમ ગુણ લે, ઉત્તમોત્તમ અલ્પગુણનો પણ વિસ્તાર કરે.

ગુણગાન વિના ભક્તિ અર્થાત્ ગુણસંકીર્તન ન થાય. ભક્તનો વ્યવસાય ગુણ ગાવાનો છે - દોષ ગાવાનો નહિ. બધી જ વ્યક્તિ ભક્તને મન ભગવાનની મૂર્તિઓ છે. ન્યાય કરવાનું કામ આપણું નહિ. ન્યાયદેવતા ત્યાં બેઠેલો છે, તે ન્યાય કરશે, ત્યારે તેમાં તમે શું કરશો?

વિનોબાજી કહે છે કે:

રાજ મેળવવું તે આપણું કામ છે.

વ્યક્તિના હૃદયમાં પ્રવેશ થાય તો જ તે વ્યક્તિનું રાજ થઈ શકે. આવો પ્રવેશ ગુણો દ્વારા જ થઈ શકે. પછી તે જ મનુષ્ય ખુદ પોતાના દોષ તમારી આગળ પ્રગટ કરશે. ડૉક્ટર જેમ ઓપરેશન કરી દર્દવાળો ભાગ કાઢી નાંખે છે, તેમ કુશળતાપૂર્વક દોષો કાઢીને એના ગુણો ભણી જુઓ.

'સમયં ગોયમ ! મા પમાયએ !' નો અર્થ:

'સમય' એટલે વર્તમાનનો એક સમય.

એ જ તારો પોતાનો છે, માટે તેને તું સફળ કરી લે,
નિષ્ફળ ન જવા દે નહીં, તે સમય વ્યર્થ ગુમાવ નહિ,
તેને નિરર્થક કે અનર્થક ન થવા દે પણ તેને સાર્થક કર.

ભૂત થઈ ગયો, ભાવિ હજુ થવાનો છે,
વર્તમાન જ સારો યા નરસો કરવાનો તારા હાથમાં છે, માટે
સંકલ્પ-વિકલ્પ તજીને વર્તમાન સમયને સાર્થક કરી લે.

તેટલો જ વર્તમાનનો સમય તારા હાથમાં છે.
તે સિવાય ભૂત અને ભાવિ સમયો તારા કાબૂમાં નથી.

માટે આ સૂત્રનું કથન છે કે:
જ્યારે પણ જાગો, ત્યારે વર્તમાનમાં ઉપયોગવાળો થા.
પ્રમાદ = બેદરકારીપણું, ગાફેલપણું, ચૂકી જવાપણું.
ભૂતકાળને ભૂલી, વર્તમાનને સુંદર બનાવી, ભાવિની વાટ શરૂ
કરશો, તો જ સાચી સાંવત્સરિક ક્ષમાપના ગણાશે.

o પરાજયના પળોમાંથી જ વારી પ્રકટે છે,
આથી જ સફળતા એટલે શ્રેણીબંધ ભવ્ય નિષ્ફળતાઓ.

o

*Self developement, spiritual aspiration enable us to master our karma.*

## સંકોચ અને લય

'ધ્યાનશતક'માં કહ્યું છે કે:
ત્રિભુવનના વિષયોમાંથી મનને સંકોચી ક્રમશઃ પરમાણું
ઉપર લઈ જવું, તે શુક્લધ્યાનનો વિષય છે.
ધર્મધ્યાનમાં 'નમો' પદ દ્રવ્ય-ભાવસંકોચને સૂચવે છે.
વચન અને કાયાનો સંકોચ તે દ્રવ્યસંકોચ તથા
મનનો સંકોચ તે ભાવસંકોચ છે.
અનંતા અરિહંતો અને સિદ્ધોનો આત્મામાં સંકોચ કરવો
તથા જાપ વખતે આત્માનો અર્હના બિન્દુ અને
અનાહતમાં લય કરવો, એ પણ ભાવસંકોચ છે.

### સિદ્ધસેનીય શક્રસ્તવના પ્રથમ ૧૧ આલાપકો દ્વારા
### પ્રભુની સ્તુતિ - સ્તોત્ર

'ૐ હ્રીં શ્રીં અર્હં નમઃ।' પદ દ્વારા જાપ,
'લોકોત્તમો નિષ્પ્રતિમસ્ત્વમેવ' દ્વારા સર્વસમર્પિત ભાવ,
'ત્વં મે માતા-પિતા' દ્વારા 'તત્ત્વમસિ'ની ભાવના,
'જિનોદાતા જિનોભોક્તા' દ્વારા 'અહમાત્મ બ્રહ્મ' ભાવના
અને 'યો જિનઃ સોઽહમેવ ચ।' વડે 'અહં બ્રહ્માઽસ્મિ'ની
ભાવના બતાવી છે અને આખા સ્તોત્રમાં આ રીતે
ધ્યાન અને લય પર્યન્તનાં સાધનો સૂચવ્યાં છે.

## નિરાલંબન અને સાલંબન માટે...

ઉદ્યોગની એકતા એ ધ્યેય, બુદ્ધિનો વ્યાપાર એ ઉદ્યોગ,
સજાતીય ભાવની ધારા એ એકતા,
આમ્નાયનું અનુસરણ એ સિદ્ધિ,
વિશ્વાસબાહુલ્ય એ શ્રદ્ધા, એકતાનું ભજન એ અભેદ.
લક્ષ્યથી અલક્ષ્યમાં, સ્થૂલથી સૂક્ષ્મમાં અને
સાલંબનથી નિરાલંબનમાં તત્ત્વવેત્તા શાસ્ત્રપણે જાય છે.
પદ લક્ષ્ય છે, પિંડ સ્થૂલ છે, રૂપ આલંબન છે.
એ ત્રણેય અનુક્રમે - પદથી અલક્ષ્ય, પિંડથી સૂક્ષ્મ
અને રૂપથી નિરાલંબન સાધવાનું છે.

## ઊર્ધ્વગતિ માટેના મુખ્ય બે સાધનો

(૧) ગુણોથી પર અને ગુણોના સ્વામી એવા પરમ તત્ત્વની ઉપાસના કરવી. (૨) રજોગુણ - તમોગુણની ભયંકરતા પારખીને તેમાંથી મુક્ત થવાનો પ્રયત્ન કરવો. ૐની ઉપાસના દ્વારા પહેલો ઉપાય સધાય છે અને દોષદર્શન દ્વારા દોષોનો વિલય એ બીજો ઉપાય છે.

વિશ્વની પરમશક્તિને કોઈ એક શબ્દમાં વ્યક્ત કરવી હોય તો તે એકાક્ષરી મંત્ર ૐ છે. ઓંકાર એટલે કબીરનું નિર્ગુણબ્રહ્મ અને તુલસીનું સગુણ રામતત્ત્વ.

## ૐનું સુમિરણ

ૐની ત્રણ માત્રા દ્વારા ત્રિગુણાત્મક સૃષ્ટિ અને ચોથું પદ અર્ધમાત્રા દ્વારા ગુણાતીત બ્રહ્મનો સંકેત છે. ૐનો જપ અને ભાવાર્થનું ચિંતન - એ બે પાંખો વડે મહારાજ ત્રણ ત્રણ લોકની સીમાઓને પાર કરી જાય છે. તન મન ધ્યાન લગાય = પ્રયત્નપૂર્વક થતું 'સુમિરણ' ઉર્ધ્વાધોમધ્ય સર્વ ગ્રંથિઓના બંધનોને છેદી નાંખે છે. ચૈતન્ય સાથે એકરસ થયા વિના મંત્રચૈતન્ય જાગતું નથી. એક એક જપ મહારાજના હૃદયમાં ચોટ મારતો જાય,

ત્યારે પ્રકૃતિનાં ભારે સાંકળિયાં તૂટતાં જાય.

મહારાજ પોતે ભેદાતો જાય એ જપસાધનાનું લક્ષણ છે. ઉપાસનાનો માર્ગ હકારસૂચક - અસ્તિવાચક માર્ગ છે. તેમાં એક પરમ સત્તાનો સ્વીકાર કરી, તેનું અવલંબન મેળવી પાર ઉતરવાનું છે. એ પરમાત્મકૃપાનો માર્ગ છે.

બીજો એક શુદ્ધ વિચારનો માર્ગ પણ છે.

એમાં વિવેક વતી પ્રપંચ અભાવ થઈ જાય છે. ચિત્ત જે પ્રકૃતિ સાથે શરીરની સાથે એકાકાર થયું છે, તેને પરમ પુરુષ - પરમ ચૈતન્ય સાથે એકાકાર કરવું,

એ જ એકમાત્ર સાધના છે.

ચિત્ત જ્યાં શુદ્ધ પરમ ચૈતન્ય સાથે સંપૂર્ણ એકતાર નહિ થાય, ત્યાં શુદ્ધ મહારસ ક્યાંથી ઝરડાતો રહેશે, ગુણોથી ઘવાતો અને અહીં આત્મવિહોણા ક્રિયામાં ઘસડાતો રહેશે. શરીરમાં રહીને જ અશરીરી સાથે જોડાણ થઈ જાય, તો મુક્તિ કાજે બીજે ક્યાંય જવું પડે એમ જ નહિ. મહારસનું ચિત્ત જડના વિકારો સાથે જેટલું તદ્રૂપ છે, એટલું ચૈતન્યના વિલાસ સાથે તદ્રૂપ થઈ જાય, તો 'પ્રભુ લટકાં કરે, પ્રભુ પાસે'નું દર્શન નજરે નિરખી શકાય અને આ જગત એક આનંદનું બજાર બની જાય.

– Makarand

ૐ अर्हं નમઃ । આ મંત્રનો નીચે પ્રમાણે અર્થ છે:
ૐ એ નાદ છે, अर्हं એ રૂપ - જ્યોતિ છે અને
નમઃ એ તદ્રૂપપરિણતિ છે.

o 'સત્પુરુષોનું યોગબળ આ જગતનું કલ્યાણ કરો.'

જડવાદે માનવીને સુખ સગવડની પરાકાષ્ઠા આપી છે, જ્યારે અધ્યાત્મવાદે માનવીને મનની શાંતિ આપી છે.

સ્વાધ્યાય = સ્વ = आत्म अध्ययनं.

આત્મચિન્તન = આત્મનિરીક્ષણ.

o

To learn is good, To become is better.

## અનુભવ વાણી

પ્રભુસ્વરૂપ ચિંતન એ ગૌણતાથી સ્વસ્વરૂપનું જ ચિંતન છે. જ્ઞાની પુરુષોએ જોયું છે કે જિન ભગવાનની અને સિદ્ધ ભગવાનની ઉપાસના 'સ્વરૂપ પ્રાપ્તિ'નો હેતુ છે. ચિત્તની આત્માકાર વૃત્તિનું નામ જ ચિત્તપ્રસન્નતા છે. આત્મા અને પરમાત્માની એકતારૂપી અભેદવૃત્તિ દ્વારા થતી અભેદ ભક્તિ તે ચિત્તપ્રસન્નતાનો પરમ હેતુ છે. બધા યોગ ચિત્તાધીન હોવાથી જો ચિત્ત અભેદાકારે પ્રભુમાં લીન રહે, તેના બધા યોગ ભગવદાધીન બને. પ્રભુમાં ચિત્તની લીનતા કાયમ રહે અને તેમાંથી ન ખસે તો જ જગતના બનતાં ભાવોમાં ઉદાસીનતા ટકે, ગ્રહણ-ત્યાગરૂપ વિકલ્પ ન ઉઠે તથા પ્રભુસેવા અખંડ બની રહે.

સ્વાનુભૂતિને પ્રાપ્ત જ્ઞાની પુરુષો સ્વવશ છે, પર ભાવો કે પર વિષયોમાં તેઓ આસક્ત થતાં નથી.

જે અશુભ ભાવોમાં વર્તે છે, તે અન્યવશ છે.

જે શુભ ભાવોમાં પ્રવર્તે છે, તે સ્વવશ છે.

સ્વહિતમાં લીન એવા જ્ઞાની પુરુષો શુદ્ધ સહજાત્મ સ્વરૂપ સિવાય અન્ય પદાર્થોને વશ થતાં નથી. સર્વજ્ઞ - વીતરાગમાં અને આવા સ્વવશ યોગીઓમાં વસ્તુતઃ કોઈપણ ભેદ નથી.

તેમનામાં જે ભેદ જુએ છે, તે ખરા જડ-આત્માની છે.
અનન્ય શુદ્ધિવાનો નિજાત્મા સિવાય ક્યાંય લીન ન થાય,
તેઓ ખરેખર સ્વવશ - ધન્ય છે. તેથી જ પ્રભુસ્વરૂપ
આત્મા મેળવેલ વેદાદિ શાસ્ત્રમાં પ્રભુસમાન જ કહ્યો છે.
અવિચલિત આત્મસ્વરૂપે રહેવાથી આત્મભાવ વધતો રહે
અને મન 'આત્માકાર' બનતું જાય, તે રીતે પ્રયત્ન જારી
રાખવાની જરૂર છે. આત્મા સમાન કોઈ દેવ નથી.
જ્ઞાનમય આત્મા પરમોત્કૃષ્ટભાવે જેણે પ્રાપ્ત કર્યો,

તેણે સર્વ કાંઈ પ્રાપ્ત કર્યું.

આત્માને ઓળખવો હોય તો અભ્યંતર દશા ચિન્તવવા,

નિર્મળ અંતઃકરણથી આત્માનો વિચાર કરવો.

અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્યથી અભેદ આત્માનો
વિચાર એક પળ પણ થાય, તો ઘણો લાભદાયી છે.
દેહચિંતા કરતાં આત્મચિંતા કરવી અનંતગણી શ્રેષ્ઠ છે.
જ્યાં મતિની ગતિ નથી, ત્યાં વચનની ગતિ ક્યાંથી હોય?
જીવની જ્ઞાનચેતના વીતરાગ અને સર્વજ્ઞ સ્વરૂપ છે.
એકચિત્તે આત્માનું ધ્યાન કરી, પ્રત્યક્ષ અનુભવ કરશો.
જેમ બને તેમ ત્વરાથી આત્માને આરાધો - સાધો.

પરમાર્થને પ્રેરે, તે વ્યવહારને માન્ય રાખો.

'આત્મા કેવળ આત્માપણે વર્તે' એમ જે ચિન્તન તે
લક્ષ છે. લક્ષ ધ્યાનમાં રહે, તેવું ધ્યાન તે ધર્મધ્યાન છે.

જેમ-જેમ ધ્યાનની વિશુદ્ધિ,
તેમ-તેમ જ્ઞાનાવરણનો ક્ષયોપશમ થાય છે.

સંકલ્પ-વિકલ્પથી રહિત થવું અને
આત્મભાવમાં સ્થિર રહેવું, તે પરમ ધર્મ છે.

ધ્યાન વખતે આત્મસ્વરૂપ ઉપર લક્ષ રાખો.

જ્યાં શુદ્ધ સહજ સ્થિતિ સ્વાભાવિક ન થાય,
ત્યાં શુદ્ધ ધ્યાન અને સ્વાધ્યાયમાં લીન રહો.

આત્મપરિણામની વિશેષ સ્થિરતા થવા માટે
વચન અને કાયાનો સંયમ ઉપકારી કારણ છે.

સહજ સ્વરૂપે જીવની સ્થિતિ થવી, તે મોક્ષ છે.

સહજ સ્વરૂપથી જીવ રહિત નથી પણ સહજ સ્વરૂપનું
માત્ર જીવને ભાન નથી, તે થવું તે સહજ સ્વરૂપે સ્થિતિ છે.

સંસાર સમસ્ત પુણ્ય-પાપના ઉદયરૂપ છે. આ જગત
સાવ સોનાનું થાય, તો પણ વિવેકીને મન તૃણવત્ છે.

સમગ્ર વિશ્વ પરકથા-પરપ્રવૃત્તિમાં વહી રહ્યું છે, તેમાં
સ્થિરતા ક્યાંથી પ્રાપ્ત થાય? સર્વ પ્રકારના ભયને રહેવાના
સ્થાનરૂપ સંસારને વિષે માત્ર એક વૈરાગ્ય જ અભય છે.

રૂડું દેખાડવા અનંત વાર પ્રયત્ન કર્યો તોય રૂડું થયું નહિ. એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ જીવન પસાર કરવામાં વ્યતીત થશે તો અનંત ભવનું સાટું વળી જશે. આત્મસ્વભાવને જે પામ્યા, તે સૌ નિર્ભય બની ગયા.

વિચાર એટલે જડ - ચેતનના ભેદનો વિચાર.

વિવેક એટલે સ્વપર ભેદનો વિભાગ - અધિષ્ઠાન.

ચૈતન્ય પ્રત્યે પ્રીતિ એટલે

ચૈતન્યસ્વરૂપ આત્મતત્ત્વ પ્રત્યે પ્રીતિ કરવી. જ્ઞાનીની દૃષ્ટિ નિરાલંબન છે, તોય જીવને રુચિકર થતી નથી.

પરિષહ વેઠીને પણ તે દૃષ્ટિનું થોડા કાળ શુદ્ધ આરાધન કર્યું, તે સર્વ દુઃખના કારણરૂપ વિકલ્પ તથા વિકલ્પના ઉપાયને પામ્યા છે.

નિશ્ચય ધર્મ, વાસ્તવિક ધર્મ, આત્મ ધર્મ એકાર્થક છે. આત્મપરિણામની સહજસ્વરૂપે પરિણતિ થવી, તે નિશ્ચય ધર્મ છે. જે જે પ્રકારે આત્મા આત્માનો ભાવ પામે, તે તે સકલ પ્રકાર ધર્મના છે. આત્મસ્થિતિ જેની છે, તે સત્પુરુષોથી જ આત્મધર્મ પામી શકાય છે.

જેને આત્મસ્વરૂપ પ્રાપ્ત-પ્રગટ છે, તે પુરુષ વિના બીજા કોઈ આત્મસ્વરૂપને કહેવા કે પમાડવા માટે સમર્થ નથી.

તે શુદ્ધબોધ આત્માને જાણ્યા વિના આત્મા જાણ્યો છે,
એવા ભ્રમના ત્યાગ કરવા યોગ્ય છે.

જેમનું આત્મસ્વરૂપ પ્રગટ થયેલું છે,
તેમના પ્રત્યે ભક્તિ ન જાગે, તો સમજવું કે
હજુ આત્મતત્ત્વ પ્રત્યે રુચિ અંતરથી જાગી નથી.

સ્વરૂપનું ભાન એ જ મોટો લાભ છે.

સદ્વિચાર અને આત્મભાન તે સદ્ગતિનાં કારણ છે.

જેમ બને તેમ આત્માને ઓળખવા માટે લક્ષ આપો.

સદા એક જ પદાર્થ પરિચય કરવા યોગ્ય છે,
વળી અનંત પ્રકારનો પરિચય નિવૃત્ત થાય છે.

સર્વ જાણવાનું ફળ એક આત્મપ્રાપ્તિ છે.

એક આત્માને જાણતાં લોકાલોકને જાણી શકીશ.

એક નિજસ્વરૂપને વિષે દૃષ્ટિ દેવાથી
સમસ્ત સૃષ્ટિ સર્વપણે તારે વિષે (તારામાં) દેખાશે.

સદ્ધર્મનો યોગ સત્પુરુષના યોગ વિના હોય નહિ.

વિશાળ બુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા અને જિતેન્દ્રિયપણું -
એ ચાર પાત્ર બનવાનાં ઉપાય છે.

પ્રભુ મહાવીરે જે જ્ઞાનથી આ જગતને જોયું, તે જ્ઞાન
સર્વ આત્મામાં છે, માત્ર તેનો આવિર્ભાવ કરવું જોઈએ.

'ગીતાર્થ' એટલે આત્મજ્ઞાની અને તેના
નિશ્રા એટલે આત્મજ્ઞાનીની નિશ્રા, એ જ મોક્ષમાર્ગ છે.
જે કાંઈ અન્ય પદાર્થનો વિચાર છે,
તે જીવના મોક્ષ માટે છે, અન્ય પદાર્થના જ્ઞાન માટે નહીં.
સર્વ પદાર્થનું સ્વરૂપ જાણવાનો હેતુ એક આત્મજ્ઞાન છે.
આત્મજ્ઞાન વિના સર્વ પદાર્થનું જ્ઞાન નિષ્ફળ બને છે.
આત્મજ્ઞાન પ્રયોજનભૂત છે, તે માટે શાસ્ત્રનું શ્રવણ-
મનન જરૂરી છે. શાંતરસનું જેમાં વર્ણન છે, તે સત્શાસ્ત્ર.
શાંત થવું - વિરામ પામવું, તે દ્વાદશાંગીનો સાર છે.
શાંત શ્રુતના શ્રવણ-મનનથી સ્વરૂપસ્થિરતા સધાય છે.
જે શ્રુતથી અસંગતા ઉલ્લસે, શાંતતા ઉદ્ભવે,
તે શ્રુત સ્થિર છે - પરિચય કરવા યોગ્ય છે.
નિજ સ્વરૂપના વિચારમાં - નિદિધ્યાસનમાં સ્થિર રહેવાને
માટે જ્ઞાની પુરુષોનાં વચનો આધારભૂત છે.
સત્નું શ્રવણ, મનન, નિદિધ્યાસન સતત કરવું.
શ્રુતિ કહે છે : એક આત્માને જ સાંભળવો,
વિચારવો, ધ્યાવવો અને અનુભવવો.
સર્વ કરતાં આત્મજ્ઞાન શ્રેષ્ઠ છે. ઉપયોગની શુદ્ધતા
જેટલી અધિક, તેટલી આત્મજ્ઞાનની પ્રાપ્તિ નિકટ હોય.

આત્મભાવનાર્થે મૂર્તિમાન આત્મસ્વરૂપ એવા દેહગુરુનો આશ્રય જરૂરી છે. 'આશ્રય ભાવના' એ એક ભાવના છે.

તીવ્ર ભાવદશા = નિજ શુદ્ધ પરિણતિને સત્સંગથી ઉપાસો.

'ભાવદશા જે આકરી, તેટ ચરણ વિચારો;
નિર્વિકલ્પ ઉપયોગમાં, નહિ કર્મનો ચારો.'

સ્વરૂપસ્થ થવું, તે જ એક અવ્યાબાધ તથા અનંત સુખને પામવાનો એક માત્ર સાચો અનન્ય ઉપાય છે.

શાંત આત્મધર્મ એવા જિનભાવને ભાવ્યેથી જ મુક્તિ થાય.

'જિનભાવના' એટલે જે પરમ શાંતસ્વરૂપે પરિણમ્યા સ્વરૂપસ્થ થયા, તે પરમ શાંત સ્વરૂપની ચિન્તવના.

જેમ છે, તેમ આત્મસ્વરૂપ જાણવું, તે 'સમજવું' છે અને તેથી ઉપયોગ અન્ય વિકલ્પરહિત થશે, તેનું નામ 'શમાવું' છે.

સમજીને સમાઈ જવું, તે જ સર્વ સાધનાનો સાર છે.

'સહજાત્મ સ્વરૂપ પરમ ગુરુ' એ પરમ મંત્ર છે.

In god, we live and move and have our being. In love of god, we live & move and have our being. In wisdom of god, we live & move and have our being.

## જ્ઞાનધ્યાનનું રહસ્ય

'જપને મન કરે અને સાધક તેને સાંભળે'
એ રીતે જપ કરવાવાળો અને તેને સાંભળવાવાળો -
એમ બે વ્યક્તિ પૃથક્ પૃથક્ પડી જાય છે.
જપ કરવાવાળું મન અને એને સાંભળવાવાળી બુદ્ધિ,
બંનેની ભિન્નતા થતાં જ બુદ્ધિ શાંત તથા સ્થિર બની
જાય છે અને પછી મનનો જપ પણ છૂટી જાય છે.
'બુદ્ધિ સ્થિર થવાની સાથે જ આત્મ-સાક્ષાત્કાર'નો માર્ગ
સ્વતઃ સહજ સ્વભાવિક ખૂલવા લાગે છે.
આ વિધિ પ્રકૃતિથી પુરુષને ભિન્ન કરવા અને પોતાની
આત્મસત્તાનો અનુભવ કરવા સહજ-સુગમ ઉપાય છે.
ઈશાનુગ્રહી સદા-સર્વદા સન્તુષ્ટ-પ્રસન્ન ચિત્ત રહે છે.

'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.' (૧)

'યસ્યાનુગ્રહમિચ્છામિ તસ્ય સર્વં હરામ્યહમ્ ।'
અર્થાત્: જેના ઉપર હું કૃપા કરવા ઇચ્છું છું,
તેનું સર્વ પાપ હું દૂર કરું છું.

૦ ઈશ્વરપ્રણિધાનરૂપ આત્મસમર્પણ માટે
ત્યાગ અને કર્મનો સદ્યોગ આવશ્યક છે. - સિદ્ધારામજી

## આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ, અવ્યાબાધત્વ

(૧) આત્માનું અસ્તિત્વ ચૈતન્ય સત્તાના ઝળહળે છે.
ઉપયોગ લક્ષણથી તેની સત્તા સિદ્ધ છે.
ગુણ પ્રત્યક્ષ વડે ગુણી પ્રત્યક્ષ છે.

(૨) આત્મદ્રવ્ય અસંયોગી છે, તેથી ત્રિકાળવર્તી છે.
સંયોગથી ઉત્પત્તિ હોય, તેનો જ નાશ હોય.
સ્વાભાવિક પદાર્થનો અંત હોતો નથી.

(૩) પદાર્થ માત્ર પોતાની અર્થક્રિયાયુક્ત હોય છે.
આત્મા સક્રિય છે, માટે કર્તા છે.
શુદ્ધ નિશ્ચયથી નિજસ્વરૂપનો, અશુદ્ધ નિશ્ચયથી રાગદ્વેષનો,
અનુપચરિત વ્યવહારથી કર્મ અને દેહાદિનો તથા
ઉપચરિત વ્યવહારથી ઘર, નગરાદિનો કર્તા છે.

(૪) 'યા યા ક્રિયા સા સા ફલવતી।' કષાય, અકષાયાદિ જે કાંઈ પરિણામે આત્મા પ્રવર્તે, તેનું ફળ હોય જ. ક્રિયાનો કર્તા આત્મા છે માટે ક્રિયાફળનો ભોક્તા પણ છે.

(૫) કર્તા-ભોક્તાપણું છે, તેમ કષાયાદિના અનભ્યાસથી, અપરિચયથી અને ઉપશમથી મંદપણું અને અભાવ, ક્ષીણપણું પણ છે. બંધભાવ ક્ષીણ થવો શક્ય હોવાથી બંધરહિત શુદ્ધ આત્મસ્વભાવ પ્રગટ થવા યોગ્ય છે.

(૬) જ્ઞાન, દર્શન, વૈરાગ્ય, ભક્તિ, યોગ, સમાધિ આદિ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળા સાધન પ્રત્યક્ષ છે. તે સાધનોના બળે કર્મનો બંધ શિથિલ થાય, ઉપશમ પામે, ક્ષીણ થાય છે, માટે જ્ઞાનસંયમાદિ મોક્ષના ઉપાય પણ છે.

૦ સાહચર્ય માત્રનો સંબંધ તે બહિર્વ્યાપ્તિ તથા
હેતુ અને સાધ્યનો નિયત સંબંધ તે અંતર્વ્યાપ્તિ.

સમાનાધિકરણ = સમાન વિભક્તિવાળું વિશેષણ.

વ્યધિકરણ = ભિન્ન વિભક્તિવાળું વિશેષણ.

નવકારનો વિનિયોગ સમસ્ત સત્ત્વવિષય સ્નેહનો પરિણામ છે.

જે સ્નેહમાં અંતરાય કરનાર પાપ છે,
એ સ્નેહમાં સહાય કરનાર તત્ત્વ મંગળ છે.

આપણે ઈશ્વરની સ્તુતિ કરીએ, તે ભક્તિયોગ છે. ઈશ્વર આપણી સાથે વાત કરે અને આપણે અંદર સાંભળીએ, તે જ્ઞાનયોગ છે. જાપ કરવો તે ભક્તિ અને દૃઢ રહીને જાપ સાંભળવો તે જ્ઞાન.
ભક્તિ અને જ્ઞાન મળે, ત્યારે આત્મપ્રકાશ થાય.

૦

I talk with God = સ્વાધ્યાય.
God talks with me = ધ્યાન.
God talks through me = પ્રકાશ.

स्वाध्यायाद् ध्यानमासीत ध्यानात्स्वाध्यायमामनेत् ।
स्वाध्याय - ध्यान - संपत्त्या परमात्मा प्रकाशते ॥१॥

અર્થ: સ્વાધ્યાય ઉપરથી ધ્યાનનો આશ્રય લે અને
ધ્યાન ઉપરથી સ્વાધ્યાયમાં આવે, એ રીતે
ધ્યાન અને સ્વાધ્યાયના યોગથી આત્મા પ્રકટ થાય છે.

મનને ખુશ રાખવાથી આત્મા નાખુશ થાય છે,
મનને નાખુશ કરવાથી આત્મા ખુશ થાય છે.

o નિત્યક્રિયા ન થાય, તો અશુભ વધે.
નૈમિત્તિકક્રિયા ન થાય, તો મૂડી ન વધે.
નિત્યક્રિયા શાંતિ આપે, નૈમિત્તિકક્રિયા શક્તિ આપે છે.
ધર્મક્રિયા વડે અરિહંત પ્રતિ પ્રેમભાવ થાય છે.

ખાવાની ક્રિયા છોડવી, એનું નામ તપ છે.
આરામની ક્રિયા છોડવી, તેનું નામ શીલ છે.
સંગ્રહની ક્રિયા છોડવી, તેનું નામ દાન છે.

જીવનમાં નીચેની ૪ વસ્તુ અવશ્ય કરવી:
(a) સુખીના સુખની ઈર્ષ્યાનો ત્યાગ.
(b) દુઃખીના દુઃખની ઉપેક્ષાનો ત્યાગ.
(c) ગુણવાન પ્રત્યે દ્વેષનો ત્યાગ.
(d) પાપી પ્રત્યે રાગ-દ્વેષ ઉભયનો ત્યાગ.

## મૈત્રી - કરુણા - પ્રમોદ અને માધ્યસ્થના ૪ પ્રકારો:

(૧) મૈત્રી = પરના સુખની વિચારણા.

(a) ઉપકાર મૈત્રી - અહીં તેવી ચિન્તવના હોય છે કે: 'પોતાના ઉપર ઉપકાર કરનાર સુખી રહો.'

(b) સ્વકીય મૈત્રી - પોતાના સગાસંબંધીની ચિન્તવના.

(c) સ્વપ્રતિપન્ન મૈત્રી - આશ્રિત નોકરાદિની ચિન્તવના.

(d) સામાન્ય મૈત્રી - 'સર્વ જીવો સુખી રહો' ચિન્તવના.

(૨) કરુણા = દુઃખનો નાશ કરવાની ભાવના.

(a) મોહકરુણા - માંદાને કુપથ્ય દઈને તથા રાગવાસનાવાળાને રાગની સામગ્રી દઈને તેના દુઃખ દૂર કરવાની ભાવના.

(b) દુઃખીકરુણા - દુઃખીના દ્રવ્યદુઃખ દૂર કરવાની ભાવના.

(c) સંવેગકરુણા - સૌના ભાવદુઃખ દૂર કરવાની ભાવના.

(d) સ્વભાવકરુણા - જીવમાત્રને કર્મમુક્ત કરાવવાની ભાવના.

(3) પ્રમોદ = બીજાનો ઉત્કર્ષ જોઈને હર્ષ અનુભવવો.

(a) આપાતરમ્ય સુખપ્રમોદ - આપત્તિમાં સમતાનો હર્ષ.

(b) સદ્ધેતુ સુખપ્રમોદ - શુભ આશય થકી થતો આનંદ.

(c) અનુબંધયુત સુખપ્રમોદ - ધર્મીને જોઈને થતો આનંદ.

(d) પરમ સુખપ્રમોદ - મોહનીય આદિ કર્મના ક્ષયથી પ્રાપ્ત થયું અવ્યાબાધ સુખ જોઈને મનમાં થતો આનંદ.

(૪) માધ્યસ્થ્ય = ઉપેક્ષા.

(a) કરુણા ઉપેક્ષા - અપથ્ય આહારનું સેવન કરનારને રોકી ન શકાય, અસાધ્ય માનીને કરાતી ઉપેક્ષા.

(b) અનુબંધ ઉપેક્ષા - ભવિષ્યમાં મળી શકનારા લાભની અપેક્ષાએ કરાતી વર્તમાન લાભની ઉપેક્ષા.

(c) નિર્વેદ ઉપેક્ષા - સંસારસુખને દુઃખ માની કરાતી ઉપેક્ષા.

(d) તત્ત્વચિંતન ઉપેક્ષા - તત્ત્વજ્ઞાનના બળે સંસારની ઉપેક્ષા.

ઔચિત્યપાલનનો મહિમા ॐ - ષોડશક ૧૩, શ્લો. ૯, ૧૦

સર્વ ગુણોમાં ઔચિત્યનું પાલન એ મુખ્ય ગુણ છે.
તે ઔચિત્ય મૈત્ર્યાદિ ભાવોને અનુસરે છે.
જીવમાત્ર પ્રત્યે મૈત્રી, ગુણીજન ઉપર પ્રમોદ,
દુઃખી જીવ પ્રત્યે કરુણા, પાપી જીવો પ્રત્યે માધ્યસ્થ્ય.
એ રીતે જીવમાં જીવત્વ સરખું હોવા છતાં તે તે અવસ્થાભેદથી ભાવોમાં ભિન્નતાનું નામ 'ઔચિત્ય' છે.
સ્યાદ્વાદ દૃષ્ટિ પણ ઔચિત્યના પાલનનું જ પરિણામ છે.
ન્યાયબુદ્ધિ તેનો પર્યાય છે.

બાર ભાવનામાં પહેલી છ ભાવના સંસારની અસારતા ભાવવા માટે છે, પછીની ૩ ભાવના ચારિત્રધર્મ અને છેલ્લી ત્રણ ભાવના શ્રુતધર્મની સારભૂતતા જણાવે છે.

## આજ્ઞાપાલનનો અભ્યાસ કરવાથી થતા લાભ

(૧) ધર્મક્રિયામાં કંટાળો ન આવે.
(૨) ધર્મપ્રવૃત્તિમાં બળ મળે.
(૩) સમ્યગ્દર્શન ગુણ વિકસે.
(૪) જિનેશ્વરો પ્રત્યે ભક્તિ બંધાય.
(૫) વીતરાગ પ્રત્યેની ભક્તિથી રાગાદિ ઘટે.
(૬) જિનવચનના મહત્ત્વથી મિથ્યાત્વ ટળે.
(૭) સૂક્ષ્મ પાપનો ત્યાગ કરવાની શક્તિ આવે.
(૮) 'ક્રોધ કરવામાં મોહની આજ્ઞાનું પાલન છે, ક્ષમાગુણનું પાલન કરવામાં જિનાજ્ઞાપાલનનો મહાન લાભ મળે છે' એ વિચારથી ક્રોધાદિ દોષોને રોકવાનું અને ક્ષમાદિ ગુણોને પાલન કરવાનું બળ વધે છે. વચનાનુષ્ઠાન વડે અસંગાનુષ્ઠાન સુલભ બને છે. જિન પ્રત્યે પ્રીતિ-ભક્તિ વધે છે અને વચનક્રિયા વડે અસંગક્રિયા પ્રાપ્ત થાય છે.
(૯) 'વિચાર-વાણી-કાયાની પ્રવૃત્તિમાં, ઇંદ્રિયોની પ્રવૃત્તિમાં, પ્રત્યેક ક્ષણે જિનાજ્ઞાના પાલનની તક મળે છે' એવો ભાવ ધારણ કરવાથી વ્યવહાર વિશુદ્ધ બને છે.
(૧૦) જિનાજ્ઞાનું પાલન ભવચક્રમાં દુર્લભ છે, જિનાજ્ઞાના આલંબને ભવસંસાર તરાય છે.

આજ્ઞાનુસાર પ્રવર્તનમાં એકાંતે કમાણી છે.
આજ્ઞા વિરુદ્ધના વિચાર - ઉચ્ચાર - આચરણમાં એકાંતે ગુમાવવાનું છે. અલ્પ મૂલ્યે અમૂલ્ય ચીજ - માલ છે.

આજ્ઞાપાલનની ઔષધિ જીવન સાર્થક થાય છે.

જિનાજ્ઞાપાલન એ શુદ્ધ અને શ્રેષ્ઠ ધર્મ છે.
ધર્મ જિનાજ્ઞાથી બંધાયેલો છે, જિનાજ્ઞાથી સંકળાયેલો છે. જિનાજ્ઞામાં જે વિધિ - નિષેધ કહ્યાં હોય, તેના આચરણ અને ત્યાગમાં ધર્મ છે. ધર્મ - અધર્મ અતીન્દ્રિય હોવાથી અતીન્દ્રિય જ્ઞાની જ તેને જાણી શકે. ત્યાં તર્કનું પણ સામર્થ્ય નથી. સર્વજ્ઞનું જ ત્યાં સામર્થ્ય છે તથા વીતરાગ જ સર્વજ્ઞ બની શકે છે, તેથી દેવ તરીકે વીતરાગ સર્વજ્ઞ જ મનાય અને તેમનાં વચન જ પ્રમાણભૂત ગણાય.
જિનાજ્ઞાથી વધીને કોઈ ધર્મ હોઈ શકતો નથી. જેને જિનાજ્ઞા પાલન કરવાની રુચિ જાગે, તે પરમ સૌભાગ્યશાળી છે. તે ધન્ય, કૃતપુણ્ય, કૃતાર્થ છે. મનમાં જે બળ મળ્યું છે, તે ક્રોધાદિ હંફાવવા માટે છે, બહારના શત્રુઓને મહાત કરવા નહિ. બહારના શત્રુ એ ખરા શત્રુ નથી, પરન્તુ આંતરિક જ સાચા શત્રુ છે. બહારના શત્રુ જે ઉપદ્રવ કરે, તેના કરતાં અંદરના શત્રુ વધુ ઉપદ્રવ કરે છે.

બાહ્યશત્રુઓની ટ્યાતિ કરવાની નથી. અંદરના શત્રુ નાશ પામતાંની સાથે બહારના શત્રુઓ આપોઆપ નાશ પામે છે. ક્રોધ કરીને બહારની આપત્તિ ટાળવા કરતાં એ બળનો ઉપયોગ આપત્તિને સહી લઈને ક્રોધને દબાવવા માટે કરવાનો છે.

## મનનો લય એ જ મુક્તિ

ઉપનિષદોમાં વિશ્વને નામ, રૂપ અને કર્મની સંજ્ઞા આપવામાં આવી છે. સ્પંદનની સાથે જ નામ (નાદ-ધ્વનિ) તથા રૂપ (જ્યોતિ - પ્રકાશ) હોવાં જ જોઈએ.

સ્પન્દનની ક્રિયા એ જ કર્મ છે.

આત્મતત્ત્વ જ સત્ય છે, બાકીનું બધું પરિવર્તનશીલ છે, વિદ્યમાન પ્રપંચની પ્રતીતિ શાશ્વત નથી. પારમાર્થિક દૃષ્ટિએ ત્રણે કાળમાં 'તે નથી' એવું જે જ્ઞાન, તેને 'વિદ્યા' કહે છે. આત્માની અનુભૂતિ માટે જે પુરુષાર્થ, તેનું નામ 'પ્રયત્ન'. ગુણોમાં ક્ષોભ થવાથી વિશ્વ ઉત્પન્ન થાય છે. એક જ અંતઃકરણને ચિત્ત, મન, બુદ્ધિ, અહંકારાદિ નામો છે. આત્માનું અનુસંધાન કરવાથી મન લય પામે છે અને

મનનો લય એ જ મુક્તિ છે.

મુક્તિને માટે ચિત્તને નિરંતર આત્માને વિષે જોડવું જોઈએ. પરમાત્માના સતત અનુસંધાનથી ચિત્ત નિર્મળ થાય છે,

વિશાળ - સર્વ પ્રકારની વાસનાઓથી તથા કામ - ક્રોધ - લોભ-મોહ-મદ-મત્સર વગેરે વિકારોથી રહિત થાય છે.
બ્રહ્માનંદ એ ભાવાનંદ અને વિષયાનંદથી ઉચ્ચકોટિનો છે, માટે આત્મવિચાર કરી યોગાભ્યાસથી મનને વશ કરવું.
મન ઉપર આધિપત્ય પ્રાપ્ત કરવું, તે પરમ પુરુષાર્થ છે.
પોતાના અસલ સ્વરૂપનો વિચાર કરવાથી જ
પરમ પુરુષાર્થ રૂપ આ કાર્ય સિદ્ધ થાય છે.

## આત્મા શું છે? આત્મા કેવો છે?

આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે, નામ - રૂપથી અતીત છે,
આત્મા અજર છે, અમર છે,
જ્ઞાનસ્વરૂપ, શક્તિસ્વરૂપ, આનંદસ્વરૂપ, માયાધીશ છે.
આત્મા સર્વ શક્તિમાન - પૂર્ણ - નિત્ય છે, અવ્યય છે.
દૃશ્યમાન વિશ્વ એ આત્માએ જ પોતાની અંદર કરેલા
ચમત્કૃતિ છે, આત્મા તેથી નિર્લેપ છે.
બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, મહાસરસ્વતી, મહાલક્ષ્મી, મહાકાલી - આ બધા આત્માની જ શક્તિઓ છે, આત્મા તેનાથી અભિન્ન છે. આત્માની સત્તાથી જ મન, ચિત્ત વગેરેનો પ્રાદુર્ભાવ થાય છે. આત્મારૂપી નિત્ય અધિષ્ઠાન વિના કોઈપણ પ્રકારનું દૃશ્ય અસ્તિત્વ ધરાવતું જ નથી.

વેદનું જ્ઞાન એટલે જીવનના હેતુનું જ્ઞાન.

મનની ભિન્નભિન્ન ક્રિયાઓને
મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, કલ્પના, વાસના, વિદ્યા, પ્રયત્ન,
સ્મૃતિ, પ્રકૃતિ, માયા વગેરે સંજ્ઞાઓ આપવામાં આવી છે.

## પરમાત્માના વિવિધ અવતાર

ઘનરૂપ પરમાત્મા નિરાકાર - નિર્વિકાર સ્વરૂપ છે.
અજ્ઞાનના સમુદ્રમાંથી જ્ઞાનનો સૂર્ય ઉગવાનો
એ મત્સ્યાવતાર[૧] છે.
ક્રોધ - લોભ - મોહરૂપ વાસનાઓનો નાશ કરવો,
એ વરાહાવતાર[૨] છે.
બાળક એવા પ્રહ્લાદને ભક્તિમાર્ગે સહાય કરી,
એ ત્રીજો નૃસિંહાવતાર[૩] છે.
ચોથા વામનાવતાર[૪]માં બલિનો વધ કર્યો. વામન = નમ્રતા.
જે શક્તિ વચનમાં છે, તેથી અધિક મૌનમાં છે.
જે શક્તિ દંડમાં છે, તેથી અધિક નમ્રતામાં છે.
પ્રકૃતિનો સંપૂર્ણ ત્યાગ કરી પુરુષાકાર વૃત્તિ ધારણ કરવી,
એ પાંચમો પરશુરામાવતાર[૫] છે.
'નક્ષત્રી કરવી' એટલે સંચિત કર્મોનો પહેલું નાશ કરવો.
દશરથ - જનકનાં સંતાન રામ-સીતા તે છઠ્ઠો રામાવતાર[૬] છે.

આત્મા કૃષ્ણાવતારમાં સચ્ચિદાનંદનો સાક્ષાત્કાર થાય છે,
અધ્યાત્મની સીમાનું પણ ઉલ્લંઘન થાય છે.
દશ ઇંદ્રિયોવાળો રથ એ આપણો દેહ છે.
જે ત્રણ રાક્ષસોના માર્ગે એ રથ ફરતો રહે છે,
તે ત્રણ ગુણ છે: સત્ત્વ, રજ અને તમ.
એમના ચાર પુત્રો તે આપણાં ચાર અંતઃકરણ છે.
દશરથ રામના પિતા છે, જનક સીતાના પિતા છે.
તેઓ પ્રવૃત્તિ કરવા છતાં અનાસક્ત,
લોકસંગ્રહ કરવા છતાં આત્મામાં સ્થિર છે,
મિથિલાયાં પ્રદીપ્તાયાં ન મે કિંચિત્ પ્રદહ્યતે। અર્થાત્:
મિથિલા નગરી બળે છે, એમાં મારું કાંઈ બળતું નથી.
જનક અને દશરથનાં સંતાન તે સીતા અને રામ.

ચૈતન્યના ૧૨ રૂપ

(૧) મન = સંકલ્પ-વિકલ્પરૂપે સંવિતનો આવિર્ભાવ.
(૨) બુદ્ધિ = એક નિર્ણય કરી સ્થિર થાય,
ત્યારે બુદ્ધિનું કામ અનુમાન કરી નિશ્ચય કરવાનું છે.
(૩) દેહ વગેરે મિથ્યા પદાર્થોમાં અભિમાન કરે અને
તેના ઉપર પોતાની સત્તા માને, ત્યારે અહંકાર છે.
અહંકાર જ પ્રકૃતિના દાસત્વનું કારણ છે.

(૪) બધા જ સંસ્કારોનો સંગ્રહ કરીને એક વિષયનો ત્યાગ અને બીજા વિષયનું સ્મરણ કરે, તે 'ચિત્ત'.

(૫) સ્ફુરણને 'કર્મ' કહે છે, તે મૂળ સંવિતનો ધર્મ છે.

'વિશ્વ' એટલે નામ, રૂપ અને કર્મ.

સ્પંદનની ક્રિયા એ કર્મ છે, તેની સાથે નામ અને રૂપ અર્થાત્ ધ્વનિ અને પ્રકાશ હોવાં જ જોઈએ.

(૬) ઘનરૂપ પરમાત્માના નિરાકાર - નિર્વિકાર સ્વરૂપનો ત્યાગ કરી સંવિત જ્યારે અન્ય વસ્તુની કલ્પના કરે છે, ત્યારે તે 'કલ્પના' કહેવાય છે.

(૭) અનુભવેલા પદાર્થોના સંસ્કારો સૂક્ષ્મરૂપે મનમાં રહે, તેને 'વાસના' કહેવાય છે.

(૮) 'આત્મતત્ત્વ જ સત્ય છે' એવું જે જ્ઞાન, તે 'વિદ્યા'.

(૯) જ્ઞાનની અનુભૂતિ માટે પુરુષાર્થ, તે 'પ્રયત્ન'.

(૧૦) અનુભવેલા - સાંભળેલા પદાર્થોનું સ્મરણ, તે 'સ્મૃતિ'.

(૧૧) જે શક્તિઓ દ્વારા કર્મમાં પ્રવૃત્તિ થાય અને આનંદ આપે, તેને 'ઇંદ્રિય' કહે છે.

(૧૨) દૃશ્યસમૂહનું ઉપાદાન, ૩ ગુણોની સામ્યાવસ્થા, તે 'પ્રકૃતિ'.

આ પ્રમાણે ચિત્તને અનુસરનાર ચૈતન્યનું જેવું રૂપ સ્ફુરે, તે પ્રમાણે તેનાં વિભિન્ન નામ આપવામાં આવે છે.

એમ જ અંતઃકરણને ચિત્ત, મન, બુદ્ધિ, અહંકાર ઇત્યાદિ છે.
વિશ્વની ઉત્પત્તિ ચૈતન્યમાંથી છે. ચૈતન્યના આવિર્ભાવોનું
પ્રમાણ વધતું - ઓછું હોવાથી પદાર્થોના જડ - અજડ
એવા ભેદો પડે છે. મૂળમાં સર્વ જગત બ્રહ્મમય છે.
મન વડે આકુળ થયેલું આ જગત વિસ્તાર પામેલું છે.
તે વિના એમ આત્મા જ અવશેષ રહે છે.
આત્મા ગુણાતીત, નામરૂપાતીત, સર્વ પદાર્થોથી પર છે,
તે છતાં સર્વનો આશ્રયરૂપ છે,
તેની શક્તિથી જ મન આ સંસારમાં નાચ્યાં કરે છે.
મનનો આત્મામાં લય એ જ મુક્તિ છે,
પછી જીવને કર્મની આધીનતા રહેતી નથી અથવા તો
માયાનું દાસત્વ કરવું પડતું નથી. - <u>ઈતિ શમ્</u>
ભગવાનને પામવા એનામાં ખોવાઈ જવાનું છે.
સાગરમાં બિન્દુ ઢોળી દેતાં બિન્દુ સાગર બની જાય છે.
જે જે ભક્તો ભક્તિમાં લીન બની અખંડભાવે ચિન્તન
કરતા રહ્યા છે, તેમણે કૈવલ્યની કદી સ્પૃહા કરી નથી.
એમનામાં 'હું તારામાં અને તું મારામાં'
એ જ ભાવના રાત-દિન રમતી હોય છે.
ધ્યાતા = સાધન, ધ્યેય = સાધ્ય, ધ્યાન = સાધના.

બધું જ્યાં અનાકાર હોય,
ત્યાં કોણ કોની અવગણના કરે? કોણ કોની પાસે માગે?
ભગવત્સાક્ષાત્કારને આ પ્રકારે સાકાર કરનાર
બીજું કોઈ નહિ પણ આ પ્રકારનો અનન્ય ભાવ છે.
ભક્તિમાર્ગમાં તર્કની પ્રતિષ્ઠા નથી.
બુદ્ધિવાદની વિરુદ્ધ શ્રદ્ધાવાદ છે.
જ્યાં બુદ્ધિ અને તર્કનો વિલય પૂરો થાય છે,
ત્યાં જ શ્રદ્ધા અને ભાવના જન્મે છે.
નરસિંહ મહેતાએ ગાયું છે કે:
ભક્તિ દેજે મને ભાવથી ભૂધરા, તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે.
મૂર્તિ એ અમૂર્ત તરફ પહોંચવાનું દ્વાર છે.
મૂર્તિ મૃણ્મય છે, પૂજા ચિન્મય છે.
અર્થાત્ મૂર્તિનો સંબંધ માટી સાથે છે અને
પૂજાનો સંબંધ પરમસત્તા તથા બ્રહ્મશક્તિ સાથે છે.
આકારથી નિરાકારમાં જવા માટે મૂર્તિ એ સેતુ છે, એક
આધ્યાત્મિક દર્પણ છે. શિલ્પી મૂર્તિને આકાર આપે છે,
પૂજા કરનારો મૂર્તિમાં પ્રાણ પૂરે છે.
દેહ એ આકાર છે, દેહમાં જીવન-પ્રાણ નિરાકાર છે.
જ્યાં પણ જીવન છે, ત્યાં આકાર-નિરાકારનું મિલન છે.

પોતાના હૃદયને જે ભક્તિમાં આપી શકે છે, તેનામાં જ
પરમાત્માનું હૃદય પોતાની અંદર લાવવાની પાત્રતા છે.

મૂર્તથી અમૂર્તની યાત્રાનું નામ 'પૂજા' છે.

'હું કેન્દ્ર અને વિશ્વ પરિઘ' તેને પલટીને જ્યારે પોતે
પરિઘ બને અને પરમાત્માને કેન્દ્ર બનાવે,
ત્યારે એનું જ નામ પૂજા, પ્રાર્થના અને ધર્મભાવના છે.

'પરમાત્મા મારે માટે છે' તે સ્વકેન્દ્રિતતા છે,
'હું પરમાત્મા માટે છું' તે પર યા પરમકેન્દ્રિતતા છે.

'પ્રભુપ્રતિષ્ઠા'નો અર્થ મૂર્તમાં અમૂર્તનો પ્રવેશ થવો તે છે.
ભક્તિમાં પ્રભુનો પ્રવેશ એટલે મૂર્તમાં અમૂર્તનો પ્રવેશ.

'પૂજા'નો અર્થ છે: 'તું કેન્દ્ર - હું પરિધિ. તારા માટે નાચીશ,
ગાઈશ, જીવીશ, શ્વાસોચ્છ્વાસ લઈશ' - એમ સમર્પિત જીવન.

ખાવું - પીવું, બેસવું - ઊઠવું - બોલવું - ચાલવું,
ધ્યાન, મૌન - બધું કેન્દ્રને માટે.

કેન્દ્ર નિરાકાર બને, ત્યારે એક અદ્‌ભુત પ્રવાહ શરૂ થાય.
જ્યાં સુધી કેન્દ્ર બદલાય નહિ, ત્યાં સુધી
પૂજા, પ્રાર્થના અથવા ધર્મધ્યાનનો પ્રારંભ જ થતો નથી.

કેન્દ્ર 'ત્યાં' મટીને 'અહીં' થવું જોઈએ,
'હું' મટીને 'તું' થવું જોઈએ - બે આકારોમાં ભેદ છે.

જો નિરાકારોમાં ભેદ નહિ, નિરાકાર એક જ હોય છે.
પ્રથમ મૂર્તિ નિરાકાર બને, પછી ભક્ત નિરાકાર થાય.
આકાર અને સંખ્યા એક છે, નિરાકાર નિઃસંખ્ય છે.
નિષેધનો સ્વીકાર સરલ છે, તેટલો વિધેયનો નહિ.
વિધેયને સાબિત કરવાનો હોય છે, તેથી તે કષ્ટપ્રદ છે.
અવિદ્યમાન વસ્તુ સિદ્ધ કરવી કઠિન છે,
અસિદ્ધ કરવા જેવું વધુ સહેલું બીજું કાંઈ નહિ.
બુદ્ધિમાન ગણાવવું છે કે દરેક વસ્તુનો ઇન્કાર કરતાં શીખો.
બુદ્ધિમાન બનવું છે કે દરેક વસ્તુનો સ્વીકાર કરતાં શીખો.
'ના' કહેવાથી હૃદય સંકુચિત થાય, 'હા' કહેવાથી વિકસિત થાય.
મૂર્તિની પૂજા દ્વારા આન્તરિક સમગ્રતાથી પરિવર્તનની
અવસ્થા છે. પૂજા એ પ્રભુ છે, મૂર્તિ એ સાધન છે.
પૂજા માટે મૂર્તિ છે, મૂર્તિ માટે પૂજા નહિ.
મૂર્તિ એ પૂજા, પ્રાર્થના, ધ્યાનનું સાધન - માધ્યમ છે.
મૂર્ત દ્વારા અમૂર્ત તરફ પહોંચવું, એ મનનો ધર્મ છે.
એ ધર્મ ટાળ્યો ટળી શકતો નહિ. મૂર્તિની જેમ મંત્રના
શબ્દ દ્વારા પણ નિઃશબ્દ પરમતત્ત્વ સુધી પહોંચાય છે.
પીંડ - પદ - મૂર્તિ દ્વારા પરમ સુધી પહોંચવાનો પ્રયોગ
એ જ પિંડસ્થાદિ ધ્યાનનું સ્વરૂપ છે.

# <u>સુકૃતની પરાકાષ્ઠા - પંચપરમેષ્ઠિ નમસ્કાર</u>

જેનાથી પરનું હિત થાય - સુખ થાય, તે 'સુકૃત' છે.

નમસ્કાર એ નવમું સુકૃત છે.

પ્રથમના ૮ પુણ્ય પરિમિત છે, નવમું પુણ્ય પોતે અપરિમિત છે તથા બાકીનાં ૮ પુણ્યોને પણ અપરિમિત બનાવનારું છે.

જેનાથી પરને અહિત થાય - દુઃખ થાય, તે 'પાપ' છે.

પાપમય સંસારમાં નિષ્પાપ જીવન બનાવવા માટે પ્રધાન સાધન સુકૃતનું આચરણ છે.

પરપીડાથી બચવા - પરહિત સાથે સ્વહિત સાધવા માટે અનન્ય ઉપાય સુકૃતનું આચરણ છે.

આઠ પ્રકારના સુકૃતથી પરનું જે હિત થાય છે, તે અલ્પ તથા અલ્પકાળ માટે હોય છે, અનંત અને સર્વકાલીન હિત પંચ પરમેષ્ઠિ ભગવંતો કરી રહ્યા છે.

<u>નવમું સુકૃત એટલે પંચ પરમેષ્ઠિ ભગવંતોને પ્રણામ, તેમનો આદર અને તેમના પ્રત્યે હાર્દિક ભક્તિ.</u>

એ સુકૃતનું આચરણ સૌથી મોટું સુકૃત છે. એ સુકૃતની ઉપેક્ષા કરનાર બાકીનાં સર્વ પ્રકારનાં સુકૃતકાર્ય કરે, તો પણ પરમ સુકૃતવંતની ઉપેક્ષા રૂપ મોટું પાપ કરે છે, તેથી ભાગે દયા અને પાપના દરવાજા ખુલ્લાં જેવું થાય છે.

તેનાથી બચવા માટે અને સુકૃતમય બનવા માટે
નવમું નમસ્કાર રૂપી પુણ્ય અનિવાર્ય છે.

જેના મન - વચન - કાયામાં સદા વર્તમાન છે,
તે આત્મા નિર્ભય છે પછી તેને પાપનો અથવા તો
પાપના ફળ રૂપી દુર્ગતિનાં દુઃખોનો ભય રહેતો નથી.

દુર્ગતિનાં મૂળ હેતુ આર્ત - રૌદ્રધ્યાનનું સેવન છે.
આર્તધ્યાન સ્વપીડા - રૌદ્રધ્યાન પરપીડાવિષયક હોય છે.
નવમું પુણ્ય આર્ત-રૌદ્રરૂપી અશુભ ધ્યાનનું પ્રતિપક્ષી છે,
કેમકે તે દ્વારા જે પરમેષ્ઠિઓનું સન્માન થાય છે,
તે પરમેષ્ઠિઓ ધર્મધ્યાન - શુક્લધ્યાનના ભંડાર છે.

ધર્મધ્યાન સર્વ જીવવિષયક શુભ ધ્યાન છે, તેથી
રૌદ્રધ્યાનનો પ્રતિકાર થાય છે. શુક્લધ્યાન સ્વશુદ્ધાત્મ
- વિષયક છે, તેથી આર્તધ્યાનનું નિવારણ થાય છે.
આર્તધ્યાન સ્વવિષયક આસક્તિના ભાનમાંથી પ્રકટે છે.
તેનું નિવારણ આત્મદ્રવ્યની પ્રકૃતિનું જ્ઞાન - ભાન છે.
તે વડે આસક્તિની ભાવનામાંથી જન્મતાં રોગ - શોક,
ભય - ચિંતા, ઈર્ષ્યા - વિષાદાદિ વિકારો શમી જાય છે.

'જે રીતે સ્વઆત્મદ્રવ્ય સર્વથા - સર્વદા પૂર્ણ છે,
તેમ સર્વ જીવદ્રવ્યો નિશ્ચયથી તેવા જ છે' એ વિચારે

કર્મકૃત અવસ્થાઓનું ભાન વિલીન થઈ જાય, એટલું જ નહિ પણ એ અવસ્થાના કારણે થતી ભૂલો તરફ ક્ષમાવૃત્તિ અને ઔદાર્યવૃત્તિ સહજ બને, તે ધર્મધ્યાન છે. આમ નવમું પુણ્ય આર્ત-રૌદ્રધ્યાનનું નિવારણ, ધર્મ-શુક્લધ્યાનને પુષ્ટ કરનાર પરમ પ્રબળ નિમિત્ત બને છે. 'સર્વ જીવો આત્મસમ છે' એ ધર્મધ્યાનની ભાવના છે અને 'સ્વભાવ નિશ્ચયથી શુદ્ધ, બુદ્ધ, પૂર્ણ તથા નિત્ય છે' એ ભાવના શુક્લધ્યાનનું બીજ છે.

પંચપરમેષ્ઠિ ભગવંતો સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્ય-આત્મતુલ્યભાવને ધારણ કરનારા હોય છે તથા પોતાના આત્મામાં પરમાત્મપણાનું શુદ્ધ ભાવન કરી પરમાત્મ-પદને પામનારા છે, તેથી તેમનું બહુમાન, સન્માન અને આદરમાન જે વડે થાય છે, તે નમસ્કાર પરમ પુણ્ય છે.

Imp નમસ્કાર એ સર્વ પુણ્યોમાં શ્રેષ્ઠ પુણ્ય છે.

એ પુણ્યનું સેવન ભવચક્રનો અંત લાવનાર છે, કેમકે એકબાજુ તે પાપકર્મ-દુર્ધ્યાનમાત્રનો અંત લાવનાર છે તથા બીજીબાજુ આત્માની શુદ્ધ, બુદ્ધ, નિત્ય, નિરંજનાદિ અવસ્થાઓનું ગાન-ધ્યાન-સન્માનાદિ કરવા, કરાવવા અને અનુમોદવા દ્વારા મિથ્યાત્વમોહનીય આદિ દુષ્ટ કર્મપ્રકૃતિઓનો ક્ષય કરે છે.

કહ્યું છે 'આતમજ્ઞાને મગ્ન જે, તે સવિ પુદ્ગલનો ખેલ રે;
ઇંદ્રજાળ કરી લેખવે ન મિલે, ત્યાં દેઈ મન મેલ રે.'
'જાણ્યો - ધ્યાયો આતમા, આવરણરહિત હોય સિદ્ધ રે;
આતમજ્ઞાન તે દુઃખ હરે, એહી જ શિવહેતુ પ્રસિદ્ધ રે.'

- શ્રીપાળ રાસ, ખંડ-૪, ઢાળ-૭

નવકાર એ કઈ રીતે ચૌદ પૂર્વનો સાર છે?

ચૌદ પૂર્વનો સાર નિર્વિચાર છે. નિર્વિચાર થવાનું દ્વાર નવકાર છે માટે ચૌદ પૂર્વનો સાર નવકાર છે. નિર્વિચાર - નિર્વિકલ્પ એ શુદ્ધાત્માનું સ્વરૂપ છે અને સદા સ્વરૂપની પ્રાપ્તિ - એ આપણું સાધ્ય છે. એ સાધ્યનું સાધન શુદ્ધાત્માનું જ્ઞાન અને ધ્યાન છે તથા તે કરવા માટેનું સાધન એ નવકાર છે.

ચૌદ પૂર્વનો જે કહેવું છે, તે શુદ્ધ આત્મા છે. શુદ્ધ આત્માને જણાવનાર જે શ્રુત છે, તે ય આત્મા જ છે. શ્રુત એ ગુણ - ગુણ એ વસ્તુતઃ ગુણીસ્વરૂપ જ છે.

કહ્યું છે કે: શ્રુતજ્ઞાનના બળથી
જે સંપૂર્ણ આત્માને જાણે, તે શ્રુતકેવળી છે.
ચૌદ પૂર્વધર શ્રુતકેવળી કહેવાય છે, તે વ્યવહારથી છે.
નિશ્ચયથી તો શ્રુતજ્ઞાન પણ આત્મા જ છે,

તેથી શ્રુતજ્ઞાન વડે આત્મા આત્માને જ જાણે છે.
નવકાર વડે પણ આત્માનું જ જ્ઞાન થાય છે.
નવકાર એ શ્રુત છે અને શ્રુત એ આત્મા છે તથા
નવકારરૂપી શ્રુત વડે પંચ પરમેષ્ઠિનું જ્ઞાન થાય છે
અને પંચપરમેષ્ઠિ એ આત્માનું જ શુદ્ધ સ્વરૂપ છે,
તેથી નવકાર વડે શુદ્ધ આત્માને જ જાણવાનો છે.
નવકાર વડે જાણવાની વસ્તુ આત્મા છે અને
જાણનાર પણ આત્મા જ છે, તેથી
સાબિત થાય છે કે નવકાર એ ચૌદ પૂર્વનો સાર છે
અને ચૌદ પૂર્વ પણ આત્માને જણાવે છે તથા નવકાર
પણ આત્માને જ જણાવે છે, તેથી બંને વડે એક જ
કાર્ય થતું હોવાથી બંને વડે એક જ વસ્તુનું આરાધન
થાય છે, તેથી સમાન ફળની પ્રાપ્તિના અધિકારી બને છે.
જે ફળ ચૌદ પૂર્વના અધ્યયન વડે પમાય છે,
તે જ ફળ નવકારના અધ્યયન વડે પણ પમાય છે.

o

I am calm and confident in
the knowledge that god is whenever
and wherever needed, as a loving,
active & strengthening power.

સં ૨૦૨૭, ભાદરવા વદી ૭ શનિવારની રાત્રિ બાદ અને વદી ૮ ની સવારે ૪ વાગે એકતાની ધ્યાનસ્થ પ્રતીતિ.

(૧) ગુણો વડે એકતા - કૌટસ્થ્ય

(૨) જાતિ વડે એકતા - સાદૃશ્ય (૩) દ્રવ્ય વડે એકતા - સ્વરૂપ.

ગુણગત એકતા કૌટસ્થ્ય - જે ધ્રૌવ્ય સૂચવે છે.

જાતિગત એકતા સાદૃશ્યાસ્તિત્વથી એકતાસૂચક છે.

દ્રવ્યગત એકતા સ્વરૂપાસ્તિત્વથી એકતા બતાવે છે.

ત્રણ રીતે અસ્તિત્વનું ભાવન: વસ્તુમાં પરસ્પર વ્યાપીને જે અનંત ગુણો રહેલાં છે, તે કૌટસ્થ્ય એકતા છે.

અનંત વ્યક્તિઓમાં એક જાતિ અનુસ્યૂત છે,
તે ગુણગત સામાન્ય છે.

અનંત પર્યાયોમાં અનુસ્યૂત જે એક જ દ્રવ્ય છે,
તે સ્વરૂપગત સામાન્ય છે.

સામાન્યનો વિચાર સમતાને લાવે છે,
એકતાનો વિચાર અસ્તિત્વ લાવે છે.

વૈષમ્ય અને ભેદની ભાવનાને સમાન બુદ્ધિ અથવા અસ્તિત્વની બુદ્ધિ નષ્ટ કરી સમત્વ અને અભેદભાવને પુષ્ટ કરે છે. સમત્વથી શાંતિ અને અભેદથી આનંદનું સુખ, કે જે અતીન્દ્રિય છે, તેનો અનુભવ થાય છે.

સત્તેદનું - અસ્તિત્વનું ભાન એ સમતારૂપી
અમૃતના પાન વડે અમરત્વની પ્રાપ્તિનો ઉપાય છે.
મોક્ષમાર્ગમાં જ્ઞાનનું જેટલું મહત્ત્વ છે,
તેથી પણ વિશેષ દર્શનનું - પ્રત્યક્ષનું મહત્ત્વ વિશેષ છે.
જે વસ્તુનું આપણને જ્ઞાન થાય, તેનું પ્રત્યક્ષ દર્શન
યા પ્રતીતિ થાય, તો જ તે જ્ઞાન સાર્થક થયું ગણાય.
એવા પ્રતીતિપૂર્વકનું જ્ઞાન જ જીવનસ્પર્શી બને છે.

ધર્મ મહાસત્તાનું સામ્રાજ્ય એટલે...

Science of Being and Art of Living.
જીવનનું સર્વશ્રેષ્ઠ વિજ્ઞાન - જીવનની સર્વશ્રેષ્ઠ કળા.
ધર્મ મહાસત્તાને કર્મસત્તા પણ અનુસરે છે.
ત્રણ ભુવનમાં એથી ચઢીયાતું કોઈ બળ કે સત્તા છે નહિ.
ધર્મમહાસત્તાના પરિચય વડે તેનું શરણ પ્રાપ્ત થાય છે.
ધર્મ પૂર્ણ છે, વિજ્ઞાન અપૂર્ણ છે. વિજ્ઞાન દ્વારા જે
સમજાય કે ન સમજાય, તે ધર્મ દ્વારા અનુભવાય છે.

'જન' ક્યારે 'જૈન' બને?

જન ઉપર એક માત્રા સ્વાર્થ વિસર્જનની અને બીજી
માત્રા પરાર્થસર્જન - પરાર્થકરણની, એમ બે માત્રા આવે,
ત્યારે તે જન બને છે જૈન.

અહંને ઓગાળવા સ્વાર્થ ઓછો કરવો જોઈએ અને
સ્વાર્થને ઓછો કરવા માટે પરાર્થકરણ અગત્યનું છે.

જીવનના ધ્યેયમાં સફળતા માટે
પ્રાણીમાત્રના હિતનો ભાવ વસેલો હોય છે.

સમત્વથી મોક્ષ, જ્યારે વૈષમ્યથી સંસાર.
વૈષમ્ય એટલે રાગ-દ્વેષ, તેનાથી કર્મબંધન.
સમત્વ એ રાગદ્વેષથી મુક્ત કરનાર સરળ ક્રિયા છે.

## મંત્રસિદ્ધિમાં શેની એકતા જરૂરી?

મન, મંત્ર અને પ્રભુની એકતા મંત્રસિદ્ધિમાં હેતુ છે. શબ્દબ્રહ્મ એ પ્રભુ, ઇંદ્રિય તથા મનોમય છે. મંત્ર વડે દુર્બોધ-દુરવગાહ એવા શબ્દબ્રહ્મમાં અવગાહન થાય છે.
શબ્દબ્રહ્મમાં નિષ્ણાતપણું એ પરબ્રહ્મને પમાડે છે.
સર્વ ગુણોનો ઉત્કર્ષ ભગવાનમાં છે. કૃતજ્ઞતા અને નમ્રતા એ પણ ગુણ છે, તેથી પણ ઉત્કર્ષ ભગવાનમાં રહેલો છે. ફલશ્રવણ રુચિને વધારનાર છે અને રુચિ અનુયાયી કાર્ય છે, તેથી મંત્રોનું પ્રધાન અંગ ફલશ્રુતિ છે, મંત્ર વડે ભેદ, સંભેદ અને અભેદ - ત્રણે પ્રકારનું પ્રણિધાન સધાય છે. મંત્ર પોતે શબ્દરૂપ, અર્થરૂપ અને જ્ઞાનરૂપ ત્રણે અવસ્થાને ધારણ કરે છે.

નવકાર મંત્ર શબ્દરૂપથી મળદોષ, અર્થરૂપથી વિક્ષેપદોષ અને ભાવરૂપથી આવરણદોષને હટાવે છે અને તે ક્રમશઃ કર્મયોગ, ભક્તિયોગ અને ભાવયોગને સધાવે છે.

'પ્રભુ દયાળુમાં પણ દયાળુ છે' એ જણાવવા માટે મુસ્લિમો તેને 'સુબ્હાનલ્લા - રહેમાન - રહીમ' શબ્દથી સંબોધે છે.

પ્રભુસ્મરણથી પાપના અનુબંધો તૂટે છે, પુણ્યના અનુબંધો પડે છે, એથી જીવની શુદ્ધિ અને પુણ્યની પુષ્ટિ થાય છે.

એ બંનેનો પ્રકર્ષ જીવની મુક્તિમાં હેતુ થાય છે.

શુદ્ધિ અને પુષ્ટિનો પ્રકર્ષ એજ મુક્તિ છે.

## સાચા સુખનો ઉપાય શું?

આત્માનું આરાધન એ જ સાચા સુખનો ઉપાય છે.

બીજાને સુખ આપવું, તે સુખ પામવાનું સાધન છે, તેથી આત્મા એ ષડ્જીવનિકાયનું હિત છે અને ષડ્જીવનિકાયના હિતમાં જ પોતાનું હિત સમાયેલું છે.

## આત્મતૃષા કઈ રીતે તૃપ્ત કરી શકાય?

આત્માના સર્વ પિપાસુઓએ વાસનાની ગંદકીથી મોં મચકોડવાની જરૂર નથી. દેહ છે, ત્યાં સુધી વિષય-કષાયની ગંદકી રહેવાની જ. એ સર્વ ગંદકી દૂર કરવા માટેની સાધના ચાલુ રાખવાથી આત્મતૃષા તૃપ્ત કરી શકાશે.

'अप्रतीतमनिराकृतमभिप्सितं साध्यं ।'

'साध्यं षड्जीवनिकायहितं परमात्मतत्त्वं ।'

સમાધિ - શબ્દબ્રહ્મગતિ સર્વ સમર્પણરૂપ છે. ઓંકારાતીત અને કાલાતીત અવસ્થાને 'સમાધિની સ્થિતિ' કહે છે.

जाप्येनैव तु संसिद्ध्येद् ब्राह्मणो नात्र संशयः ।
कुर्यादन्यन्नवा कुर्यान्-मैत्रो ब्राह्मण उच्यते ॥१॥
जपस्तु सर्वधर्मेभ्यः परमो धर्म उच्यते ।
अहिंसया च भूतानां जपयज्ञः प्रवर्तते ॥२॥

સર્વ ધર્મોમાં 'જપ' તે પરમ ધર્મ છે.

અહિંસા વડે જપયજ્ઞ પ્રવર્તે છે. જપ વડે જ સિદ્ધિગતિ અને જપ વડે જ જીવમૈત્રી પ્રાપ્ત થાય છે. જપનું મૂળ સ્નેહપરિણામ છે. જપ વડે મન નિર્મળ થવાથી મૈત્રી - ઇંદ્રિયો ઉપર અંકુશ આવવાથી ક્ષમાગુણની પ્રાપ્તિ થાય છે. પાપનું મૂળ પુદ્ગલ પ્રત્યેનો પ્રેમ છે, ધર્મનું મૂળ જીવો પ્રત્યેનો દ્વેષ છે. જપ વડે કામ, ક્રોધ, લોભનો નાશ થઈ મૈત્રી, માધ્યસ્થ્ય, કારુણ્ય પ્રકટે છે. જપ એ ભક્તિનો એક પ્રકાર છે, તેમાં મૈત્રી, માધ્યસ્થ્ય તથા કરુણા છુપાયેલાં છે. પુદ્ગલ પ્રત્યે નમનશીલ જીવને ચૈતન્ય પ્રત્યે નમનશીલ બનાવવાનો ઉપાય નવકાર છે.

પીંડવાડા, સં. ૨૦૨૭, ભાદરવા વદી ૫, ગુરુવાર, ૯-૯-૭૧

સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.

કલ્યાણ - પાદપારામં શ્રુતગંગા - હિમાચલમ્ ।
વિશ્વાંભોજરવિં દેવં વંદે શ્રી જ્ઞાતનન્દનમ્ ॥ (परिशिष्ट-३)

'શુભં ભૂયાત્, મંગલં ભૂયાત્, હિતં ભૂયાત્ ।'
અર્થાત્: શુભ થાઓ, મંગલ થાઓ, હિત થાઓ.

## આત્મતત્ત્વની પ્રતીતિ

નિશ્ચય સમ્યગ્દર્શન તત્ત્વપ્રતીતિરૂપ છે. આત્મતત્ત્વની પ્રતીતિ તે સમ્યગ્દર્શન ગુણ છે. તેનાં સાધન રૂપ જે વ્યવહાર સમ્યગ્દર્શન છે, તે દેવ-ગુરુ-ધર્મની પ્રતીતિ રૂપ, જીવાદિ તત્ત્વોના બોધરૂપ, સ્વપર ભેદવિજ્ઞાનરૂપ છે.

## આત્મધ્યાનથી શું થાય?

મોક્ષ સ્વાનુભવરૂપ છે, તેથી તેનો માર્ગ પણ સ્વાનુભવરૂપ છે. જેવું કાર્ય હોય, તેવું કારણ હોવું જોઈએ અથવા તો જેવું કારણ હોય, તેવું જ કાર્ય પ્રગટ થાય છે.

આત્મધ્યાનથી ઘાતીકર્મોનો ક્ષય, અઘાતી અશુભનો રસ-સ્થિતિ અલ્પ, અઘાતી શુભ પ્રકૃતિનો રસ તીવ્ર અને સ્થિતિ અલ્પ બંધાય છે. વળી આત્માનુભવના પ્રભાવે સત્તાગત કર્મોની સ્થિતિ પણ ઘટી જાય છે.

આત્માનંદની મગ્નતા તે શુદ્ધ ધર્મ છે. સમ્યગ્દર્શન એટલે વ્યવહારનયથી જિનકથિત પદાર્થોનું શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન એટલે સંશયરહિત જ્ઞાન, સમ્યગ્ચારિત્ર એટલે જે જે ક્રિયાથી પાપ બંધ - કર્મબંધ થાય તે.

નિશ્ચયનયથી આત્માના શુદ્ધ સ્વરૂપનું શ્રદ્ધાન, જ્ઞાન અને આચરણ રત્નત્રયી છે અર્થાત્ શુદ્ધાનુભૂતિ, સ્વસંવેદન જ્ઞાન, સ્વરૂપાચરણ રત્નત્રયી છે. તેથી વીતરાગતા પ્રગટે, જ્ઞાનસ્વભાવરૂપ આત્મા પ્રકાશે. રત્નત્રયીની એકતા અરિહંત ભગવંતમાં સિદ્ધ થયેલ છે. આત્માનુભવ કરવો તે ધર્મ છે. ઉત્તરોત્તર અધિક સંવર અને નિર્જરા કર્મક્ષય કરાવી મોક્ષ આપે છે.

જ્ઞાનનું સાધન ઇંદ્રિયો ઉપરાંત મન છે અને સુખનું સાધન કેવળ ઇંદ્રિયો છે, મન ગૌણ છે. જ્ઞાનમાં મન પ્રધાન છે. આત્મમુક્તિનો ઉપાય પરમ પારિણામિક ભાવરૂપ જીવત્વની અનુભૂતિ છે.

નિશ્ચય - વ્યવહારાભ્યાં મોક્ષમાર્ગો દ્વિધાસ્મૃતઃ ।
તત્રાદ્યઃ સાધ્યરૂપઃ સ્યાદ્ દ્વિતીયસ્તસ્ય સાધનં ॥ અર્થાત્

મોક્ષમાર્ગ નિશ્ચય - વ્યવહાર બે પ્રકારે કહેલો છે, તેમાં પ્રથમ નિશ્ચય સાધ્યરૂપ, બાકી વ્યવહાર બીજું સાધન છે.

આત્મભાવનું મનન જે પદો દ્વારા કરવામાં આવે છે, તે પદ ૐ હ્રીં, ૐ હ્રાં હ્રીં હ્રૂં હ્રૈં હ્રઃ । ઇત્યાદિ છે. એ પદો દ્વારા આત્માના શુદ્ધ સ્વભાવનું મનન થાય છે. 'આત્મધ્યાનથી જ કલ્યાણ છે, મુક્તિલાભ છે' એવી શ્રદ્ધા સહિત આત્માનુભવ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આત્મસ્વરૂપ અનુભવગમ્ય છે, તે
વચનથી કે વિચારનો વિષય નથી, એ બંનેથી પર છે અને
એ બંનેમાં ચૈતન્યનું સંપાદક છે.

## ચાર પ્રકારના દાન

આહારદાન, ઔષધિદાન, અભયદાન અને જ્ઞાનદાન. જ્ઞાનદાન, અભયદાન, ધર્મોપગ્રહકર દાન (આહાર, વસ્ત્ર, ઔષધાદિ) નિશ્ચયથી સ્વાત્માનંદના ભાગરૂપ આહારદાન અને આનન્દામૃતના પાનરૂપ જળદાન છે, સર્વ બાધા-ચિન્તાઓથી રહિત નિરાકુળતાનું દાન, તે ઔષધિદાન છે. આત્માના સ્વભાવમાં નિઃશંક થવું, તે અભયદાન છે. સ્વાનુભવથી આત્માને જ્ઞાન છે, આત્માનંદનો આહાર મળે છે, આકુળતારૂપી રોગ મટે છે, સર્વ ભયથી રહિત નિર્ભયતા પ્રાપ્ત થાય છે. સ્વસ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન તથા આચરણ - તે નિશ્ચય મોક્ષમાર્ગ છે.

આધારમહલ = મુક્તિમહલનો નાશ.

ચાર પ્રકારના અભયદાન વિશે...

જ્ઞાનાનંદનું દાન, સંતોષામૃતનું પાન, બાધારહિત
નિરાકુળતાનું સેવન, ભયરહિત અભયપદનું પાલન.
આત્મા જ આત્માને આપે છે,
માટે તે દાન દેનાર, લેનાર - ઉભય એક જ છે.
જ્ઞાનચેતનામાં રમવું તે જ્ઞાનદાન, આનંદનો સંતોષ
વડે ભોગ તે આહારદાન, પરમ વીતરાગભાવરૂપ જે
નિરાકુળતાનો લાભ - તે ઔષધિદાન અને
અનંત વીર્યની લબ્ધિ અભયદાન છે.

આત્મા સ્વયં કર્તા ને દાતાર, આત્માને
સ્વયં કર્મરૂપ પાત્ર બનાવીને, પોતે જ કરણ, સંપ્રદાન,
અપાદાન તથા આધારરૂપ થઈ સ્વાત્માનંદનું દાન કરે છે.

स्वात्मानं स्वात्मनि स्वेन ध्यायेत्स्वस्मै स्वतो यतः ।
षट्कारकमयस्तस्मात् ध्यानमात्मैव निश्चयात् ॥

- तत्त्वानुशासनं, नागसेनकृत

पश्यन्नात्मानमैकाग्र्यात् क्षपयत्याजितान् मलान् ।
निरस्ताहंममीभावः संवृणोत्यप्यनागतान् ॥ (પરિશિષ્ટ-૪)

ૐ હ્રીં શ્રીં આદિ મંત્રો દ્વારા અરિહંતનું ધ્યાન આલંબન
લીધા છતાં નિર્વિકલ્પનું કારણ બનીને મોક્ષપદને આપે છે.

## ૭ પ્રકારના ભયથી શેનાથી દૂર થવાય ?

મનુષ્યને મનુષ્યથી ભય તે ઈહલોક ભય,
પશુ - પંખીથી ભય તે પરલોક ભય,
ચોરી, અપયશ, અકસ્માત, રોગ તથા મૃત્યુનો ભય -
એમ ૭ પ્રકારના ભયથી આત્મજ્ઞાનથી નાશ પામે છે.

मनोदृश्यमिदं ही यत् किंचित् सचराचरम् ।
मनसो ह्यमनीभावे द्वैतं नैवोपलभ्यते ॥१॥
यन्मनसा न मनुते येनाहुर्मनो मतम् ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥२॥
- केनोपनिषत् (પરિશિષ્ટ-૫)

## રાત્રિશયન વિધિ

(૧) શયન મારે સંથારે (૨) ભાન મારે ઓશીકે
(૩) સમકીત મારે હૃદયે વસ્યું (૪) ભરનિદ્રામાં કાળ કરું
(૫) તો વોસિરે વોસિરે વોસિરે...

## રાત્રે સુતી વખતે બોલવાનો પાઠ

આહાર શરીર ઉપધિ - પચ્ચખું પાપ અઢાર;
મરણ આવે તો વોસિરે, જીવું તો આગાર... (૧) લઘુ સંથાર

સમ્યગ્દર્શન = આત્મપ્રેમ - સર્વાત્મસ્નેહ - વિશ્વવાત્સલ્ય.
નિશ્ચય સમ્યગ્દર્શન = પોતાના આત્માનું શુદ્ધ શ્રદ્ધાન.

શુદ્ધાત્મ પ્રતીતિ જ્યાં હોય, ત્યાં આત્માનું યથાર્થ જ્ઞાન અને આત્માનું (સ્વ) સ્વરૂપમાં રમમાણપણું હોય છે. વસ્તુતઃ આત્મા મન - વચન - કાયાના વિકલ્પોથી દૂર એવં સહજ અનુભવગોચર પદાર્થ છે.

યદ્યપિ શ્રુતજ્ઞાનીને કેવળજ્ઞાનીની જેમ પ્રત્યક્ષ આત્માનું વિશદ જ્ઞાન નથી તો પણ શ્રુતજ્ઞાનના બળથી પોતાની અંદર શ્રદ્ધા સહિત શુદ્ધાત્મા, સિદ્ધાત્મા તથા પરમાત્માનો અનુભવ થાય છે, તે વખતે સહજાનંદ, જ્ઞાનાનંદ અને પરમાનંદનો અનુભવ થાય છે.

આત્માનુભવથી શ્રુતજ્ઞાન પૂર્ણ થાય છે,
અવધિજ્ઞાન તથા મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે,
સરાગ ચારિત્રથી વીતરાગ ચારિત્ર થાય છે.

હ્રીં મંત્ર વડે મનનું ધ્યાન આત્મરૂપને દેખવા તરફ ઝૂકે છે. આત્માનો અનુભવ આત્મા દ્વારા થાય છે, મન કે ઇંદ્રિયો દ્વારા નહિ. મંત્રધ્યાન વડે આત્માના સ્વરૂપનો પ્રકાશ થાય છે, અશુદ્ધ સ્વભાવ દૂર થાય છે, સર્વ ભય મટી જાય છે. મન નિર્ભય, નિઃશંક, નિર્વિકલ્પ, નિઃશલ્ય બની જાય છે. આપણા આત્માનું હિત દર્શનાચાર, જ્ઞાનાચાર અને ચારિત્રાચારના આચરણમાં છે,

ઉપરાંત તપાચાર અને વીર્યાચારના આચરણમાં છે.

તપ વડે આત્મા પોતામાં તપે છે,

વીર્ય વડે આત્મા આત્મામાં વિશેષે ગતિ કરે છે.

સામાયિક ધર્મ એટલે શું ?

રાગ-દ્વેષના અભાવરૂપ આત્માના મધ્યસ્થ પરિણામ અને એ પરિણામ વડે થતો જ્ઞાન, દર્શન તથા ચારિત્રગુણોનો આત્માને લાભ, તે સામાયિક ધર્મ છે. 'સમ' એટલે સર્વ જીવો પ્રત્યે સમાન ભાવ અને તેથી સાવદ્ય યોગોનો ત્યાગ અને નિરવદ્ય યોગોનું અનુષ્ઠાન-સમ ભાવનાં લાભવાળી આ ક્રિયાને 'સામાયિક' કહે છે. મોક્ષમાર્ગનાં સાધન જ્ઞાન-દર્શન-ચારિત્ર પણ 'સમ' છે. તે ત્રણેમાં મોક્ષ આપવાની સમાન શક્તિ છે, તેથી ત્રણેને વિષે પ્રવૃત્તિ કરવા, તે સામાયિકરૂપ શ્રેષ્ઠ આચરણ છે.

'સર્વ પ્રાણીઓ આત્મતુલ્ય છે'

એ સાધનાનો અભ્યાસ, સક્રિય અભ્યાસ તે સામાયિક.

સમતા વિધાયક છે, સંયમ નિષેધક છે.

શુભભાવના વિધાયક છે, અશુભધ્યાનત્યાગ નિષેધક છે.

શુભભાવના મૈત્ર્યાદિ છે, તેથી

તે વડે અશુભ ધ્યાનનો ત્યાગ સુકર બને છે.

સર્વ જીવો અને સર્વ ગુણોમાં સમાન ભાવ તે સમતા
વિચારક છે, તે વડે ઈંદ્રિયો અને મન વશમાં આવે છે.
જેનાથી ઈંદ્રિયોના વિષયો અને મનના વિકારો
આદિ કષાયો જીતાય છે, તે 'સંયમ' છે.
ષટ્ જીવનિકાયની રક્ષા રૂપી સંયમ પણ
જીવસમતા અને ગુણસમતા વડે સ્થિરતા પામે છે.
ગુણસમતા = એવી ભાવના કે:
'જ્ઞાનાદિ ત્રણે ગુણોમાં મોક્ષ દેવાનું સરખું સામર્થ્ય છે.'
પરિણામસમતા = મનની સ્થિરતા, રાગ-દ્વેષનો નિગ્રહ.
વિષમતા કર્મજન્ય છે, સમતા આત્મસ્વભાવ છે.
રાગદ્વેષાદિ વિષમ ભાવો દૂર થઈને સ્વસ્વરૂપમાં રમણતા
- એ પણ સમતાનું જ સ્વરૂપ છે.
'સર્વ પ્રાણીઓ પોતાના આત્માની તુલ્ય છે' અને
'પોતાનો આત્મા પરમાત્માની તુલ્ય છે' આ સત્યનું
દર્શન પ્રકટ થતાં સર્વમાં સુષુપ્ત રહેલ પરમાત્મતત્ત્વનું
યથાર્થ દર્શન થાય, જે વાસ્તવિક સમતા જન્માવે છે.
આવી તાત્વિક સમતા એ સામાયિકની ક્રિયાનો પ્રાણ છે.
સવ્વભૂયપ્પભૂયસ્સ સમ્મં ભૂયાઈ પાસઓ ।
પિહિઆસવસ્સ દંતસ્સ પાવં કમ્મં ન બંધઇ ॥१॥
(પરિશિષ્ટ-૬)

સામાયિક એટલે... સ્વસંરક્ષણવૃત્તિને
સર્વ સંરક્ષણવૃત્તિ (ધર્મવૃત્તિ)માં બદલવાનો પ્રયોગ.

આત્મામાં વિશ્વવ્યાપક વિશાળતા પ્રગટાવવાનું સાધન સામાયિક છે, જેથી સ્વાર્થનું સંકુચિતપણું દૂર થઈને અંતરમાં સર્વ જીવ સાથેનો આત્મીય ભાવ પ્રગટે છે.

પોતાનું હિત વિશ્વના હિત સાથે સંકળાયેલું છે.

ધર્મ સંબંધ સર્વને સુખકારક છે, જ્યારે અધર્મ સંબંધ પરસ્પરને પીડાકારક, અહિતકારક તથા અસુખકારક છે.

મિથ્યાત્વનો પ્રતિકાર કઈ રીતે ?

મિથ્યાત્વસેવન વડે અનંતાનુબંધી કષાયોનું રક્ષણ તથા અનંતાનુબંધી કષાયોના સેવનથી મિથ્યાત્વરક્ષણ થાય છે. અનંત સંસારમાં પરિભ્રમણ કરાવનાર મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયો છે. તેનો પ્રતિકાર ન થાય, ત્યાં સુધી કોઈપણ સદ્ગુણનું સેવન સાનુબંધ-ટકાઉ થતું નથી.

સર્વ જીવ તુલ્યતાનો પરિણામ મિથ્યાત્વને અટકાવે છે.

'વિશ્વમાત્ર કર્મકૃત છે' એ વિચાર રાગદ્વેષ-અનંતાનુબંધી કષાયોને અટકાવે છે. જીવના જીવત્વનો વિચાર અને કર્મકૃત ભેદનો વિચાર જેમ જેમ પરિપક્વ થાય છે, તેમ તેમ સમ્યક્ત્વગુણ સ્થિર થાય છે.

પુદ્ગલમાત્ર પ્રત્યે માધ્યસ્થ્યભાવ રાગ-દ્વેષને શમાવે છે. Similarity of substance & sameness of purposeના વિચારથી સમ્યક્ત્વનો સૂર્ય પ્રગટે છે. સર્વના હિતના વિચારમાં અનંત વિષયાભિલાષ નિવારવાનું સામર્થ્ય તથા અનંતાનુબંધી કષાય, અત્યંત પ્રમાદ અને અત્યંત અશુભયોગોને ન પ્રવર્તવા દેવાનું પણ સામર્થ્ય છે. બધા પાસેથી લીધેલા સુખના ઋણમાંથી મુક્ત થવાનો ઉપાય સર્વનું સુખ ઇચ્છવું અને દીધેલા દુઃખનું પ્રાયશ્ચિત સહિત 'બધા દુઃખમાંથી મુક્ત થાઓ' એ ભાવના છે.

જે જીવમાત્રના જીવત્વની મહત્તા સમજશે,
તે જીવ જ જીવનની સાચી મહત્તા સમજશે ગણાય.

જીવમાત્રના જીવત્વનું બહુમાન એ સામાયિકધર્મનો પાયો છે. 'સુખ-દુઃખ કર્મના વિપાક છે' એવું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન. જેવું જ્ઞાન અને પ્રતીતિ - તેવું જ જીવન, તે સમ્યક્ચારિત્ર. સમભાવ તે સમ્યગ્દર્શન છે. સુખ-દુઃખ પ્રત્યે સમાન ભાવ તે સમ્યગ્જ્ઞાનનું ફળ અને જેવું જ્ઞાન અને દર્શન તેવું જ અહિંસા-સંયમમય જીવન અને તે જીવન જીવવા માટે કષ્ટસહનરૂપી તપશ્ચર્યા, તે સમ્યક્ચારિત્ર છે. કૃતજ્ઞતા અને પરાર્થતાનો કાયદો, તે ધર્મનો પાયો છે.

## નિર્વાણસાધક યોગો તે મોક્ષમાર્ગ.

જ્ઞાનાદિ શક્તિઓ દ્વારા મોક્ષમાર્ગને સાધે, તે સાધુ.

त्यक्तार्तरौद्रध्यानस्य त्यक्तसावद्यकर्मणः ।
मुहूर्तं समता या तां सामायिकव्रतमुच्यते ॥ (પરિશિષ્ટ-૭)

સામાયિક ધર્મ એ માત્ર જાણવાનો વિષય નહિ પણ
સમજવાનો, વિચારવાનો, આચરવાનો અને
અંતરમાં ઊંડે ઉતારવાનો વિષય છે.

## જીવત્વમાં રહેલી એકતા

અનંત જીવદ્રવ્યોમાં જીવત્વ જાતિકૃત એકતા છે.
એક જીવના અનંતગુણોમાં પરસ્પર વ્યાપ્તિરૂપી એકતા છે.
એક જીવના અનંતપર્યાયોમાં દ્રવ્યગત એકતા છે.
જીવમાં જીવત્વનું, કર્મમાં કર્મત્વનું અને
ગુણોમાં ગુણત્વનું ચિન્તન સમતા લાવે છે.
બધા જીવોમાં જીવત્વ સરખું છે.
સંસારી જીવોમાં કર્મકૃત વૈષમ્ય સરખું છે.
જીવોના ગુણોમાં આત્મધર્મત્વરૂપ સરખાપણું છે.
જીવત્વના ચિંતનથી મધુર પરિણામ, કર્મવિપાકના ચિંતનથી
સમપરિણામ-તુલાપરિણામ તથા ધર્મના માહાત્મ્યનું ચિંતન
કરવાથી સત્ત્વ અથવા શૌર્યપરિણામ ઉત્પન્ન થાય છે.

ધર્મ એ મંગળ છે, જ્યારે કર્મ એ વિઘ્ન છે.
કર્મ વડે જીવ દુઃખ પામે તથા ધર્મ વડે સુખ પામે છે.
કર્મરૂપી વિઘ્ન ધર્મરૂપી મંગળ વડે ક્ષય પામે છે અને
તેના પરિણામે જીવ પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરે છે.
સમતાની પ્રાપ્તિ માટે ત્રણ વસ્તુનો વિચાર કર્તવ્ય છે:

(૧) જીવનો પરમ પારિણામિકભાવ = સહજસ્વરૂપ
(૨) જગતનો ઔદયિકભાવ = કર્મ
(૩) ઈશ્વરનો ક્ષાયિક-ક્ષાયોપશમિકભાવ = ધર્મ

ધર્મ - કર્મ - જીવ: એ ત્રણેની ગુંથણનું સૂત્ર એટલે...
ૐ સહજાત્મસ્વરૂપ - પરમગુરુ - નિર્ગ્રન્થ - સર્વજ્ઞદેવ।

Imp

સત્ - ચિત્ - આનંદસ્વરૂપ આત્મા

જીવનું સ્વરૂપ સત્ છે, માટે સતત જીવવા ઇચ્છે છે.
જીવનું સ્વરૂપ ચિત્ છે, માટે સઘળું જાણવા ઇચ્છે છે.
જીવનું સ્વરૂપ આનંદ છે, માટે સતત સુખને ઝંખે છે.
જીવમાં ઐશ્વર્ય-ઈશ્વરપણું નિહિત છે, માટે કોઈને આધીન
રહેવા ઇચ્છતો નથી અને સર્વને આધીન કરવા ઇચ્છે છે.
ઈશિત્વ અને વશિત્વ એ જીવનો સ્વભાવ છે. નાદ વડે
ઈશિત્વ અને જ્યોતિ વડે વશિત્વ પ્રાપ્ત કરી શકે છે.
નાદની અભિવ્યક્તિ નામરૂપે - જ્યોતિની રૂપ સ્વરૂપે થઈ છે.

નાદમાં પૂર્ણ સ્વાધીનતા છે, જ્યોતિમાં સર્વોપરિતા છે.
જપની લાલરૂપી જ્યોતિ વિશ્વવ્યાપી છે,
તે સર્વને વશ કરે છે, પોતે કોઈને વશ થતી નથી.
પ્રભુનું નામ નાદ રૂપે સતત અંતરમાં ચાલ્યા કરે છે,
તેનું ધ્યાન સ્વાધીનતા સમર્પે છે.
પ્રભુની જ્યોતિ લાલ રૂપે સદા પ્રકટ છે, તેનું ધ્યાન
વિશ્વવ્યાપીતા અને સર્વ ઉપર પ્રભુતા અપાવે છે.
નામ અને રૂપનું ગ્રહણ કરવા વડે નાદ અને જ્યોતિનું
ગ્રહણ થાય છે અને નાદ અને જ્યોતિના ગ્રહણ વડે
સ્વાધીનતા અને સર્વોપરિતા પ્રાપ્ત કરી શકાય છે.
ધર્મ સાધનાનો આ સરલ ઉપાય છે.

Dt. 11-9-71

આત્મજ્ઞાની પુરુષો કહે છે કે સુખ પાંચ ઇંદ્રિયોના
વિષયોમાં નથી પણ આત્મામાં છે, માટે આત્મામાં
સુખને શોધો, કારણકે આત્મા સત્સ્વભાવથી જ
સત્-ચિત્-આનંદમય છે. જે માણસો બાહ્ય પદાર્થોથી
મનને ફેરવીને આત્મા તરફ વાળે છે, તે માણસોને
અપાર શાંતિનો અનુભવ અને આત્મદર્શન વડે
પરમાત્મદર્શન પણ થાય છે. - Jambuvijayjee

## આત્મતત્ત્વનો પ્રત્યક્ષ અનુભવ કઈ રીતે?

વાચક જેમ વાચ્ય માટે છે, તેમ વાચ્ય તે લક્ષ્ય માટે છે.
વાચ્યાર્થ - લક્ષ્યાર્થ ભિન્ન છે, વાચ્યાર્થ તે જ લક્ષ્યાર્થ નથી.
લક્ષ્યાર્થ માટે વાચ્યાર્થની ઉપયોગીતા છે.
લક્ષ્ય, ધ્યેય, સાધ્ય, પ્રાપ્ય, ગ્રાહ્ય વગેરે એકાર્થક છે.
વાચક એ દ્રવ્યશ્રુત, વાચ્ય એ ભાવશ્રુત અને
લક્ષ્ય એ કૈવલ્ય = એક આત્મા કે તેનો જ્ઞાનગુણ છે.
કેવળજ્ઞાન - knowledge absolute એ
લક્ષ્ય અથવા સાધ્ય છે. લક્ષ્યનું સાધન ભાવશ્રુત છે અને
ભાવશ્રુતનું સાધન દ્રવ્યશ્રુત છે.
દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત - ઉભય શબ્દબ્રહ્મ છે તથા
શબ્દબ્રહ્મનું નિષ્ણાતપણું પરબ્રહ્મને આપે છે.
'પરબ્રહ્મ' એટલે આત્મા.
'પરબ્રહ્મ' એટલે આત્માનું સ્વસંવેદન જ્ઞાન.
તે જ્ઞાન વડે આત્મતત્ત્વનો પ્રત્યક્ષ અનુભવ થાય છે.
આત્માનુભૂતિ એ જ્ઞાનમાત્રનું લક્ષ્ય છે.
વાચ્યાર્થ જ્યાં બાધિત થાય છે,
ત્યાં દરેક જગ્યાએ લક્ષ્યાર્થને ગ્રહણ કરાય છે.
મોક્ષમાર્ગમાં લક્ષ્યાર્થ વિહિત છે.

પ્રાથમિક અવસ્થામાં મનુષ્યને જીવવાની ઈચ્છા છે.
એનાથી આગળ વધતાં અન્યને જીવાડવાની ઈચ્છા થાય છે.
એથી આગળ જતાં 'મારે ઈશ - પરમતત્ત્વને શોધવો છે'
તથા ત્યાંથી આગળ જતાં 'ઈશ થવું છે' એ ઈચ્છા જાગે છે.

o આત્માની ઓળખાણ અને આત્માના
અસલ સ્વરૂપ - પારિણામિક ભાવની ઓળખાણ,
એ ખરાં અર્થમાં દેવ - ગુરુની જ ઓળખાણ છે.

o જગતના સામાન્ય જીવો પ્રસિદ્ધિને ઈચ્છે છે,
જગતના ઉત્તમ જીવો અપ્રસિદ્ધિને ઈચ્છે છે.
પ્રસિદ્ધિ કરતાં અપ્રસિદ્ધિની કિંમત અધિક છે, તેથી
આત્મા અતીન્દ્રિય છે, માટે તેની કિંમત સૌથી વધારે છે.
ઈન્દ્રિયજન્ય પદાર્થો કરતાં અતીન્દ્રિય પદાર્થો વધુ મૂલ્યવાન છે,
સ્થૂલ કરતાં સૂક્ષ્મની કિંમત વધારે છે.

o

Be still and let life take charge over you. The life in me is godlife. It is perfect, whole, harmonious. God is the ocean, I am a drop. The substance of the drop is the same as the substance of the whole ocean.

## શરીર રૂપી રથનો સાચો પરિચય

શરીર રથ છે, ઇંદ્રિયો તેને જોડેલાં ઘોડાઓ છે.
મન એ નિયંતા - ઘોડાઓની લગામ છે.
શબ્દાદિ વિષયો એ જુદા જુદા માર્ગો છે.
બુદ્ધિ એ હાંકનારી સારથિ છે.
ચિત્ત એ શરીરરથને બાંધવાનું મોટું બંધન છે.
દશ પ્રાણો એ ધરી છે, ધર્મ અને અધર્મ બે પૈડાં છે.
અહંકારી જીવ એ રથમાં બેસનારો છે.
ૐકાર એ જીવનું ધનુષ્ય છે, શુદ્ધ જીવ એનું બાણ છે.
પરબ્રહ્મ એ તાકવાનું નિશાન છે.
રાગ-દ્વેષ-લોભ-શોક-મદ-માન-માયાદિ શત્રુઓ છે.
એ રથ જ્યાં સુધી સ્વવશ છે અને ઇંદ્રિયોરૂપી ઘોડાઓ સશક્ત છે, તેટલામાં જ ગુરૂભક્તિ દ્વારા જ્ઞાનરૂપી તલવાર લઈ રાગદ્વેષાદિ શત્રુઓને જીતી લેવા અને શાંત થઈ સ્વાનંદરૂપી સ્વરાજ્યને પ્રાપ્ત કરી લેવું.
એ પછી શરીરરૂપી રથનો પણ ત્યાગ કરવો.
જો તેમ કરવામાં ન આવે, તો રથમાં જોડેલા પ્રમાદી જીવને દુષ્ટ ઇંદ્રિયોરૂપી અશ્વો અને દુર્બુદ્ધિરૂપી સારથિ અવળેમાર્ગે લઈ જઈ વિષયો રૂપી ચોરોની વચ્ચે મૂકે છે.

તે ચોરી ઘોડા અને સારથિ સહિત આ જીવરૂપી રથને
અંધકારમય વ્યોમ અને જેમાં મૃત્યુનો ભયંકર ભય છે,
એવા સંસારરૂપી કુવામાં ફેંકી દે છે.

## ગુરુની ગૌરવગાથા

જે સત્ય બતાવે તે ગુરુ, જીવન જીવી દેખાડે તે ગુરુ.
જેના જીવનમાં જ્ઞાનનું અને જીવનનું ગુરુત્વ છે,
જે અન્યના ઉત્કર્ષની સતત ચિંતા કરે, તે ગુરુ છે.
કનક, કાન્તા અને કીર્તિના પવનથી
જે રૂની માફક ઉડી જતો કે ખસતો નથી, તે ગુરુ છે.

## શિષ્યની પાત્રતાગાથા

પોતાના દોષો અને ભૂલો પ્રેમથી સાંભળવાની
સહનશીલતા - શ્રદ્ધા - જિજ્ઞાસા જેની પાસે છે, તે શિષ્ય.
વાત્સલ્યથી ભરપૂર તેજસ્વી ગુરુને જોતાં જ
જેનું મુખચંદ્ર ખીલી ઉઠે છે, તે શિષ્ય.
ગુરુ કરવાના નથી હોતા, એ તો આપોઆપ થઈ જાય છે.
ભગવાન પછી આપણા હૃદયમાં જે વ્યક્તિ માટે
પૂજ્યભાવ જાગે, તે આપણા ગુરુ.
ગુરુ પાસે જવાથી બુદ્ધિ નિર્મળ થાય, હૃદય કોમળ બને,
જીવન સદ્ગુણો - સદાચારોથી સુગંધિત બને, એ નિયમ છે.

શબ્દ બોધાત્મક અને પ્રેરણાત્મક હોવા જોઈએ.
પ્રેરણા ત્યારે બને કે જ્યારે તેમાં જીવનનો નિયોગ હોય.

વેદો એ 'મા'ની વાણી છે.

'મા'ની વાણી બાળક જેવા રસથી સાંભળે છે, શાસ્ત્રની વાણી તેમ જ પ્રિય લાગવી જોઈએ, કારણ કે તે તો આત્મકથિત છે, ભાવ ભરપૂર છે, પ્રેમથી જ સમજાય છે.

<u>શરણાગતવત્સલ પ્રભુ</u>

સંસાર એ સરોવર, જીવ એ ગજેન્દ્ર, કાળ એ મગર છે. પ્રભુ દયાળુ છે. પ્રાણીઓ પર દયા કરવા માટે એક પળ પણ આળસ કરતા નથી. શરણાગતનું રક્ષણ કરનારા છે. સર્વમાં ભગવદ્દર્શન તે સુદર્શન. કાળની પકડમાંથી કાળના પણ કાળ એક ભગવાન જ છોડાવી શકે છે. 'કાળે મગરનો સુદર્શનથી નાશ કર્યો' એનો એક અર્થ છે કે: તમારી દૃષ્ટિ સુદર્શન – સમ્યગ્દર્શનવાળી – સારી થશે, તો

સર્વમાં તમને ભગવાન દેખાશે અને

તમે કાળના મુખમાંથી છૂટી જશો – કાળને પણ જીતી લેશો. જેને સર્વમાં પ્રભુભાવ જાગ્યો, તેને કાળ પણ શું કરી શકે?

'ઈશ્વર ગરીબના જેવા છે'

તેનો અર્થ તેઓ દૈન્યપ્રિય છે, નિરભિમાનીના જેવા છે.

નિરભિમાની ઉપર ઈશ્વરની ખાસ કૃપાદ્રષ્ટિ હોય છે.
નિરભિમાની એટલે અહંકારરહિત, મદ - માનવિવર્જિત
કર્મજન્ય વિભૂતિ ઉપર અશ્રદ્ધાવાન.
ઉપાસ્ય જોડે તાદાત્મ્ય સાધવું, તે જ ઉપાસનાનું ધ્યેય છે,
એ માટે કીટ - ભ્રમર ન્યાય છે.
કીડો ભમરાનું ધ્યાન ધરતાં ભમરારૂપ બની જાય છે
અને તેને પાંખો પણ ફૂટે છે અને ઉડવા પણ માંડે છે.
રુદ્રની ઉપાસનાથી રુદ્ર - પ્રભુની ઉપાસનાથી પ્રભુ બનાય.
તે માટે પોકળ - ખાલી બનો. સાંબેલું નહિ, વાંસળી થાઓ.
જે જીવ ભગવાનને શરણે જાય, તેનો ઉદ્ધાર થાય છે.
'ભગવાને તેનો ઉદ્ધાર કર્યો' એમ કહેવાય છે.

'સમુદ્રમંથન' એટલે જીવનનું મંથન.

મંથન કરી ભક્તિ અને જ્ઞાન મેળવવાનું છે. અમૃત
મેળવવા દેવો અને દૈત્યો મંદરાચળ રૂપી પર્વતને રવૈયો
તથા વાસુકી સર્પનું દોરડું બનાવી સમુદ્રનું મંથન કરે છે.
મનને પર્વત જેવું સ્થિર રાખવું, તે મંદરાચળ પર્વત
અને વાસુકી તે પ્રેમની દોરી છે. જીવનમંથન વખતે
પ્રથમ વિષયોરૂપી વિષ મળે છે. વિષય - કષાયનું વિષ
બધાને બાળે છે પણ જેના માથે જ્ઞાનરૂપી ગંગા હોય,
તેને તે ઝેર બાળતું નથી.

બીજાનું સુધારવા પોતે સહે, તે શિવ અને
પોતાનું સુધારવા બીજાનું બગાડે, તે જીવ.
ભગવાનનું નામ ઝેરને પણ અમૃત બનાવે છે.
નિંદા એ વિષ છે, સ્તુતિ એ અમૃત છે.
નિંદારૂપી વિષ પી જશો, તો સ્તુતિરૂપી અમૃત મળશે.
પ્રભુની પાછળ જે પડે, તેની પહેલાં કસોટી થાય છે.
બીજાનાં દુઃખે દુઃખી થવું,
તે જ સર્વના આત્મા એવા પરમેશ્વરનું આરાધન છે.
પ્રભુ - પરમાત્મા - પરાત્મા - પરબ્રહ્મ
એ સર્વત્ર સત્ય, શિવ, સુંદર રૂપે રહેલા છે.
વિશ્વ કે બ્રહ્માંડમાં એના વિના બીજું કશું જ નથી.
એ જોવા માટે નિર્મળ, નિર્વિકાર આંખ - કાન જોઈએ,
જડમાત્ર પ્રત્યે સમભાવ - સંવેદનશીલ માનસ જોઈએ.
એવા આત્માને સર્વત્ર પ્રભુદર્શન થાય છે, કારણ કે
ભગવત્ ચૈતન્ય તો સર્વત્ર વિલસી જ રહ્યું છે.

વીતરાગ ગમે, તેને રાગાદિ કેમ ગમે?

રાગ-દ્વેષાદિ મનના રોગો છે. તેનાથી અશુભ કર્મસંચય
અને જન્મ - મરણાદિની પીડાઓ મળે છે. રાગાદિમાં
હેયબુદ્ધિ એ વીતરાગમાં ઉપાદેયબુદ્ધિ અને વીતરાગમાં

ઉદાસીનબુદ્ધિ એ રાગાદિમાં હેયબુદ્ધિ ઉત્પન્ન કરે છે. રાગાદિનો નાશ એક વીતરાગની જ ઉપાસના વડે શક્ય હોવાથી દેવબુદ્ધિ, પૂજ્યત્વબુદ્ધિ, ઉપાસ્યબુદ્ધિ વીતરાગમાં જ થવી જોઈએ. વ્યવહારથી વીતરાગ મુક્ત જીવો છે, જ્યારે નિશ્ચયથી વીતરાગ એ સહજ આત્મસ્વરૂપ છે. સહજ આત્મસ્વરૂપમાં પૂજ્યબુદ્ધિ દૃઢતા કરવાથી ચિત્તના સંકલ્પ - વિકલ્પાદિ શાંત થાય છે. સંકલ્પ - વિકલ્પ, અશુભ સંકલ્પવિકલ્પોનો અભાવ ઉપાય વ્યવહાર-નિશ્ચય ઉભય પ્રકારે વીતરાગની ઉપાસના કરવી તે છે.

## સાચી સાધના છે ધ્યાન

ધ્યાન એ સાધના છે. સાધના સહજ થાય છે. ચિત્તમાં અનેક કામનાઓ અને મત્સર રહેલ છે. લોકો સારું રહે છે ખરા પણ અન્યનું સુખ જોઈ શકતા નથી. એકમેકના દોષો જોઈને મનને અશુદ્ધ કરતાં જાય છે.

શાસ્ત્રો કહે છે કે: ચિત્તની પ્રસન્નતાથી બુદ્ધિની સ્થિરતા આવે છે. પ્રસન્નતા યાને નિર્મળતા.

ચિત્તમાં કયો મેલ છે, તે જોતાં રહેવું જોઈએ. ચિત્ત નિર્મળ હશે, તો તેને એકાગ્ર કરવું નહિ પડે. ચિત્ત એકાગ્ર જ હોય, અનેકાગ્રતા માટે પ્રયત્ન કરવો પડે.

જ્ઞાન અને આંખમાં એક જ તત્ત્વની ધારા વહી રહી છે, એ જ અનંત શરીરનું લક્ષણ છે. એક વ્યક્તિનું દર્દ બીજી વ્યક્તિ ભણી પહોંચે, એ અનંત સમાજનું લક્ષણ છે. સાર લો, અસાર છોડો. હેયનું દાન - ઉપાદેય ગ્રહણ કરો.

## ઈશ્વરનું અનુસંધાન

મહાપુરુષની સેવા એ ઈશ્વરનું અનુસંધાન સાધવા માટેનો એક પ્રયત્ન છે. પ્રતિક્ષણ પોતાની જાતને શૂન્ય કે ખાલી કરી દેવા મથવું, જેથી પ્રભુ એને ભરી દે અને પોતાના હાથનું ઓજાર બનાવે, તે સાધકની ભક્તિ છે.

## મૌનમાં જીવનધબકાર

શબ્દ વાસી થવા સર્જાયો છે, મૌન તો નિત્યનૂતન છે. મૌનમાં શરીર - મનનો વિશ્રામ છે. આધ્યાત્મજીવનનાં ઊંડાણનું પ્રથમ પર સુદર્શન પણ મૌનમાં જ પમાય છે. અંતરનાં સ્ફુરણો સાથે સમરસતા - સભ્યતા મેળવવાનો એ સૌથી સરળ અને સચોટ માર્ગ છે. વાણીનું મૌન, મનનું મૌન, આંખોનું મૌન, એકાંત મૌન, સતત મૌન - એમ અનેક પ્રકારના મૌનના મહાપ્રયોગ કરવા જેવા છે.

વિચારપ્રવાહની ધારાને તટસ્થ રહી,
વધાવ્યા કે વગોવ્યા વગર માત્ર નિરખી રહેવું.

## મૌન પ્રાર્થનાનું માહાત્મ્ય

શ્વાસની ગતિને માત્ર જોયા કરો,
મનને પોતાના તરફથી કાંઈ પણ કામ આપ્યા વિના
માત્ર છૂટ્ટા દેવું અને તટસ્થ રીતે જોયા કરવું.

*Sit quietly, doing nothing.*

વિશ્વશાંતિ મેળવવાના કાર્યમાં આનાથી બહેતર અન્ય
બીજો આશાજનક કાર્યક્રમ ભાગ્યે જ મળશે.
ભગવાનનું જે નામ જેને પ્યારું હોય અથવા જે નામનો
જેને અભ્યાસ હોય, તે નામ તેણે મનમાં લેવું અને
પ્રાર્થના કરવી કે અમને સત્ય - પ્રેમ - કરુણા આપો.
સત્ય - પ્રેમ - કરુણાની જ પ્રાર્થના પ્રભુ પાસે કરવી.
મૌન પ્રાર્થનામાં સર્વ ધર્મ, પંથ, વાદ, દેશ, જાતિ - કે
ધર્મ તથા વિજ્ઞાનનો પણ તેમાં વિરોધ નથી, બલ્કે
ઉપરોક્ત દરેકનો અદ્ભુત સમન્વય તેમાં કરેલો છે.
૦ શ્રી નવકારયુક્ત શ્રી સિદ્ધચક્રનું આરાધન તથા શ્રી
શાસનરક્ષક અધિષ્ઠાયક શ્રી માણિભદ્ર વીરની
સ્તોત્ર માળાયુક્ત આરાધના પણ ચાલુ છે અને
તેમાં જ આત્મસંતોષ, આત્માનંદ આદિ અનુભવાય છે.

Aglod, Anandghan, 13/9/71

## સત્યાનુસંધાનનો નિષ્કર્ષ

(૧) પૂજ્ય તત્ત્વોને પૂજવા - પૂજાવવા જેવો કોઈ પરમાર્થ તથા અપૂજ્ય તત્ત્વોને પૂજવા - પૂજાવવા જેવો અનર્થ નથી.

(૨) અનંતકાળથી થતી અપૂજ્યની પૂજાની અસત્ પ્રવૃત્તિનું શુદ્ધીકરણ કરવાનું સામર્થ્ય અંતર્મુહૂર્તમાત્રની પૂજ્યોની પૂજામાં રહેલું છે. આ સત્ય સનાતન છે, ધ્રુવ છે, સર્વજ્ઞ, સતત, સર્વોપરિ અને સર્વોપકારી છે.

(૩) આ સકલ લોકસામ્રાજ્ય એવં સાર્વલૌકિકસામ્રાજ્ય એ સત્યાનુશાસન છે. આ શાસનના સર્વાધિકારી સર્વજ્ઞ અને સર્વદર્શી શ્રી તીર્થંકર ભગવાન છે, એટલે તેઓશ્રી સર્વેન્દ્રની ઉપમાથી શાસ્ત્રોમાં ગવાયા છે.

(૪) આ યુગના પ્રથમભૂત પ્રવર્તક યુગાદીશ્વર ભગવાન શ્રી ઋષભદેવ છે. તેઓ મંગળની પરંપરાના વર્ધક છે. સકલમંગલનિકેતન રાજરાજેશ્વર ભગવાન ઋષભદેવ પ્રત્યે પ્રજાના હૃદયમાં પૂજ્યભાવ પ્રાદુર્ભાવ ન થાય, ત્યાં સુધી પ્રગતિપથ દુર્લભ છે. લૌકિક તથા લોકોત્તર હિત કરનાર અનંત ઉપકારી તેઓશ્રી પ્રત્યે કૃતજ્ઞ બનવું અને અન્યોને કૃતજ્ઞ બનાવવા, એ પ્રધાનકર્તવ્ય છે.

(૫) ભગવાન ઋષભદેવ દેવોના દેવ-ગુરુઓના ગુરુ છે,

તેઓ માતા - પિતાના પણ માતા - પિતા છે.
એ પ્રમાણે આગમ, ઉપનિષદ્, વેદ, પુરાણોમાંથી તથા
પુરાતત્ત્વ સંશોધનો આદિમાંથી પ્રમાણો મળી રહે છે.
શ્રી ઋષભદેવ ભગવાનની ઉપાસનામાં
સકલ તીર્થંકરોનો સ્વાભાવિક સમાવેશ થઈ જાય છે.
મારી જીવનયાત્રામાં, આ સાધિક પ્રવૃત્તિમાં
હું સફળ થાઉં, એવા આશિષને ઈચ્છું છું.

Rikhavdas Jain, Madras, ભાદરવા વદી ૭

મંગલં ભગવાનર્હન્, મંગલં ભગવાન્ જિનઃ ।
મંગલં પ્રથમાચાર્યઃ મંગલં વૃષભેશ્વરઃ ॥૧॥ (પરિશિષ્ટ-૮)

વીતરાગ પરમાત્મા

વીતદ્વેષ, વીતેચ્છ અને વીતમોહ હોવા છતાં
શુભાશુભ કાર્યમાં નિમિત્ત બને છે.

પરમેશ્વરી આત્મા કેવા છે?

તે શાશ્વતી, સર્વકાલીન, સુસ્થિત પરમેશ્વરી આત્મા છે.

o સંપૂજનેન ધ્યાનેન સ્તવેન વ્રતચર્યયા ।
ઇત્યેવ વિધાતવ્યા તદાત્મા તસ્ય સેવકૈઃ ॥૧॥

o અટ્ઠેવય અટ્ઠસયા અટ્ઠસહસ્સં ચ અટ્ઠકોડીઓ ।
જો ગુણઇ ભત્તિજુત્તો સો તઇય ભવે લહઇ મુક્ખં ॥
(પરિશિષ્ટ-૯)

## પ્રભુના નામરૂપી મૂળમંત્રના ષટ્કર્મો

आकृष्टिं सुरसम्पदां विदधति मुक्तिश्रियो वश्यतां,
उच्चाटं विपदां चतुर्गतिभुवां विद्वेषमात्मैनसां ।
स्तम्भं दुर्गमनं प्रति प्रयततां मोहस्य सम्मोहनं,
पायाद् पञ्चनमस्क्रियाऽक्षरमयी साऽऽराधना देवता ॥

### આ શ્લોકનો ભાવાર્થ છે કે:

(૧) આકર્ષણ - આત્મઋદ્ધિનું - કેવલજ્ઞાન
(૨) વશીકરણ - મુક્તિવધૂનું - નિર્વાણ
(૩) ઉચ્ચાટન - વિપદ-કષાયનું - પાપાદિ
(૪) વિદ્વેષણ - અષ્ટકર્મનું - કર્માદિ
(૫) સ્તંભન - ઉન્માર્ગગામી મનનું
(૬) મોહનકર્મ - આત્માનુભૂતિનું

### મોક્ષાવસ્થા યા સિદ્ધાવસ્થા

અનંત અનંત નામ તથા રૂપોની અંદર માત્ર અનુપમેય શુદ્ધ ચૈતન્ય સત્તા જ અભિનંદનીય છે, કેમકે એ દેશાતીત, કાલાતીત હોઈને સ્વસત્તામાત્ર - ચિન્માત્ર છે. એને મોક્ષાવસ્થા યા સિદ્ધાવસ્થા પણ કહેવાય, તેની સાથે તાદાત્મ્યના અનુભવ માટે જ સઘળો પ્રયત્ન આવશ્યક છે. એ વડે પોતાના શુદ્ધ સ્વરૂપની જ ચર્ચા થાય છે.

- kashi, kanakvijayjee

## નવકાર અને નવતત્ત્વ

નવકારથી નવતત્ત્વનો બોધ, દયાની લાગણી, આત્મ-સમદર્શિત્વ, પરપીડાવર્જન, આસ્રવનિરોધ, સંવરસેવન અને વિપુલ નિર્જરાદિ ગુણો પ્રાપ્ત થાય છે.

નવતત્ત્વના બોધ દ્વારા સમત્વ, તે દ્વારા સ્નેહ - દયા, તે દ્વારા અહિંસા, સંયમ અને તપ, નિર્જરા અને મોક્ષ.

અહિંસામાં જીવવિચાર દ્વારા સમત્વ છે, સંયમમાં કર્મ-વિચાર દ્વારા તથા તપમાં ધર્મવિચાર દ્વારા સમત્વ છે.

ધર્મની પાછળ ભાવના છે, વિચારણા છે અને આચરણ તો એનું મુખ્ય અંગ છે.

'ધર્મ' શબ્દની મુખ્ય યોજના આચરણ પરત્વે છે.

બીજા શબ્દોમાં સદાચરણ એ ધર્મનું સ્થૂલ શરીર છે અને સદ્વિચાર એ ધર્મનું સૂક્ષ્મ શરીર છે.

ધર્મ એ જીવનનો નિયામક જ નહિ - સંશોધક પણ છે, જીવનચર્યાનો પ્રતિબંધક નહિ, એનો ઉપરસ્થાપક પણ છે.

ધર્મ વિનાનો સમાજ, પ્રજા કે જીવન એ ઉદાર અને ઉત્કૃષ્ટ આશયો અને આદર્શોથી સ્ખલિત થાય છે.

o

*God is incharge of my life,*
*He heals and strengthens me.*

Rajkot, 18/9/71

ઇન્દ્રિયાતીત સુખના સુદીર્ઘ કાળનાં સ્મરણો બાદ પરમપાડાકી
સાત્ત્વિકી, મુક્ત અને પરોપકારકી સત્ત્વદશા મુક્ત એવા
પંચપરમેષ્ઠિ ભગવંતોમાં ધ્યાન સ્થિર બને છે, તેથી
ભૂતકાળના સ્મરણો અને ભવિષ્યની ઇચ્છાઓ નાશ પામે
છે તથા સ્થળ - કાળના બંધનથી મુક્ત એવા સ્વયં
જ્યોતિ અને આનંદમય આત્મદ્રવ્યનો અનુભવ થવાય છે.
અદ્ભુત વસ્તુ પ્રાપ્ત કર્યાનો સંતોષ, રૂપકડો મીઠો સ્વાદ.

વિશ્વદર્શન એ આત્મદર્શન,
વિશ્વઅસ્તિત્વ એ આત્મઅસ્તિત્વ.

°

## 3 spiritual jewels

Respect for life, Restraint in body and reverernce for Soul. With these three jewels, is scale of observation is changed and transformed. To transcend excistence on time and space dimension and to be in the eternal excistence and bliss is the sum total of Sadhana.

## ધર્મસિદ્ધિનાં પાંચ લક્ષણો

ઔદાર્ય, દાક્ષિણ્ય, પાપની જુગુપ્સા, નિર્મળબોધ અને જનપ્રિયત્વ. પંચપરમેષ્ઠિમાં તે પાંચે ગુણો પ્રગટેલા છે. પ્રત્યેકમાં એકેક ગુણની પ્રધાનતા સ્પષ્ટપણે જણાય છે.

## પરમતત્ત્વનો સ્પર્શ

સાગરમાંથી મોતી કાઢવા માટે મરજીવાઓ જે રીતે તત્પર થાય અને ઉત્સાહિત બને છે, તેવા જ તત્પરતા અને ઉત્સાહ પરમતત્ત્વના સ્પર્શને પામવા ઉત્પન્ન થવા જોઈએ. હૃદય પૂર્ણ પ્રેમથી ભરેલું હોય, એનું નામ 'ભક્તિ' છે. પ્રેમ ચોવીસે કલાક રહેવો જોઈએ, ઉપરાંત રહેવો ઘટે: સત્ય, પ્રેમ, કરુણા, નિર્ભયતાપૂર્ણ, નિરહંકારપણું.

## કોને શું પ્રિય છે?

જિહ્વાને મધુરતા - કાનને માત્ર મધુર શબ્દ જ પ્રિય છે,
હૃદય સંતોષપ્રિય અને બુદ્ધિ નિશ્ચયપ્રિય છે.
અહંકારને અહંતા - મમતા પ્રિય છે તથા
મનનું તો કામ જ સંકલ્પ - વિકલ્પ છે.
ચિત્ત એ શુદ્ધ જ્ઞાનનું નિવાસસ્થાન છે.
એકાગ્રતા બધાને સહજ સાધ્ય કેવી રીતે બને?
એકાગ્રતાનો નહીં, પરન્તુ ચિત્તશુદ્ધિનો પ્રયત્ન કરવો.

## સદાચારના ૪ પાયા છે...

સર્વ જીવ પ્રત્યે આદર, પ્રેમ, સહાનુભૂતિ, કરુણા.
સર્વ સાથે મૈત્રી તે આધ્યાત્મિક અનુભૂતિનો પાયો છે
અને એજ સાચા સુખનો ઉપાય છે. માનવતાવિહીણા
લક્ષ્મી, સત્તા કે કીર્તિની દોટમાં આધ્યાત્મિક સંસ્કૃતિનો
વિનાશ છે - It is decay of civilisation.
બુદ્ધિના ચાર આર્યસત્યો અને અષ્ટાંગ માર્ગ પણ
જીવનની વાસ્તવિકતા જણાવે છે અહિંસ
દુઃખનો સ્વીકાર કરી તેના નિવારણનો ઉપાય જણાવે છે,
તેથી તે પણ કરુણા, મૈત્રી અને પ્રેમનો જ ધર્મ છે.
Resist not evil or Resist evil by good.
અહિંસાના જાગ્રત લક્ષણ પ્રેમ અને અવેર છે.
સત્ય અને અહિંસાનાં આચરણ માટે
અપરિગ્રહ અને બ્રહ્મચર્ય અનિવાર્ય છે.
Magnificant paradox - Sweitzer.
જીવનની જરૂરિયાતો ઓછામાં ઓછી કરવી એ અપરિગ્રહ
અને જીવનને સર્વ પ્રકારે સંયમી બનાવવું તે બ્રહ્મચર્ય.
તો જ અધ્યાત્મમાર્ગે પ્રગતિ થાય, એનો બીજો અર્થ
'દેહાધ્યાસ'નો ત્યાગ અથવા 'દેહાધ્યાસ'ને ઓછો કરવો
અને 'આત્માભ્યાસ' વધારવો.

સંયમ અને તપથી દેહાધ્યાસ ઘટે છે તથા
અહિંસા અને સત્યથી 'અધ્યાત્માભ્યાસ' વધે છે.
મનુષ્યના કર્મોનું ચરમ લક્ષ્ય કર્મોથી મુક્તિ છે
અર્થાત્ મુક્તિના ઉદ્દેશથી કર્મ કરવું એજ ધર્મ છે.
ભારતીય દર્શનોમાં વિચારની જેટલી ભિન્નતા છે,
તેટલી જ આચારની એકતા છે, જે બીજું કાંઈ નહિ
પણ કર્મોને નિવૃત્તિ તરફ વાળવાની છે.
જેમ પગથિયાં પાર કરવાનો ઉપાય પગથિયું જ છે,
તેમ કર્મની પાર જવાનો ઉપાય પણ કર્મ જ છે.
વાસનામાત્ર મુક્તિની વિરોધી છે.
કર્મનો ઉદ્દેશ વાસનાને બળહીન કરવાનો હોવો જોઈએ.
દેહ અને આત્માનો સંયોગ,
એ જ Magnificent Paradox છે.
કર્મને જ કર્મોથી મુક્તિ મેળવવાનું સાધન બનાવવું,
એ જ સાધનાનો ઉદ્દેશ છે અને તે વડે જ દેહ અને
આત્માના સંયોગમાંથી ચરમ મુક્તિ મેળવવાનો ઉપાય છે.
જ્ઞાન સત્ય અને અહિંસાથી બને છે.
જેટલે દરજ્જે તે વધે છે, તેટલે દરજ્જે
દુઃખ ઘટે છે અને સુખ વધે છે.

'મોક્ષ એ પરમ પુરુષાર્થ છે' એમ માને, તે હિંદુ છે.
હિંદુધર્મનું તત્ત્વ મોક્ષ છે. જેટલો વિશ્વાસ શરીરના
અસ્તિત્વ અને તેની ક્ષણિકતાને વિષે હિન્દુને છે,
તેટલો જ વિશ્વાસ પ્રત્યેક હિન્દુને
આત્માના અસ્તિત્વ અને તેના અમરત્વને વિષે છે.
દેહાધ્યાસથી જીવ સંસારની અનેક યોનિમાં આવ-જા
કરે છે, તેનો મોક્ષ છે અને તે જ એક મંગળ તત્ત્વ છે.
તેને વિષેની આસ્તિકતા, તે 'શ્રદ્ધા' છે.

- Satyanarayan Goenka, Vipashyana

પ્રકૃતિ એ પ્રભુનું હસ્તલિખિત પુસ્તક છે.
પ્રકૃતિ સાથે એકરસ થવાથી એક જાતની શાંતિ અનુભવાય.
પ્રકૃતિને સમજવી - એની રચનાને અનુભવવી, એ
પ્રભુને ઓળખવા સમાન છે.- Gurudayal mallik

संन्यस्तसर्वसंकल्पं योगारूढमनाश्रितम् ।
सच्चिदानन्दरूपं तं सद्गुरुं प्रणमाम्यहम् ॥१॥
तत्स्वरूपाहितं स्वान्तं तद्गुणग्रामरंजितं ।
बीजकल्पात्मनाऽऽत्मानं स्वस्मिन् तदुपलिप्स्ये ॥२॥

(परिशिष्ट-१०)

By the grace of God & Guru,
a failure, I shall turn into success.

## આધ્યાત્મિક એકાગ્રતા

નમ્રતા, સરળતા અને સ્નેહ - ત્રણે સાથે રહે છે.
એકાગ્રતાનો તાંતણો ઈશ્વર સાથે જોડાયેલો હોય, તો
શક્તિ વધે. કર્મશક્તિ ઈશ્વરાર્પણ થાય, તે આધ્યાત્મિકતા.

ચિત્તને શુદ્ધ કરતાં રહેવાથી બળ મળે.
ચિત્તમાં મેલ દેખાય કે સાબુ લગાડી સાફ કરતા રહેવું.

નિર્મલીકરણની ક્રિયા ચાલુ રહે, તો
આધ્યાત્મિક એકાગ્રતા આવે છે.

સામાન્ય સ્થિતિમાં ચિન્તન કરતાં વાણી અને
વાણી કરતાં કૃતિમાં શક્તિ વધારે છે.
સૂક્ષ્મ અવસ્થામાં કૃતિની શક્તિ સૌથી ઓછી છે, કૃતિ
કરતાં વાણી-વાણી કરતાં ચિંતનશક્તિ ઘણી વધારે છે.
ચિન્તનશૂન્ય થઈને - નિરહંકાર થઈને ધ્યાય તો ક્યાંય
પણ અહં દાખલ થઈ જાય તો એ ચિંતન ઊણું થાય છે.
એક ઉપાધિ વળગી પડે છે, તેથી કમજોર બની જાય છે.
સૂક્ષ્મ, શૂન્ય અને નિરહંકાર બનીને ચિન્તન કરવામાં
આવે, તો તેની શક્તિ અનેકગણી વધી જાય છે.
સ્થૂલક્રિયા જેટલી ઘટે, તેટલી સૂક્ષ્મક્રિયા વધે છે તથા
જેમ ક્રિયા ઘટે, તેમ કર્મ બળવાન બને છે.

'क्रियापरमे वीर्यवत्तरम् ।'

ક્રિયા દ્વારા કર્તાને જે અભિપ્રેત હોય, તે 'કર્મ' છે.
કર્મ એટલે ક્રિયાનું પરિણામ - ક્રિયાનું ફળ. - વિનોબા

૦ શાંતિ - આનંદનાં દ્વાર ખોલવાની ચાવી સંયમ છે.

સંયમ વડે તનાવથી મુક્ત થવાય છે, જ્યારે
દમન વડે તનાવમાં સપડાઈએ છીએ.

સંયમમાં ઉપશમ છે, દમનમાં ઉત્તાપ છે. સંયમમાં સ્વતંત્રતા છે, દમનમાં વિવશતા છે. સંયમમાં આશ્વાસન-સુરક્ષા છે, દમનમાં ભય - ત્રાસ - પીડા - નાશ રહેલાં છે. સંયમ સ્વૈચ્છિક છે, દમન બળજબરીથી લદાયેલું હોય છે. મન પોતે જ વિષયોથી હટે, તે સંયમ છે અને મન વિષયોથી હટે નહીં અને ઇંદ્રિયોને તેમાંથી હટાવે તે દમન છે, મિથ્યાચાર છે. આત્મા દ્વારા આત્મામાં

આત્મા વડે આત્માને જોવો, તે સંયમ છે.

પોતાના ઉપર પોતાનું જ અનુશાસન, તે સંયમ છે.

કરણીય - અકરણીયનો વિવેક, તે સંયમ છે.

વાસનાના સંસ્કારથી ચિત્તને અલિપ્ત બનાવવું, તે સંયમ.

પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ તે દમન અને
પ્રવૃત્તિમાંથી વૃત્તિ હટી જવી તે સંયમન છે.

સંયમ એટલે યતના, ઉપયોગ, અપ્રમાદ. પોતાના પર પોતાના દ્વારા જ પોતાનું અનુશાસન, તે સંયમ છે. જીવન સંયમથી જીવાય છે, નહિ કે અન્ન, જળ, હવા અને માત્ર પ્રકાશથી. ખાધાપીધા વિના મહિનાઓ સુધી જીવી શકશો પણ ખાવાપીવામાં અસંયમીને જીવવું અશક્ય છે.

આ જગતમાં અન્ન વિના મરનારા કરતાં
વધુ ખાઈને મરનારાની સંખ્યા અધિક છે.

દયા, કરૂણા, દાન, તપ, જપ, સ્વાધ્યાય, ધ્યાન - એ બધાના મૂળમાં સંયમ-વિવેક હોય, તો જ તેનું મહત્ત્વ છે.

તીરને આવવાનો માર્ગ બંધ ન થાય અને તીર મારનારનો પત્તો મેળવાય નહિ, તો ફરી તીર આવવાનું ઊભું રહેશે.

કરૂણા અને દયા તીર ખેંચીને અટકે છે,
સંયમ હંમેશા માટે તીરને આવવાનો માર્ગ રોકે છે.

ધર્મનો પ્રચાર માત્ર ઉલ્લાસ વધારનાર છે, ધર્મપાલન શ્રેય કરનાર છે. એકમાં ઉલ્લાસ - બીજામાં ઉપકાર છે. દાન આપવાનું કામ સરળ છે, તેટલું સંયમ કેળવવાનું કામ સરળ નથી. સંયમના આધાર પર જ દયા, દાન, કરૂણા, જપ, ઉપવાસ અને અન્ય ક્રિયાઓનું મૂલ્ય છે. પૂર્વ પાસે વિજ્ઞાન નથી તો પશ્ચિમ પાસે ધર્મ નથી.

દૃષ્ટિમાં વિરાગ અને જીવનમાં સંયમ - આમ
બે મળીને જ જીવનમાં સુખ અને શાંતિ શક્ય બનશે.

o 'जिनोक्तमिति सद्भक्त्या ।'

એની ટીકામાં દ્રવ્યપ્રત્યાખ્યાનમાં ચાર દોષ બતાવ્યા છે:
અપેક્ષા, અવિધિ, અપરિણામ અને વીર્યાભાવ.
આ ચારથી વિપરીત - નિરપેક્ષ - વિધિયુક્ત,
પરિણતિયુક્ત અને વીર્યયુક્ત ભાવપ્રત્યાખ્યાન છે.

o जिनोक्तमिति सद्भक्तिर्हि द्रव्यप्रत्याख्यानहेतूनां -
अपेक्षादिभावानां विरुद्धा, अतो यत्र सा नाम
जिनोक्तमिति सद्भक्तिः स्यात् तत्र अपेक्षादिभावानां
निवृत्तेः भावप्रत्याख्यानं संभवेत् । અર્થાત્:

જિનાજ્ઞાના પાલનનો અધ્યવસાય નિરાશંસભાવની સાથે
વિધિ - પરિણતિ અને વીર્યોલ્લાસને ઉત્પન્ન કરે છે.
કૃતત્વની પ્રતિપક્ષ - કર્તૃત્વાભિમાનને છેદનારી તથા
વિધિ અને વીર્યોલ્લાસને પોષનારી એકદમ વિશુદ્ધ છે.
'જિન કથિત છે, માટે કર્તવ્ય છે' આ ભાવથી કરાતું
અનુષ્ઠાન વિધિ અને વીર્યોલ્લાસને પુષ્ટ બનાવે છે,
પરિણતિ અને નિષ્કામતાને પુષ્ટ કરે છે.
ભાવથી કરાતું અનુષ્ઠાન - આ સદનુષ્ઠાન બને છે.

પ્રત્યાખ્યાનભાષ્ય એ પ્રત્યાખ્યાનનું કારણ બને છે અને
અનુષ્ઠાન એ સદનુષ્ઠાનનું કારણ બને છે.
સર્વ તીર્થંકરો મોક્ષમાર્ગને પ્રરૂપનારા અને મોક્ષમાર્ગને
આચરીને જ મોક્ષે જનારા હોવાથી તેમની આજ્ઞાને
સુસ્થિત, સુનિશ્ચિત, અનાદિ અને અનંત કહી છે.
તે આજ્ઞા બે પ્રકારની છે: ભાવરૂપ તથા દ્રવ્યરૂપ.
ભાવરૂપી આજ્ઞા સુસ્થિત મહારાજ,
જે નિર્વૃતિનગરમાં બિરાજમાન છે, તેમની છે અને
દ્રવ્યરૂપ આજ્ઞા તીર્થંકર ભગવંતોની છે.

<u>નયોપદેશ - શ્લોક ૪, ટીકામાં કહ્યું છે કે:</u>

અન્યનયનો પ્રતિષેધ કરનાર નયને દુર્નય કેમ ન કહેવો?

यदीतरनयार्थ - प्रतिषेधो द्वेषप्रयुक्तः तदा दुर्नयत्वमेव,
यदि चोक्तभावना-दार्ढ्यानुकूलस्वविषयोत्कर्षाधानाय
तदा सुनयत्वमेव।

0 इतरांशौदासीन्यस्यैव सुनयलक्षणत्वात्।

0 दृश्यन्ते च ते नयाः स्वसमये परसमये च
स्वेतरनयार्थबाधनेनैव प्रगल्भमानाः। (પરિશિષ્ટ-૧૧)

આ શંકાનું સમાધાન ઉપરની પંક્તિઓમાં આપેલું છે.

- <u>અમરેન્દ્રવિજય</u>

ૐ = મંત્ર - વર્ણાત્મકં ।

અર્હં = યંત્ર - આકૃત્યાત્મકં ।

નમઃ = તંત્ર - પૂજાર્થં ।

શ્રુતિ = અલૌકિક, નામ = સૌભાગ્ય - બંને મુક્ત્યર્થં.

દ્રવ્ય = આરોગ્ય, ભાવ = આયુષ્ય - બંને મુક્ત્યર્થં

ચતુર્વિધા મુક્તિશ્ચતુઃ નિક્ષેપદ્વારા ।

અર્હં - નવપદાત્મકં, નમો - પૂજાર્થં.

પૂજા દ્રવ્યભાવસંકોચ રૂપા ।

દ્રવ્યસંકોચઃ નામ્નાસ્થાપનયા ચ ।

ભાવસંકોચઃ દ્રવ્ય ભાવૈઃ સાધ્યઃ ।

'અર્હં' એ ત્રિભુવનપૂજ્ય છે, કેમકે ત્રિભુવનહિતૈષી છે. હિતૈષિતા એ વિશિષ્ટ પૂજા છે. હિતૈષિતાના લક્ષ્ય વડે પરમાત્માની પૂજા કરનારા ત્રણે ભુવનના પૂજ્ય બને છે.

૦ પરમરહસ્સમિસીણં સમત્તગણિપિડગઝરિઅસારાણં ।

પરિણામિઅં પમાણં નિચ્છયમવલંબમાણાણં ॥

: ઋદ્ધિ :

સમગ્ર ગુહ્યરૂપ ગણિપિટક - દ્વાદશાંગપેટીનો સાર એટલે પ્રાધાન્ય - પ્રધાનરહસ્ય નિશ્ચયનયનું અવલંબન લેવું ઋદ્ધિ શુદ્ધ નય પરિણામન છે.

'જો એગં જાણઇ સે સવ્વં જાણઇ |
જો સવ્વં જાણઇ સે એગં જાણઇ |'

સદુક્તિ: જે એકને જાણે છે, તે સર્વને જાણે છે.
જે સર્વને જાણે છે, તે એકને જાણે છે.

શુદ્ધ વ્યવહાર તે ગુરુકુળવાસ, તે દ્વારા
નિશ્ચયમાં નિર્વિકલ્પપણું પ્રાપ્ત કરવું, તે સાર છે.

આ નમસ્કાર મહામંત્રમાં...

(૧) મંત્ર રૂપ ૬૮ અક્ષર છે.
વર્ણો વડે પરમેષ્ઠિઓનું ધ્વનિ છે.
(૨) વાચ્યાર્થ રૂપ પંચ પરમેષ્ઠિ ભગવંતો છે.
ધ્વનિ વડે નિજાત્માનું શુદ્ધ નયમાં પરિણમન છે.
(૩) લક્ષ્યાર્થ રૂપ નિજ શુદ્ધાત્મા છે.
પરિણમન વડે પાપપ્રણાશ અને સર્વોત્કૃષ્ટ છે.
(૪) વ્યંગ્યાર્થ રૂપ સંવર અને વિપુલ નિર્જરા છે.
સર્વ પાપપ્રણાશ તથા સર્વોત્કૃષ્ટ મંગળનો લાભ છે.
મંગળનું આવાગમન છે, ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ છે.
નિજ શુદ્ધ સ્વરૂપનો લાભ એ સર્વોત્કૃષ્ટ ભાવમંગળ છે.

o

I turn within the centre of my being, here is perfect bliss - peace.

## નવકાર એ ચૌદ પૂર્વનો સાર છે.

ભક્તિ નિશ્ચયનયમાં નિશ્ચલપણું પામવાનો ઉપાય છે. નિશ્ચયનય એટલે શુદ્ધનય. શુદ્ધનય, તેનો વિષય શુદ્ધ આત્મા. આત્માને વિષે નિશ્ચય અને એ નિશ્ચય વડે પ્રાપ્ત થતું નિશ્ચલપણું એ સમગ્ર દ્વાદશાંગીનો સાર છે. નવકાર એટલે પરમેષ્ઠિભગવંતો પ્રત્યે બહુમાનવાળો આત્મા, આત્માનો પરમેષ્ઠિ બહુમાનવાળો પરિણામ. બહુમાન વડે કથંચિત્ અભેદભાવને પામેલો નિજાત્મા. પરમેષ્ઠિથી કથંચિત્ અભિન્ન બનેલો આત્મા એજ ચૌદ પૂર્વનો સાર છે. ચૌદ પૂર્વ ત્રણ લોકનો સાર છે.

ત્રણ લોકમાં સારભૂત વસ્તુ દ્વાદશાંગી છે અને
દ્વાદશાંગીનો સાર નિજ શુદ્ધ આત્મા છે.

ત્રણ જગતમાં આત્મા અધિક છે. આત્મા છે તો ત્રણ જગતનું રાજ છે. તે રાજનો સ્વામી આત્મા એ ત્રણ જગતનો સ્વામી છે. નવકાર મંત્ર રૂપે અડસઠ અક્ષરી છે, વાચ્ય અર્થ રૂપે પંચ પરમેષ્ઠિ છે, લક્ષ્ય અર્થ રૂપે નિજ આત્મા છે અને ઐદંપર્યાર્થ રૂપે કર્મક્ષય અને નિર્જરા છે, સર્વ પાપપ્રણાશ અને સર્વોત્કૃષ્ટ મંગળનો લાભ છે. નવકારમાં વર્ણો છે, એ વર્ણો વડે પરમેષ્ઠિઓનું વર્ણન છે.

એ પરિષ્ઠાપન વડે પાપપ્રણાશ અને મંગળનું આગમન છે.

ધર્મ એ મંગળ છે અને

નિજ સ્વભાવનો ભાન એ પરમ મંગળ છે.

નમસ્કાર ધર્મના ૪ પ્રકાર

(૧) અહિંસા ધર્મ: પોતાથી થયેલ ભૂલની ક્ષમા માંગવી અને બીજાની ભૂલની ક્ષમા આપવી, એ નમસ્કાર ધર્મ.

(૨) સંયમ ધર્મ: વિષયો પ્રત્યે નમનશીલતાનો ત્યાગ કરી, પરમેષ્ઠિઓ પ્રત્યે તેને કેળવવી, એ નમસ્કાર ધર્મ.

(3) તપ ધર્મ: બાહ્ય પદાર્થો પ્રત્યે તૃષ્ણાવાળા ન બનીને આત્મતૃપ્ત રહેવાનો અભ્યાસ કરવો, એ નમસ્કાર ધર્મ.

(૪) ભાવ ધર્મ: જાતિ-કુળ-રૂપ-બળ-લાભ-બુદ્ધિ-યશ-વૈભવાદિ ઔદયિક ભાવો પ્રત્યે નમ્રભાવ - અણીભાવ - પ્રહ્વીભાવ છે, તે ધર્મરૂપ નથી.

ક્ષાયિક - ઔપશમિકાદિ ભાવો પ્રત્યે નમ્રભાવ, એ ધર્મ છે.

'અપ્પાણં વોસિરામિ।'

એ પદથી કષાયાત્માનો ત્યાગ થાય છે.

આત્માનમતીતકાલસાવદ્યકારિણમિત્યર્થઃ । અર્થાત્:

'ભૂતકાળમાં પાપ કરનાર આત્માને' એવો અર્થ છે.

કષાયયુક્તતા એ જ સાચું સાવદ્ય છે.

'વિશ્વાત્મા એ જ સ્વાત્મા છે'
એનો સ્વાનુભવ કરવો તે સર્વ ઉપદેશોનો સાર છે.
જ્યાં કામ ત્યાં નહિ રામ, જ્યાં રામ ત્યાં નહિ કામ.
જો આત્મારૂપી મહારાજાને મળવું હોય,
તો કામના, વાસના અને ઇચ્છારૂપી જુનાં - પુરાણાં,
ફાટેલાં - તૂટેલાં ચીથરાંઓને ઉતારી મૂકો.
રાજાને ત્યાં રાજા જ પરોણા હોય.
આશ્ચર્ય એ છે કે જ્યારે કામનાઓને છોડવામાં આવે,
ત્યારે તે પોતાની મેળે જ પૂરી થવા માંડે છે.
લોઢું અગ્નિમાં પડે એટલે અગ્નિનો ગુણ તેમાં આવી જાય,
એમ જ મન ચૈતન્યમાં થોડો કાળ પણ અભેદપણે
રહે તો તેમાં ચેતનની અચિન્ત્ય શક્તિ આવી જાય છે.
અહંતામાં બેસી વૃત્તિઓને ખેંચી લઈ
તેજપુંજ - આત્મામાં અભેદ ભાવ્યા કરો
એટલે યશ-કીર્તિ ઊંચાઈને આંગણે નૃત્ય કરવા માંડશે.
ઇચ્છાઓનું ફળ મળશે પણ તેનું મૂલ્ય ચૂકવવું પડશે.
તેનું મૂલ્ય શું ? ઉદાસીનતા, ઇચ્છાઓનો પરિત્યાગ,
પ્રભુની ઇચ્છામાં જ પોતાની ઇચ્છા ભેળવવી, તે જ
આત્મસંયમ, આત્મત્યાગ, આત્મસમર્પણ, આત્મનિવેદન છે.

જ્યારે ઇચ્છા વિનાના થશો,

ત્યારે જ પ્રભુ તરફથી સન્માન પામશો.

જ્યાં સુધી ઇચ્છાઓ છે, ત્યાં સુધી ભિખારીપણું કાયમ છે.

સત્દેના હિમાયતી બનવાને બદલે

સત્યસ્વરૂપ બનવા ઇચ્છે, તે ઈશ્વરનો પણ ઈશ્વર છે.

આપણા આત્માને ખીલવવા માટે દુઃખ જરૂરનું છે.

ધ્યાનપરાયણ થવું એટલે ઇચ્છારહિત થવું.

તમારી પરમ સત્તા અનુભવો.

નામરૂપને વળગી રહેવા કરતાં ઈશ્વરસ્વરૂપમાં લીન
થાઓ. અહંકારનો નાશ કરનાર ઈશ્વરસ્વરૂપ જ છે.

વાંસળીની માફક નખ-શિખ ઇચ્છાના નાશરૂપ
અહિતિ પોલાં થાઓ, તો અંદરથી મધુર સ્વર નીકળશે.

શાસ્ત્રો શીખવા કરતાં તે પ્રમાણે વર્તન કરવું ઈષ્ટ છે.

'મારા બાપનો કૂવો છે' એમ કહેવાથી તૃષા છીપતી નથી
પણ તેનું પાણી પીવાથી તૃષા છીપે છે.

વિષયો જેને ડોલાવી ન શકે, તે દુનિયાને ડોલાવે છે.

જે વડે મન અને બુદ્ધિ પોતાના અનિર્વચનીય
મૂળસ્થાન પરબ્રહ્મ તરફ વળીને તેમાં મળી જાય છે,
તે જ અતિ ગહન વ્યાપારને 'ધર્મ' કહેવાય છે.

## સદ્‌વિચારોની હીરક કણીઓ

0 જ્યાં શબ્દ પણ પહોંચતો નથી, ત્યાં પરબ્રહ્મ સ્વરૂપનો સાક્ષાત્કાર કરવો, તે ખરો ધર્મ છે.

0 સત્યની પરીક્ષા સ્વાનુભવથી જ કરવી જોઈએ. સત્યને સંરક્ષણ કે સંરક્ષકની જરૂર નથી.

0 એક મનના માણસો જેમ વધારે એકત્રિત થાય, તેમ એકતાનો પ્રભાવ વધે. એ સત્સંગનો મહિમા છે.

0 ખરાબની નિંદા છોડી સારાની પ્રશંસા કરો. સ્વાનુભવ કરતાં વધારે યોગ્ય બીજો કોઈ ગુરુ નથી.

0 ભક્તિ કેવળ દીનવૃત્તિમાં નથી પણ અનિર્વચનીય સમાનતા અને તીવ્ર વૈરાગ્યમાં રહેલી છે.

0 નિઃસ્વાર્થ કર્મ ઈશ્વરને દેહધારી બનાવે છે.

0 પ્રેમ સત્યને જાણે છે, કેમકે તે સત્યનો પ્રિય છે.

0 દેહ - મનને માલિક ગણીને તે મુજબ વર્તવું જોઈએ.

0 તમે તમારી પોતાની જે ચિંતા કરશો, તેના કરતાં અધિક ચિંતા કોઈ કરી શકશે નહિ. પોતાને ચાહતાં અને પોતાની ચિંતા કરતા શીખો.

0 'તમારા આત્માથી જગત વધારે મહત્ત્વનું છે' એવો ખ્યાલ આવવા દેશો નહિ.

o વિચાર એ નસીબનું જ બીજું નામ છે.

o જેવી જેની મતિ, તેવી તેની ગતિ થાય છે.

o દેહાભિમાન એ નરકનો સૌથી નજીકનો રસ્તો છે.

o વિશ્વ-ઈશ્વરતત્ત્વ-શુદ્ધ આત્મતત્ત્વ સાથે ઓતપ્રોત મળી જવું - એ પરમ ગુહ્યતત્ત્વ છે, પરમોચ્ચ સ્થિતિ છે. જે પોતાના સ્વરૂપને જાણે, તે સર્વસ્વને જાણે છે.

o ધર્મ કરવાનો હેતુ અશુભથી છૂટવું છે, તે માટે બહારની શુભ વૃત્તિ કરવી, અંતરની શુદ્ધ વૃત્તિ કરવી અને આત્માની પરમ શુદ્ધ વૃત્તિ કરવી તે છે.

o લબ્ધિની પ્રાપ્તિમાં યોગની જરૂર છે,
આત્માની પ્રાપ્તિમાં ઉપયોગની જરૂર છે.

o પ્રત્યાખ્યાનની ક્રિયામાં સમ્યક્ત્વ કે ઉપશમ નથી.

o મનની વૃત્તિ તે ઉપશમ છે, તે આત્મા નથી પણ આત્મામાં પ્રવેશ કરવાનો માત્ર માર્ગ છે.

આત્મધ્યાન વિના વૃત્તિનો ક્ષય ન થાય. આત્મઉપયોગમાં સ્થિરતા તે ધર્મ છે. આત્મપ્રાપ્તિ ઉપયોગથી થાય છે.

આત્મપ્રાપ્તિ જગમાં નહિ પણ મનમાં છે,
જગથી ગુપ્ત રહાય પણ અંતરથી કાંઈ ગુપ્ત રહેતું નથી.
આત્માશ્રયી ક્રિયા શુભ છે, પુદ્ગલાશ્રયી ક્રિયા અશુભ છે.

0 જ્ઞાન પ્રધાન, પછી જાપ.

જાપ સ્વાધીન છે, જ્ઞાન પરાધીન છે. જાપ કરતાં ધ્યાન અને ધ્યાન કરતાં જ્ઞાનમાં વિશેષ લાભ છે. જ્ઞાન અહર્નિશ અભેદસ્વરૂપમાં સ્થિરતાથી જે લાભ થાય છે, તે લાભ ક્રોડો વર્ષોના ઉગ્ર તપ-જપથી પણ થતો નથી.

ધર્મનો ઉદ્દેશ મનુષ્યને સ્વર્ગમાં પહોંચાડવાનો જ નહિ, પરન્તુ અંતઃકરણમાં જ સ્વર્ગ ઊભા કરવાનો છે.

0 જે સંશયરહિત થઈને પોતાની જાતને પૂર્ણ-શુદ્ધ સચ્ચિદાનંદાનંદ સ્વરૂપ જાણી અને સર્વમાં શુદ્ધ સ્વરૂપને દેખે છે, તેના લાભમાં જ નિર્ભયતાનું સામ્રાજ્ય રહેલું છે.

0 'વ્યવહારજ્ઞાન' માત્ર સત્તા આપે છે,
'આત્મજ્ઞાન' આનંદ આપે છે.

ગુરૂ પાસેથી પહેલાં આત્માને ઓળખવો અને પછી સર્વમાં આત્મભાવ થાય, તે તેની પૂર્ણાહુતિ છે.

નિર્વિકલ્પ સ્થિતિ તે આત્માનું લક્ષણ છે.

જ્ઞાન એ ગુરૂસ્થાને છે, તેમાંથી શીખવાનું ઘણું છે.

0 આત્મજીવનને પુષ્ટ કરનારી ઇચ્છાઓ સત્ છે, પૌદ્ગલિક ભાવને પોષનારી સર્વ ઇચ્છાઓ અસત્ છે.

કોઈ વસ્તુના નાશથી મુક્તિ નથી પણ સત્નો

વિચાર કરવાથી અજ્ઞાન દૂર થાય, એ જ મુક્તિ છે.

0 કેળવણીની કિંમત ડીગ્રીઓથી નહિ, હૃદયના વિકાસથી છે.

0 બધાંને દિવ્યરૂપ માનો, તો દિવ્યદૃષ્ટિ ઉઘડશે.

આત્મતત્ત્વ જાણનારને મૃત્યુ એ તો માત્ર વેષપલટા જેવું છે, તેથી તેને મરણ વખતે ખેદ થતો નથી.

0 પ્રણવ મંત્ર અર્થાત્ ૐકારનો દીર્ઘ ઉચ્ચાર કરો.

0 નાના - મોટાની બુદ્ધિ થવાથી જ વિક્ષેપ થાય છે, તે વિક્ષેપને આત્મએકતા અને સમાનતારૂપી અગ્નિથી બાળી દરેકમાં ઈશ્વરીભાવ રાખો. વિષમતા દૂર કરો, સમાનતા લાવવાથી પ્રસન્નતા પમાય છે. એકલા ત્યાગથી કલ્યાણ નથી, સાથે તીવ્ર શુદ્ધ આત્મયોગ - સ્વરૂપાનુસંધાન પણ રાખો.

0 આકૃતિ ગૌણ કરી પ્રકૃતિ તરફ નજર રાખો.

'આકૃતિ' એટલે પર્યાય અને 'પ્રકૃતિ' તે દ્રવ્ય.

0 બાહ્યજગત દુઃખરૂપ નથી પણ મનની અંદરના સંકલ્પો - વિકલ્પ જ દુઃખરૂપ છે, માટે તેનો નાશ કરો. પાપ - પુણ્ય એ મનની સ્થિતિ સાથે સંબંધ રાખે છે, મનને ઉન્નત તથા પવિત્ર કરવાનો પ્રયત્ન ચાલુ રાખો. સારો ઉદ્દેશ કાળાંતરે સ્વભાવરૂપ થઈ શાંતિ આપે છે. તંદુરસ્તી = શરીરસ્વાસ્થ્ય, વિશ્વપ્રેમ = આત્મસ્વાસ્થ્ય.

## કાયોત્સર્ગની ક્રિયા શરત...

પાપને પાછા ફરવાની ક્રિયા, ઉત્તરીકરણની ક્રિયા,
પ્રાયશ્ચિતકરણની, વિશોધિકરણની, વિશલ્યીકરણની તથા
પાપકર્મોની નિર્ઘાતના કરણની ક્રિયા છે.
કાયોત્સર્ગ = દેહ સાથે અભેદ : ઔદયિક ભાવ.
માયા - નિદાન - મિથ્યાત્વશલ્યને દૂર કરી
મન - વચન - કાયાનું મૌન ધારણ કરી આત્મસ્થ બનવું.
ત્રિગુપ્તિ સાધવા અર્થે વિચારોનું પણ અનશન કરવું.

## નામ - સ્થાપના - દ્રવ્ય - ભાવ

નામે તો જગમાં રહ્યો, સ્થાપના પણ તિમહી;
દ્રવ્યે ભવમાંહે વસે પણ ન કળે કીમહી. ...(૧)
ભાવપણે સવિ એકરૂપ, ત્રિભુવન મેં ત્રિકાળે;
તે પારગને વંદીએ, ત્રિહું યોગે સ્વભાવે. ...(૨)

## ભવિયા વંદો કેવળજ્ઞાન

અનામીના નામનો રે, કિશ્યો વિશેષ કહાય;
એ તો મધ્યમા - વૈખરી રે, વચન ઉલ્લેખ ઠરાય રે;
ધ્યાન ટાણે પ્રભુ તું હોવે રે, અલખ અગોચર રૂપ;
પરા - પશ્યંતી પામીને રે, કાંઈ પ્રમાણે મુનિભૂપ રે.
ભવિયા વંદો કેવળજ્ઞાન.

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૮૪)**
વૈરાગ્ય, તત્ત્વજ્ઞાન, વૈરાદિ ગ્રંથીરહિતતા, ચિત્તવશતા અને જિતપરિષહ - આ પાંચ ધ્યાનના કારણો છે અર્થાત્ આ પાંચ હોય, તો ધ્યાન થાય.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૯૬)**
ઘણું ખાય તે મહાપાપી. ૦ આત્મા વડે આત્માનો ઉદ્ધાર કરવો, આત્માને નુકશાન ન કરવું. ૦ તમોગુણી (નરકમાં) નીચે જાય છે, રજોગુણી મધ્યમાં રહે છે તથા સત્ત્વગુણી (જીવો) ઉર્ધ્વલોકમાં જાય છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૧૬૮)**
કલ્યાણરૂપી વૃક્ષોથી ભરેલ બાગ સમાન, શ્રુતગંગાના ઉદ્‌ગમસ્થાન હિમાલય સમાન, વિશ્વરૂપી કમળને વિકસ્વરકર્તા સૂર્ય સમાન જ્ઞાતનંદન મહાવીરસ્વામીને વંદન કરૂં છું.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૧૭૧)**
પોતાના આત્માને, સ્વાત્મામાં, પોતાના વડે, પોતાના માટે, પોતાનાથી ધ્યાન કરે, ત્યારે છ કારકમય આત્મા પોતે જ થાય છે, માટે નિશ્ચે આત્મા જ ધ્યાન છે. ૦ આત્માને એકાગ્રતાથી જોતો અર્થાત્ આત્માનું ધ્યાન કરતો જીવ પૂર્વે ભેગા કરેલા પાપો ખપાવીને મમત્વભાવ દૂર કરવાથી ભાવિના પાપોનો સંવર કરે (અટકાવે) છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૧૭૨)**
જે કાંઈ સચરાચર જગત મન વડે દેખાય છે, તે જો મનનો અ-મનભાવ થાય અર્થાત્ તેમાંથી મન ખસી જાય, તો જૂદું ન દેખાય. ૦ જે મન વડે જણાતા નથી, જે મનથી માનેલા કહેવાતા નથી, તે જ તું બ્રહ્મ જાણ. જેની તું ઉપાસના કરે છે, તે આ (બ્રહ્મ) નથી અર્થાત્ બ્રહ્મ કે પરમાત્મા નિરંજન - નિરાકાર છે. - કેનોપનિષત્

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૧૭૫)**
સર્વ જીવોને આત્મા સમાન સમ્યગ્ રીતે જોતો મુનિ પાપકર્મના આશ્રવોને રોકી દેવાથી પાપકર્મ બાંધતો નથી.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૧૭૮)**

આર્ત-રૌદ્રધ્યાન અને સાવદ્ય કર્મનો ત્યાગ કરનાર વ્યક્તિની એક મુહૂર્ત સુધીની જે સમતા, તે 'સામાયિક વ્રત' કહેવાય છે.

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૧૯૨)**

અરિહંત ભગવાન મંગલ છે, કેવલી ભગવાન મંગલ છે, પ્રથમ આચાર્ય મંગલ છે, ઋષભદેવ ભગવાન મંગલ છે.

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૯૨)**

પૂજા-ધ્યાન-સ્તવન અને વ્રતપાલન વડે તેમના સેવકોએ તેમની જ આજ્ઞા પાળવી જોઈએ. ૦ આઠ કરોડ, આઠ લાખ, આઠ હજાર, આઠસો, આઠ વાર ભક્તિપૂર્વક જે આ નવકારમંત્ર ગણે છે, તે મોક્ષ મેળવે છે.

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૯૯)**

સર્વ સંકલ્પરહિત, યોગસાધક, રાગાદિથી અનાશ્રિત, સચ્ચિદાનંદસ્વરૂપી તે સદ્ગુરૂને પ્રણામ કરૂં છું.(૧) ૦ તેના ગુણોથી રાગી થયેલ અને તેના સ્વરૂપને પ્રાપ્ત કરનારા પોતાના આત્મા વડે આત્માના રૂપની સિદ્ધિ માટે આત્માને પોતાનામાં જોડે છે.

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૨૦૪)**

જો બીજા નયના અર્થનો દ્વેષ બુદ્ધિથી નિષેધ કરે, તો દુર્નય જ કહેવાય. જો બીજા દર્શનોએ માનેલી એકત્વાદિ ભાવનાની દ્રઢતાને અનુકૂળ પોતાના વિષયની વ્યવસ્થા કરવા માટે જો બીજાએ માનેલા અર્થનું ખંડન કરે, તો સુનય જ છે અર્થાત્ દ્વેષબુદ્ધિથી નહી પણ વિષયવ્યવસ્થા માટે ખંડન કરે, તો સુનય.

- નયોપદેશ, શ્લોક ૪, ટીકા




ઉપર દર્શાવેલ ૨ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૧ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

# શ્રી નમસ્કાર મહામંત્રની વર્ણમાતૃકા

| | | |
|---|---|---|
| પઢમં હવઈ મંગલમ્ ૯ | નમો સિદ્ધાણં ૫ | એસો પંચ નમુક્કારો ૮ |
| ૯ નમો લોએ સવ્વસાહૂણં | ૭ નમો અરિહંતાણં | ૭ નમો આયરિયાણં |
| મંગલાણં ચ સવ્વેસિં ૮ | ૭ નમો ઉવજ્ઝાયાણં | ૮ સવ્વ પાવપ્પણાસણો |

આ મહામંત્રના નવે પદના ૬૮ અક્ષરોમાં
પદ પ્રમાણે સમાયોજનાપૂર્વક
નવપદજીની અક્ષરમાતૃકાને નમન કરશું.

પં. ભદ્રંકર વિજય

www.fiestadesigns.in